



સંતુલિત
પ્રગતિના
સોપાન






સંતુલિત
પ્રગતિના
સોપાન




**પ્રકાશક**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**પ્રોસેસિંગ અને મુદ્રણ**
સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ

**ડિઝાઈન અને લેઆઉટ**
ક્રેઓન ક્રિએટીવ એન્ડ મીડિયા એજન્સી, ગાંધીનગર

**વર્ષ**
૨૦૨૫-૨૬

https://gujaratinformation.gujarat.gov.in/Publication/25



આ પુસ્તિકામાં છાપવામાં આવેલી યોજનાઓના અર્થઘટન જે-તે વિભાગના ઠરાવ મુજબ કરવાના રહેશે.
આ પુસ્તિકા નિઃશુલ્ક છે, જેની વેચાણ કિંમત આપી ખરીદ કરવું નહીં. તેનું વેચાણ કરવું ગુનાપાત્ર ગણાશે.

ગુજરાત સરકાર

# સંદેશ



ગુજરાત સરકારે **'આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત'**, **'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'**ના નિર્માણ માટે રાજ્યના પ્રત્યેક જિલ્લામાં વિકાસ કાર્યો વેગવાન બનાવ્યાં છે. વ્યક્તિ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણની વિચારધારાને વરેલી સરકાર વંચિતો, શોષિતો, ગરીબ તેમજ છેવાડાના માનવીઓના કલ્યાણાર્થે સંવેદનશીલતા સાથે કાર્યરત છે. અનુસૂચિત જાતિના સર્વાંગી વિકાસ માટેના નિર્ણય તેમજ યોજનાઓના સુચારુ અમલ થકી રાજ્યમાં યુવાનો ડૉક્ટર, એન્જિનિયર, પાયલોટ બનવાના સપનાં સાકાર કરી રહ્યા છે. વંચિત સમુદાયને સ્પર્શતી કેળવણી વિષયક, આર્થિક, સામાજિક ક્ષેત્રની અનેક યોજનાઓ અમલમાં છે. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ સહાય તથા વૈવિધ્યપૂર્ણ સુવિધાઓ જેવી કે- ગણવેશ, છાત્રાલયો, વિદેશ અભ્યાસ માટેની લોન વગેરે યોજનાઓ કાર્યરત છે. બહેનો માટે સાઇકલ સહાય, કુંવરબાઈનું મામેરું તેમજ સાત-ફેરા સમૂહલગ્ન જેવી યોજનાઓના અમલીકરણ થકી સરકાર બહેનોના વ્યક્તિગત વિકાસમાં સહભાગી બની છે.

સરકારી યોજનાઓની પશ્ચાદભૂમાં જરૂરિયાતમંદ લોકોને યોગ્ય સાધન-સહાય અને આર્થિક-સામાજિક આધાર આપવાનો છે. પાત્રતા ધરાવતા તમામ લાભાર્થીઓ સુધી આ યોજનાઓ પહોંચાડવી આવશ્યક છે. ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિની સામાજિક, આર્થિક, શૈક્ષણિક, આરોગ્યલક્ષી સુવિધાઓ યોગ્ય લાભાર્થીઓ સુધી પહોંચે અને તેઓ તેનો બહોળા પ્રમાણમાં લાભ લેતા થાય એ મહત્ત્વનું છે. માહિતી નિયામકશ્રીની કચેરી દ્વારા અનુસૂચિત જાતિને લગતી તમામ યોજનાઓનું સંકલન કરીને **'સંતુલિત પ્રગતિના સોપાન'** પુસ્તિકા પ્રકાશિત કરવાનો પ્રયાસ આવકાર્ય છે. પુસ્તિકાની સફળતા માટે શુભેચ્છા સહ અભિનંદન પાઠવું છું.

**આપનો,**

**ભૂપેન્દ્ર પટેલ**

મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય



# સંદેશ

મહાત્મા ગાંધીની 'સર્વોદય'ની વિચારધારા મુજબ તો સમાજનો છેવાડાનો માનવી જ્યારે એમ કહે કે હવે હું સુખી છું ત્યારે સર્વોદય થયો કહેવાય અને ત્યારે જ અંત્યોદય થયો કહેવાય. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની 'સર્વોદય'ની ઝંખના ગુજરાતમાં પૂરી થાય છે. ગુજરાતે અનુસૂચિત જાતિના પરિવારો માટે શું કર્યું? એમ પૂછવામાં આવે ત્યારે સંખ્યાબંધ યોજનાઓ અને ઘણી બધી કલ્યાણગાથાઓ નજર સામે જોઈ શકાય. ગુજરાતે દેશ સમક્ષ વિકાસનું અનોખું મોડલ પૂરું પાડયું છે.

બદલાતા યુગમાં સામાજિક અને આર્થિક પ્રગતિના પ્રવાહમાં સંમિલિત કરવા નવા મૌલિક અભિગમ અનુસૂચિત જાતિના સર્વાંગી ઉત્કર્ષ માટે અપનાવવાની જરૂર છે. અનુસૂચિત જાતિના લોકોનું સમાજના વિકાસમાં યોગદાન સતત વધતું રહે તે માટે વિવિધ યોજના અમલી છે. જેના થકી ડૉ. બાબાસાહેબ આંબેડકરના સપના સાકાર થઈ રહ્યા છે.

વંચિત સમાજના સર્વસમાવેશક વિકાસ વડે રાજ્યની પ્રગતિને બમણી ગતિ મળે છે. કલ્યાણકારી યોજનાઓની મદદથી શૈક્ષણિક, આર્થિક, સામાજિક, આરોગ્યલક્ષી અને આવાસકીય તમામ સુવિધાઓ તેની જરૂરિયાત ધરાવતા લોકો સુધી પહોંચે તે માટે કરવામાં આવતા તમામ પ્રયાસોને આવકારું છું. આ **'સંતુલિત પ્રગતિના સોપાન'** પુસ્તિકા તેના મુળ ઉદ્દેશ્યને પામી, સફળ અને સાર્થક બની રહે તેવી શુભેચ્છા સહ...

**કે. એલ. બચાણી,** આઈ. એ. એસ.
માહિતી નિયામક

# અનુક્રમણિકા


**સંતુલિત પ્રગતિના સોપાન** 13

**શૈક્ષણિક ઉત્કર્ષની યોજના**

સ્વચ્છતાના વ્યવસાયમાં રોકાયેલા વાલીના બાળકોને ભારત સરકારની શિષ્યવૃત્તિ (મુનિ મેતરાજ યોજના) 16

ડિપ્લોમા, મેડિકલ અને એન્જિનિયરિંગમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સાધન સહાય યોજના 17

છત્રપતિ શાહુજી મહારાજ ઇનામી યોજના 18

મહારાજા સયાજીરાવ ગાયકવાડ M.Phil અને Ph.D શિષ્યવૃત્તિ યોજના 19

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય યોજના 20

પરિક્ષિતલાલ મજમુદાર પ્રિ.એસ.એસ.સી. શિષ્યવૃત્તિ યોજના 21

ધોરણ 9-10ના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ભારત સરકારની પ્રિ-એસ.એસ.સી.શિષ્યવૃત્તિ 22

ટેબલેટ સહાય યોજના 23

શિક્ષણ ગુણવત્તા પ્રોત્સાહક સહાય (વિજ્ઞાન પ્રવાહ) 24

શિક્ષણ ગુણવત્તા પ્રોત્સાહક સહાય (સામાન્ય પ્રવાહ) 25

ભગવાન બુદ્ધ રાજ્ય શિષ્યવૃત્તિ (કન્યા) 26

અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત જાતિના વિદ્યાર્થીઓને ખાસ શિષ્યવૃત્તિ 27

ભોજન બિલ સહાય 28

સરસ્વતી સાધના સાઇકલ સહાય યોજના 29

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ટેલેન્ટ પુલ સ્કૂલ વાઉચર યોજના 30

અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની ગુજકેટ, નીટ અને જે.ઇ.ઇ. જેવી પરીક્ષાના તાલીમ વર્ગોની યોજના 31
અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની આઇ. આઇ. એમ./ નિફ્ટ/ સેપ્ટ/ એન.એલ.યુ. પરીક્ષાના તાલીમવર્ગોની યોજના 32
અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમવર્ગોની યોજના 33
ડૉ. આંબેડકર સ્કોલરશીપ લોન યોજના (અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ અર્થે લોન) 34
અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ખાનગી શાળાઓમાં અભ્યાસ કરવા માટે આર્થિક સહાય 36
ડૉ.આંબેડકર ચેર યોજના 37
ફ્રી શીપ કાર્ડ યોજના - કેન્દ્ર તથા રાજ્ય પુરસ્કૃત 38
ભારત સરકારની પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ યોજના 39
કોમર્શિયલ પાયલોટ લાયસન્સ/પાયલોટની તાલીમ માટે લોન 40
સુબેદાર રામજી સકપાલ અગ્નિવીર તાલીમ યોજના 42

## શૈક્ષણિક નિવાસી સગવડો

ડૉ. બાબાસાહેબ આંબેડકર સરકારી છાત્રાલય 45
અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો 46
અનુસૂચિત જાતિની ગ્રાન્ટ ઈન એઈડ આશ્રમશાળા 47
સમરસ છાત્રાલયો 48
અનુસૂચિત જાતિની આદર્શ નિવાસી શાળા 51

## આવાસલક્ષી યોજનાઓ

ડૉ. આંબેડકર આવાસ યોજના 54

## સામાજિક ઉત્કર્ષની યોજનાઓ

કુંવરબાઈનું મામેરું યોજના 57
સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના 58

“પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના” (PMAGY) 59
ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના 60
- કેન્દ્ર તથા રાજ્ય પુરસ્કૃત
માઈ રમાબાઈ આંબેડકર સાતફેરા સમૂહલગ્ન યોજના 62
ડૉ. બાબાસાહેબ આંબેડકર એવૉર્ડ 63
મહાત્મા ગાંધી એવૉર્ડ 64
સંતશ્રી કબીર સાહિત્ય એવોર્ડ 65
સાવિત્રીબાઈ ફૂલે મહિલા કલા - સાહિત્ય એવૉર્ડ 66
મહાત્મા ફૂલે શ્રેષ્ઠ પત્રકાર એવૉર્ડ 67
દાસી જીવણ શ્રેષ્ઠ સાહિત્ય કૃતિ એવૉર્ડ 68
સામાજિક સમરસતા શિબિર અને સેમિનાર યોજવા માટેની યોજના 69
જાગરૂકતા કેન્દ્રો શરૂ કરવા માટેની યોજના 70


## આર્થિક ઉત્કર્ષની યોજનાઓ


દુકાન સહાય યોજના માટે નાણાકીય સહાય યોજના 73


## આરોગ્યલક્ષી યોજનાઓ


કુમાર રાજરત્ન આંબેડકર તબીબી સહાય 75


## ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર


ધોરણ-10 અને ધોરણ-12ના સફાઈ કામદારના બાળકોને ઇનામ અને પ્રશસ્તિ પત્રથી પ્રોત્સાહિત કરવાની યોજના 77
સીધા ધિરાણ યોજના 78
છૂટક ગટર સફાઈનું કામ કરતાં રોજમદાર સફાઈ કામદારોને ડિઝલ મશીન તેમજ સલામતીના સાધનો પૂરા પાડવાની યોજના 80
ડૉ. આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજના 81
જૂથ જનતા અકસ્માત વીમા કવચ યોજના 82

ગટર ગૂંગળામણને કારણે મૃત્યુ પામેલા સફાઇ કામદારના આશ્રિત બાળકોને શિષ્યવૃત્તિ આપવાની યોજના 83

## ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ

રાજ્ય સરકાર સહાયિત સીધા ધિરાણની યોજના 85

એન. એસ. એફ. ડી. સી. નવી દિલ્હી સહાયિત સીધા ધિરાણની યોજના 87

## આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ

પેસેન્જર વાહન/માલ વાહક વાહન (થ્રી વ્હીલર) ધિરાણ 90

પશુપાલનની યોજના 92

નાના ધંધા વ્યવસાય લોન સહાય 94

પેસેન્જર વાહન અથવા માલવાહક વાહન (ફોર વ્હીલર) યોજના 96

## નિગમો હસ્તકની વ્યાજ સબસિડી યોજના

વાહન, સ્વરોજગારી યોજના તથા ભારત અથવા વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે બેંક મારફતે લીધેલી લોન પર 6% વ્યાજ સબસિડી આપવાની યોજના 99

સાફલ્યગાથા... 104

નાયબ નિયામક (અનુસૂચિત જાતિ કલ્યાણ) અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીઓ (પંચાયત)ની કચેરીઓની યાદી 114

આદર્શ નિવાસી શાળાઓની યાદી 120

આદર્શ નિવાસી શાળાઓ (કુમાર/કન્યા)નાં નામ-સરનામા, ફોન નં. ની વિગત

સરકારી કુમાર / કન્યા છાત્રાલયની યાદી 122

નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી હસ્તકની ઓનલાઇન યોજનાઓની યાદી 128



# સંતુલિત પ્રગતિના સોપાન

'કોઇપણ કામ ઉપદેશથી નહીં, અનુકરણથી થતું હોય છે.' ગાંધીજીએ સમાજના છેવાડાના માણસની ચિંતા કરવા અને એમને સમાજની મુખ્યધારામાં ભેળવવા માટે વખતોવખત આ કહેલું છે. એટલું જ નહીં અંત્યજોના ઉદય માટે અંત્યોદય તથા સર્વના ઉદય માટે સર્વોદયના વિચારો પણ સમગ્ર માનવજાતને આપ્યા છે, ત્યારે ગાંધીજીના પદચિહ્નો ઉપર ચાલીને ગુજરાતના પનોતાપુત્ર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાના સુશાસન દરમિયાન વિકાસનો માર્ગ ઘડ્યો. જેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નિરંતર પ્રયાસો થકી વિકસાવ્યો છે. તેમણે વિકાસને વધુને વધુ ઉન્નત અને સમૃદ્ધ બનાવવા ઘણું કાર્ય કર્યું છે.

અનુસૂચિત જાતિઓના વિકાસ માટે અંદાજપત્રમાં પ્રતિવર્ષ વધારો થાય છે. જે મુજબ વર્ષ 2025-26માં અનુસૂચિત જાતિના વિકાસ અર્થે કુલ રૂ. 8817 કરોડની માતબર ફાળવણી કરાઈ છે. વંચિતોના વિકાસ  માટેની તકો અને અવસરોનું ફલક વિકસાવીને રોજગાર નિર્માણ અને માનવ સંસાધનોનું સશક્તીકરણ કરવા ઉપર ગુજરાત સરકારે વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. રાજ્ય સરકાર વંચિતોના વિકાસને વરેલી છે. વંચિતોના શૈક્ષણિક વિકાસની બાબત હોય કે આર્થિક ઉન્નતિની, આરોગ્યલક્ષી સુવિધા હોય કે પ્રાથમિક સુવિધાઓનું માળખું હોય, દરેક સ્તરે આમૂલ પરિવર્તન થઈ રહ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા આયોજિત ગરીબ કલ્યાણ મેળાએ સરકારી તંત્રનો ગરીબો સાથે માનવીય સંવેદનાનો નાતો બાંધી દીધો. નાનામાં નાનો વ્યવસાયકાર પોતાના વ્યવસાયને અનુરૂપ સાધનો થકી મંદ પણ મક્કમ ગતિએ પ્રગતિ કરી સમૃદ્ધ અને સુખી બન્યો છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરના સપના સાકાર થઈ રહ્યાં છે. તેવો રાજ્યના તમામ દલિતો, વંચિતોને અહેસાસ થઈ રહ્યો છે. તે માટે ગુજરાત સમગ્ર દેશ માટે પ્રેરક બન્યું છે. સમગ્ર દેશમાં સૌપ્રથમ વખત સફાઈ કામદારો અને તેમનાં આશ્રિતોના પુનઃસ્થાપન અને આર્થિક ઉત્કર્ષ માટે ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમની રચના કરી. વંચિતોના વિકાસના મહામંત્રનો લાભ અનુસૂચિત જાતિનાં બેરોજગાર યુવાનોને સરળતાથી મળે અને વર્તમાન સમયની બજાર માંગને અનુરૂપ નોકરીની તકો મળી રહે તે માટે કૌશલ્યવર્ધક  તાલીમ અને અભ્યાસ લોન સુવિધા આપવામાં આવે છે. આજે ગુજરાતમાં વંચિતો જે સુખરૂપ સ્થિતિમાં છે તેનો શ્રેય કોઈ એક-બે વર્ષને ન આપી શકાય, તેના માટે સતત અઢી દાયકાની સાતત્યપૂર્ણ સફર અને શ્રેષ્ઠ ભવિષ્ય નિર્માણની ભાવના છુપાયેલી છે.

વંચિત સમાજના સામાજિક વિકાસને ધ્યાનમાં રાખી ડૉ. સવિતાબહેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય, કુંવરબાઈનું મામેરું, ડૉ. આંબેડકર આવાસ યોજના તેમજ સાતફેરા સમુહ લગ્ન યોજના જેવી યોજનાઓ વડે લાભાર્થીઓનું જીવનધોરણ વિકાસ પામી રહ્યું છે. તમામ જાતિવર્ગના છાત્રો એક જ છત હેઠળ રહે એ અભિગમથી જુદા-જુદા 10 જિલ્લાઓમાં 9 સમરસ કન્યા અને 11 સમરસ કુમાર છાત્રાલયોના નિર્માણ માટે રૂ. 83 કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

સરકારની આર્થિક ઉત્કર્ષ માટેની યોજનાઓના સથવારે વિદેશમાં રહી આત્મનિર્ભર બનવાની સાફલ્યગાથાઓ સતત વધી રહી છે. અનુસૂચિત જાતિના લાભાર્થીઓને બેન્કીંગ સહાયથી ભારતમાં અને વિદેશમાં અભ્યાસ માટે શૈક્ષણિક લોન તથા વાહન અને સ્વરોજગારી માટે લીધેલી લોન પર 6% વ્યાજ સબસિડી આપવા માટે રૂ. 7 કરોડ ફાળવવામાં આવ્યા છે. લાભાર્થીઓને આવાસ તૈયાર કરવામાં વધુ ટેકો રહે તે માટે અનુસૂચિત જાતિના લાભાર્થીઓને મકાન સહાયમાં રૂ. 50 હજારનો વધારો કરવામાં આવ્યો છે. આગળ પણ વિકાસની ગતિ વધુ તેજ બનશે. વધુને વધુ લોકોને ખરા અર્થમાં લાભ મળશે.

# શૈક્ષણિક ઉત્કર્ષની યોજના

# સ્વચ્છતાના વ્યવસાયમાં રોકાયેલા વાલીના બાળકોને ભારત સરકારની શિષ્યવૃત્તિ

(મુનિ મેતરાજ યોજના)

## ઉદ્દેશ

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓમાં શિક્ષણનું પ્રમાણ વધે અને ડ્રોપ આઉટ દરમાં ઘટાડો થાય.

## પાત્રતાના ધોરણો

1. સ્વચ્છતાના વ્યવસાય જેવાં કે ચામડાં ઉતારવામાં/કમાવવામાં રોકાયેલા.
2. મેન્યુઅલ સફાઈ કરનાર (સેક્શન 2(i) (G) મેન્યુઅલ સ્કેવેન્જર એક્ટ 2013 મુજબ).
3. જોખમી સ્વચ્છતામાં રોકાયેલા.
4. કચરો/નકામી વસ્તુઓ વીણવામાં/એકત્ર કરવામાં રોકાયેલા વાલીનાં બાળકો કે જે ધો. 1 થી 10માં ભણતા હોય તેઓને શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવે છે.

આવક મર્યાદા લાગુ પડતી નથી.

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

ધો. 1 થી 10 ડેસ્કોલર વિદ્યાર્થીને વાર્ષિક રૂ.3,500.

ધો. 3 થી 10 હોસ્ટેલર વિદ્યાર્થીને વાર્ષિક રૂ.8,000.

આ ઉપરાંત ડિસેબિલિટી એલાઉન્સ મળવાપાત્ર છે.

## અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા

સ્વચ્છતાના વ્યવસાયતો દાખલો.

## યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી.

## અરજીની પ્રક્રિયા

https//www.digitalgujarat.gov.in પર ઓનલાઈન કરવાની રહેશે.

# ડિપ્લોમા, મેડિકલ અને એન્જિનિયરિંગમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સાધન સહાય યોજના

## ઉદ્દેશ

1. મેડિકલ/એન્જિનિયરિંગ/ડિપ્લોમામાં આભ્યાસ કરતા અનુ. જાતિના વિદ્યાર્થીઓને તેઓના અભ્યાસક્રમમાં જરૂરી સાધનો ખરીદવામાં આર્થિક મુશ્કેલી ન પડે અને વિદ્યાર્થીઓ યોગ્ય અભ્યાસ કરી શકે તે હેતુ.
2. આ ઉપરાંત અનુ. જાતિના વિદ્યાર્થીઓમાં શિક્ષણનું પ્રમાણ વધે અને ડ્રોપ આઉટમાં ઘટાડો.

## પાત્રતાના ધોરણો

અનુસૂચિત જાતિનો વિદ્યાર્થી હોવો જોઇએ.

ડિપ્લોમા /એન્જિનિયરિંગ અથવા મેડિકલમાં અભ્યાસ કરતો હોવો જોઇએ.

આવક મર્યાદા રૂ. 6 લાખ.

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

| ક્રમ | અભ્યાસક્રમ | સહાયનું ધોરણ |
|---|---|---|
| 1 | મેડિકલના વિદ્યાર્થીઓ માટે | રૂ.15,000 |
| 2 | એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ માટે | રૂ.10,000 |
| 3 | ડિપ્લોમાના વિદ્યાર્થીઓ માટે | રૂ.5,000 |

## અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા

જાતિનો દાખલો, આવકનો દાખલો, જરૂરી માર્કશીટ, સાધન ખરીદીની પહોંચ વગેરે.

## અરજીની પ્રક્રિયા

https://www.digitalgujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

# છત્રપતિ શાહુજી મહારાજ ઈનામી યોજના

## ઉદ્દેશ

અનુસૂચિત જાતિના વિધાર્થીઓમાં શિક્ષણનું પ્રમાણ વધે અને ડ્રોપઆઉટ દરમાં ઘટાડો થાય.

## પાત્રતાના ધોરણો

- અનુસૂચિત જાતિના ધો.10 તથા ધો.12માં પ્રથમ ત્રણ ક્રમે આવેલા વિધાર્થીઓ.

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધો. 10 તથા ધો. 12ની પરીક્ષામાં રાજ્યકક્ષાએ તેમજ જિલ્લાકક્ષાએ અનુસૂચિત જાતિના પ્રથમ 1 થી 3 ક્રમે આવનાર વિધાર્થીઓને પ્રોત્સાહક સહાય આપવામાં આવે છે.

### રાજ્ય કક્ષાએ ઈનામ

| ક્રમ | ધોરણ 10 | ધો. 12 (ચારેય પ્રવાહ) |
|---|---|---|
| પ્રથમ | રૂ. 51,000 | રૂ. 51,000 |
| દ્વિતીય | રૂ. 41,000 | રૂ. 41,000 |
| તૃતીય | રૂ. 31,000 | રૂ. 31,000 |

### જિલ્લા કક્ષાએ ઈનામ

| ક્રમ | ધોરણ 10 | ધો. 12 (સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહ) |
|---|---|---|
| પ્રથમ | રૂ. 15,000 | રૂ. 15,000 |
| દ્વિતીય | રૂ. 11,000 | રૂ. 11,000 |
| તૃતીય | રૂ. 9,000 | રૂ. 9,000 |

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

જાતિનો દાખલો, માર્કશીટની નકલ વગેરે.

## અરજીની પ્રક્રિયા

શાળાઓને યાદી/ફોર્મ મોકલી વિગતો મેળવવામાં આવે છે.

# મહારાજા સયાજીરાવ ગાયકવાડ M.Phil અને Ph.D શિષ્યવૃત્તિ યોજના

### ઉદ્દેશ

રાજ્યના વિધાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવાના હેતુથી આ યોજના શરૂ કરવામાં આવી છે.

### પાત્રતાના ધોરણો

- અનુસૂચિત જાતિના વિધાર્થીઓ કે જેઓ એમ.ફીલ./પીએચ.ડી. કરતા હોય તેઓને સહાય આપવામાં આવે છે.
- વિધાર્થીને મહાનિબંધ (થીસિસ) રજૂ કરવાની શરતે આ સહાય મળવાપાત્ર રહેશે.
- આવક મર્યાદા રૂ.6 લાખ

### યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

એમ.ફીલ.ના વિધાર્થીઓને વાર્ષિક રૂ. 25,000 અને પીએચ.ડીના વિધાર્થીઓને વાર્ષિક રૂ. 1,00,000ના સુધીની સહાય

### અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

જાતિનો દાખલો, આવકનો દાખલો, જરૂરી માર્કશીટ વગેરે

### યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

### ઓનલાઈન અરજી માટે લિંક તથા વેબસાઈટની વિગત

https//www.digitalgujarat.gov.in/ પર ઓનલાઈન અરજી કરી શકાય છે.

### યોજના અમલીકરણ કચેરીનું નામ તથા જિલ્લા અધિકારીનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

### રાજ્ય કક્ષાએ લાગુ પડતા સંબંધિત ખાતાનાં વડાનો હોદ્દો, નામ અને વિભાગ

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

# અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય યોજના

### ઉદ્દેશ

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓમાં શિક્ષણનું પ્રમાણ વધે અને ડ્રોપઆઉટમાં ઘટાડો થાય.

### પાત્રતાના ધોરણો

- અનુસૂચિત જાતિના બાલવાટિકા તથા ધોરણ 1 થી 8ના વિદ્યાર્થીઓ માટે
- આવક-મર્યાદા લાગુ પડતી નથી.

### યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

ત્રણ જોડી ગણવેશ સહાય પેટે રૂ. 900 મળવાપાત્ર છે.

### અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

વિદ્યાર્થી શાળામાં અભ્યાસ કરતો હોવો જોઈએ

### યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

### અરજી પત્રકનો નમૂનો

આચાર્યશ્રી દ્વારા ઓનલાઈન અરજી કરવામાં આવે છે.

### અરજીની પ્રક્રિયા

https//www.digitalgujarat.gov.in પર ઓનલાઈન અરજી કરી શકાય છે.

### યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

# પરિક્ષિતલાલ મજમુદાર પ્રિ.એસ.એસ.સી. શિષ્યવૃત્તિ યોજના

### ઉદ્દેશ

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓમાં શિક્ષણનું પ્રમાણ વધે અને ડ્રોપઆઉટમાં ઘટાડો થાય.

### પાત્રતાના ધોરણો

- અનુસૂચિત જાતિના ધો. 1 થી 10ના વિદ્યાર્થીઓ માટે
- આવક-મર્યાદા લાગુ પડતી નથી.

### યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

- ધો.1 થી 8 કુમાર વાર્ષિક રૂ. 750 વાર્ષિક શિષ્યવૃત્તિ
- ધો. 1 થી 5 કન્યા વાર્ષિક રૂ. 750 વાર્ષિક શિષ્યવૃત્તિ
- ધો. 6 થી 8 કન્યાને વાર્ષિક રૂ. 1,000 વાર્ષિક શિષ્યવૃત્તિ
- ધો. 9 થી 10માં કન્યા અને કુમારને રૂ. 1,000 વાર્ષિક શિષ્યવૃત્તિ

### અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

વિદ્યાર્થી શાળામાં અભ્યાસ કરતો હોવો જોઈએ.

### અરજી પત્રકનો નમૂનો

આચાર્યશ્રી દ્વારા ઓનલાઈન અરજી કરવામાં આવે છે.

### અરજીની પ્રક્રિયા

https//www.digitalgujarat.gov.in પર ઓનલાઈન અરજી કરી શકાય છે.

### યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

### યોજના અમલીકરણ કચેરીનું નામ તથા જિલ્લા અધિકારીનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

### રાજ્ય કક્ષાએ લાગુ પડતા સંબંધિત ખાતાના વડાનો હોદ્દો, નામ અને વિભાગ

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

# ધોરણ 9-10ના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ભારત સરકારની પ્રિ-એસ.એસ.સી.શિષ્યવૃત્તિ

### ઉદ્દેશ

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓમાં શિક્ષણનું પ્રમાણ વધે અને ડ્રોપઆઉટ દરમાં ઘટાડો થાય.

### પાત્રતાના ધોરણો

- અનુસૂચિત જાતિના ધો. 9 થી 10ના વિદ્યાર્થીઓ માટે
- આવક-મર્યાદા રૂ.2.50 લાખ

### યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

- ડેસ્કોલર વિદ્યાર્થીઓને રૂ 3,500 તથા ડોસ્ટેલરને રૂ. 7,000 વાર્ષિક શિષ્યવૃત્તિ
- આ ઉપરાંત ડિસેબિલિટી એલાઉન્સ મળવાપાત્ર છે

### અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

જાતિનો દાખલો, આવકનો દાખલો વગેરે

### અરજી પત્રકનો નમૂનો

આચાર્યશ્રી દ્વારા ઓનલાઈન અરજી કરવામાં આવે છે.

### અરજીની પ્રક્રિયા

https//www.digitalgujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

### યોજના અમલી કરનાર કરોરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

### યોજના અમલીકરણ કચેરીનું નામ તથા જિલ્લા અધિકારીનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

### રાજ્ય કક્ષાએ લાગુ પડતા સંબંધિત ખાતાનાં વડાનો હોદ્દો, નામ અને વિભાગ

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

# ટેબલેટ સહાય યોજના

### ઉદ્દેશ

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓમાં શિક્ષણનું પ્રમાણ વધે અને ડ્રોપઆઉટ દરમાં ઘટાડો થાય.

### પાત્રતાના ધોરણો

- કૉલેજ કક્ષાના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે.
- આવક મર્યાદા લાગુ પડતી નથી.

### યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

શિક્ષણ વિભાગ દ્વારા રૂ. 1000 ટોકન ફી ભરાવી જે ટેબલેટ આપવામાં આવે છે તેની ટોકન ફી અનુજાતિના વિદ્યાર્થીઓને પરત કરવામાં આવે છે.

### અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

જાતિનો દાખલો, જરૂરી માર્કશીટ, ટોકન ફી ભર્યાની પહોંચ વગેરે

### યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

### અરજીની પ્રક્રિયા

https//www.digitalgujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.



# શિક્ષણ ગુણવત્તા પ્રોત્સાહક સહાય (વિજ્ઞાન પ્રવાહ)

### ઉદ્દેશ

અનુસૂચિત જાતિના વિધાર્થીઓમાં વિજ્ઞાન પ્રવાહમાં શિક્ષણનું પ્રમાણ વધે અને ડ્રોપ આઉટ દરમાં ઘટાડો થાય.

### પાત્રતાના ધોરણો

- અનુ. જાતિના વિધાર્થીએ ધો. 10માં 70 ટકા કે તેથી વધુ ગુણ મેળવેલા હોવા જોઈએ.
- ધો. 11-12 વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા હોવા જોઈએ.
- આવક મર્યાદા રૂ. 6 લાખ

### યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

ધો.11 વિજ્ઞાન પ્રવાહમાં રૂ. 15,000 અને ધો.12 વિજ્ઞાન પ્રવાહમાં રૂ. 15,000ની સહાય

### અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

ખાનગી ટ્યુશનની પહોંચ, જાતિનો દાખલો, આવકનો દાખલો વગેરે

### યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

### અરજીની પ્રક્રિયા

https//www.digitalgujarat.gov.in પર ઓનલાઈન કરવાની રહેશે.

### યોજના અમલીકરણ થતી હોય તેને લાગુ પડતી જિલ્લા કચેરીનું નામ તથા જિલ્લા અધિકારીનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

### રાજ્ય કક્ષાએ લાગુ પડતા સંબંધિત ખાતાના વડાનો હોદ્દો, નામ અને વિભાગ

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

# શિક્ષણ ગુણવત્તા પ્રોત્સાહક સહાય (સામાન્ય પ્રવાહ)

## ઉદ્દેશ

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓમાં શિક્ષણનું પ્રમાણ વધે અને ડ્રોપઆઉટ દરમાં ઘટાડો થાય.

## પાત્રતાના ધોરણો

- અનુસૂચિત જાતિના વિદ્યાર્થીએ ધોરણ 10માં 75 ટકા કે તેથી વધુ ગુણ મેળવેલા હોવા જોઇએ.
- ધો.11-12 સામાન્ય પ્રવાહમાં આભ્યાસ કરતા હોવા જોઇએ.
- આવક મર્યાદા રૂ. 6 લાખ

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

ધો.11 સામાન્ય પ્રવાહમાં રૂ.8,000 અને

ધો.12 સામાન્ય પ્રવાહમાં રૂ.4,000ની સહાય

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

ખાનગી ટ્યુશનની પહોંચ, જાતિનો દાખલો, આવકનો દાખલો વગેરે

## યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

## અરજીની પ્રક્રિયા

https//esamajkalyan.gujarat.gov.in પર ઓનલાઈન કરવાની રહેશે.

## યોજના અમલીકરણ થતી કોચ તેને લાગુ પડતી જિલ્લા કચેરીનું નામ તથા જિલ્લા અધિકારીનો હોદ્દો

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

## રાજ્ય કક્ષાએ લાગુ પડતા સંબંધિત ખાતાનાં વડાનો હોદ્દો, નામ અને વિભાગ

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

# ભગવાન બુદ્ધ રાજ્ય શિષ્યવૃત્તિ (કન્યા)

### ઉદ્દેશ

અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓમાં શિક્ષણનો વ્યાપ વધારવા માટે

### પાત્રતાના ધોરણો

- વિદ્યાર્થિની અનુસૂચિત જાતિની હોવી જોઇએ.
- વિદ્યાર્થિનીના કુટુંબની આવક રૂ. 2.50 લાખથી વધુ હોય તેઓને આવરી લેવામાં આવે છે.
- વિદ્યાર્થીની ધોરણ 10 પછીના ઉચ્ચ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા હોવા જોઇએ.

### યૌજના અંતર્ગત મળતી સહાય/લાભ

| ગ્રૂપ | હોસ્ટેલર (વાર્ષિક) | ડેસ્કોલર (વાર્ષિક) |
|---|---|---|
| એ | રૂ.13,500 | રૂ.7,000 |
| બી | રૂ.9,500 | રૂ.6,500 |
| સી | રૂ.6,000 | રૂ.3,000 |
| ડી | રૂ.4,000 | રૂ.2,500 |

વિદ્યાર્થીને ઉક્ત વાર્ષિક એકેડેમિક એલાઉન્સ તથા માન્ય ટ્યૂશન ફી મળવાપાત્ર છે.

### અરજી સમયે રજુ કરવાના થતાં પુરાવા

જાતિનો દાખલો, આવકનો દાખલો, જરૂરી માર્કશીટ વગેરે

### યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

### અરજીની પ્રક્રિયા

https//www.digitalgujarat.gov.in પર ઓનલાઇન કરવાની રહેશે.

### યોજના અમલીકરણ કચેરીનું નામ તથા જિલ્લા અધિકારીનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

### રાજ્ય કક્ષાએ લાગુ પડતા સંબંધિત ખાતાના વડાનો હોદ્દો, નામ અને વિભાગ

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

# અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત જાતિના વિદ્યાર્થીઓને ખાસ શિષ્યવૃત્તિ

### ઉદ્દેશ

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓમાં શિક્ષણનું પ્રમાણ વધે અને ડ્રોપ આઉટ દરમાં ઘટાડો થાય.

### પાત્રતાના ધોરણો

- અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત જાતિના વિદ્યાર્થી હોવો જોઇએ.
- ધો. 1 થી 10માં ભણતો હોવો જોઇએ.
- આવક મર્યાદા લાગુ પડતી નથી.

### યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

ધો. 1 થી 8 કુમાર/કન્યા વાર્ષિક રૂ. 1,000

ધો. 9 થી 10 કુમાર/કન્યા તમામને વાર્ષિક રૂ. 1,500

### અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

જાતિનો દાખલો, આવકનો દાખલો, જરૂરી માર્કશીટ વગેરે

### યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

### અરજીની પ્રક્રિયા

https//www.digitalgujarat.gov.in પર ઓનલાઈન કરવાની રહેશે.

### અરજી કઈ કચેરી ખાતે કરવાની રહેશે

જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

### યોજના અમલીકરણ કચેરીનું નામ તથા જિલ્લા અધિકારીનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

### રાજ્ય કક્ષાએ લાગુ પડતા સંબંધિત ખાતાનાં વડાનો હોદ્દો, નામ અને વિભાગ

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

# ભોજન બિલ સહાય

### ઉદ્દેશ

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ પોષણથી વંચિત ના રહે તે માટે

### પાત્રતાના ધોરણો

- વિદ્યાર્થી અનુસૂચિત જાતિના હોવા જોઇએ.
- વિદ્યાર્થી સંસ્થા સંલગ્ન છાત્રાલયમાં અભ્યાસ કરતા હોવા જોઇએ.
- આવક મર્યાદા રૂ.6 લાખ

### યોજના અંતર્ગત મળતી સકાય/લાભ

માસિક રૂ. 1,500 સહાય (10 માસ માટે)

### અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

જાતિનો દાખલો, આવકનો દાખલો, જરૂરી માર્કશીટ વગેરે

### યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

### ઓનલાઇન અરજી માટે લિંક તથા વેબસાઇટની વિગત

https//www.digitalgujarat.gov.in પર ઓનલાઇન અરજી કરી શકાય છે.



# સરસ્વતી સાધના સાઈકલ સહાય યોજના

### ઉદ્દેશ

કન્યા કેળવણીને ઉત્તેજન આપવા સાઇકલ ભેટ આપવાની યોજના છે.

### પાત્રતાના ધોરણો

- અનુસૂચિત જાતિની વિધાર્થીની ધોરણ-9માં અભ્યાસ કરતી હોવી જોઇએ.
- આવક મર્યાદા રૂ. 6 લાખ

### યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

ધોરણ-9માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિની કન્યાઓને સાઇકલ આપવામાં આવે છે.

### અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

જાતિનો દાખલો, આવકનો દાખલો વગેરે

### યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

### અરજી પત્રકનો નમૂનો

આચાર્યશ્રી દ્વારા ઓનલાઇન અરજી કરવામાં આવે છે.

### અરજીની પ્રક્રિયા

www.digitalgujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.



# અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ટેલેન્ટ પુલ સ્કૂલ વાઉચર યોજના

## ઉદ્દેશ

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ઉત્તમ કક્ષાનું શિક્ષણ તેમજ સુવિધાઓ મળે અને ઉત્તમ કક્ષાની નામાંકિત શાળાઓમાં પ્રવેશ અપાવીને અન્ય સમાજની હરોળમાં આત્મવિશ્વાસથી ઊભા રહી શકે.

## પાત્રતાના ધોરણો

- અનુસૂચિત જાતિના ધોરણ-5 કે ધોરણ-10માં પ્રથમ કે બીજા વર્ગમાં પાસ થયેલાં અને વિદ્યાર્થીઓની પ્રવેશ પરીક્ષા ગોઠવી તેમાં 60% કે તેથી વધુ ગુણ મેળવનાર મેરિટમાં આવનાર વિદ્યાર્થીઓને આ યોજનામાં લાભ આપવામાં આવે છે.
- પંસદ કરેલી આવાસીય સંસ્થાઓમાં આ લાભ આપવામાં આવે છે.
- આવક મર્યાદા રૂ. 6 લાખ

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

રૂ. 40,000 સુધી સહાય મળવાપાત્ર છે

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

જાતિનો દાખલો, આવકનો દાખલો, જરૂરી માર્કશીટ વગેરે

## યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

## અરજીની પ્રક્રિયા

ઓફલાઈન, જિલ્લા નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

## યોજના અમલીકરણ કચેરીનું નામ તથા જિલ્લા અધિકારીનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

## રાજ્ય કક્ષાએ લાગુ પડતા સંબંધિત ખાતાના વડાનો હોદ્દો, નામ અને વિભાગ

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

# અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની ગુજકેટ, નીટ અને જે.ઈ.ઈ. જેવી પરીક્ષાના તાલીમ વર્ગોની યોજના

### ઉદ્દેશ

ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓ ઉચ્ચ કારકિર્દી બનાવી શકે.

### પાત્રતાના ધોરણો

ધોરણ-12 વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસ કરતા અને ધોરણ-10માં 70% કે તેથી વધુ ગુણ મેળવેલા હોય તેવા તમામ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ.

### યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

અનુસૂચિત જાતિના તાલીમાર્થીઓને રૂ. 20,000 અથવા ખરેખર ચૂકવવાની થતી ફી એ બે માંથી જે ઓછી હોય તે ચૂકવવામાં આવે છે.

### અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

જાતિનો દાખલો, જરૂરી માર્કશીટ

### યોજનાનો અમલ કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારની હોદ્દો

જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

### અરજીની પ્રક્રિયા

https//esamajkalyangujarat.gov.in પર ઓનલાઇન અરજી કરવાની રહેશે.

### અરજી કઈ કચેરી ખાતે કરવાની રહેશે

જિલ્લા નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

### યોજના અમલીકરણ કચેરીનું નામ તથા જિલ્લા અધિકારીનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

### રાજ્ય કક્ષાએ લાગુ પડતા સંબંધિત ખાતાનાં વડાનો હોદ્દો, નામ અને વિભાગ

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

# અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની આઈ. આઈ. એમ./ નિફ્ટ/ સેપ્ટ/ એન.એલ.યુ. પરીક્ષાના તાલીમવર્ગોની યોજના

## ઉદ્દેશ

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ કેન્દ્રિયકૃત સંસ્થાઓમાં પ્રવેશ પરીક્ષાઓની તૈયારી માટે કોચિંગ મેળવી ઉચ્ચ કારકિર્દી બનાવી શકે.

## પાત્રતાના ધોરણો

- સેપ્ટ, નિફ્ટ, એન. એલ. યુ. માં પ્રવેશ મેળવવા માંગતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓએ ધો. 10માં 70% કે તેથી વધુ ગુણ મેળવેલા હોય અને ધો. 12 (કોઈપણ પ્રવાહમાં) અભ્યાસ કરતા હોવા જોઈએ
- જ્યારે આઇ.આઇ.એમ.માં પ્રવેશ મેળવવા માંગતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓએ ધો.12 (કોઈપણ પ્રવાહમાં) 70% કે તેથી વધુ ગુણ મેળવેલા હોય અને સ્નાતક કક્ષા (કોઈપણ પ્રવાહ)ના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા હોય અથવા સ્નાતક પૂર્ણ કર્યુ હોય તો સ્નાતકમાં 70% કે તેથી વધુ ગુણ મેળવેલા હોય તેમને આ તાલીમમાં આવરી લેવામાં આવે છે.
- આવક મર્યાદા લાગુ પડતી નથી.

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

અનુસૂચિત જાતિના તાલીમાર્થીઓને રૂ. 20,000 અથવા ખરેખર ચૂકવવાની થતી ફી એ બેમાંથી જે ઓછી હોય તે ચૂકવવામાં આવે છે.

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

જાતિનો દાખલો, જરૂરી માર્કશીટ

## યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામક, અનુસુચિત જાતિ કલ્યાણની કચેરી

## અરજીની પ્રક્રિયા

https//esamajkalyan.gujarat.gov.in/પર ઓનલાઈન કરી શકાય છે.

## અરજી માટેની કચેરી

જિલ્લા નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

# અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમવર્ગોની યોજના

## ઉદ્દેશ

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ કેન્દ્રિયકૃત ભરતી પરીક્ષાઓની તૈયારી માટે કોચિંગ મેળવી ઉચ્ચ કારકિર્દી બનાવી શકે.

## પાત્રતાના ધોરણો

- ભરતી પરીક્ષાની તૈયારી કરવા માંગતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓએ ગ્રેજ્યુએશનમાં 50% કે તેથી વધુ ગુણ મેળવેલા હોવા જોઈએ.
- ઉમર મર્યાદા પુરુષ માટે મહત્તમ 35 વર્ષ અને સ્ત્રીઓ માટે મહત્તમ 40 વર્ષ
- અરજદાર અથવા અરજદારના માતા પિતા સરકારી નોકરી ધરાવતા ન હોવા જોઈએ.
- આ લાભ એક જ વાર મળવાપાત્ર છે.
- વાર્ષિક આવક મર્યાદા રૂ.6 લાખ

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

અનુસૂચિત જાતિના તાલીમાર્થીઓને તાલીમાર્થી દીઠ રૂ. 20,000 અથવા ખરેખર ચૂકવવાની થતી ફી એ બે માંથી જે ઓછી હોય તે

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

જાતિનો દાખલો. જરૂરી માર્કશીટ, આવકનો દાખલો.

## યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

## અરજીની પ્રક્રિયા

https//esamajkalyan.gujarat.gov.in/ પર ઓનલાઈન કરી શકાય છે.

## યોજના અમલીકરણ કચેરીનું નામ તથા જિલ્લા અધિકારીનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

## રાજ્યકક્ષાએ લાગુ પડતા સંબંધિત ખાતાના વડાનો હોદ્દો, નામ અને વિભાગ

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

# ડૉ. આંબેડકર સ્કોલરશીપ લોન યોજના

(અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ અર્થે લોન)

## ઉદ્દેશ

અનુસૂચિત જાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓને ધો.12 કે તેથી ઉપરના જે અભ્યાસના આધારે વિદેશ અભ્યાસમાં પ્રવેશ મેળવતા હોય તેવા 50 ટકા કે વધુ ગુણ ધરાવતા વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટેની લોન યોજના

## પાત્રતાના ધોરણો

- ધોરણ-12 કે તેથી ઉપરના જે અભ્યાસક્રમને આધારે વિદેશ અભ્યાસમાં પ્રવેશ મેળવતા હોય તેમાં 50% કે વધુ માર્ક ધરાવતા હોવા જોઈએ. તેમજ ડિપ્લોમા, સ્નાતક, અનુસ્નાતક, પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા, પીએચ.ડી. તેમજ તમામ ક્ષેત્રના અન્ય એક કે તેથી વધુ અથવા ઓછામાં ઓછા બે સેમેસ્ટરના અભ્યાસક્રમ માટે લોન મેળવવાને પાત્ર રહેશે.
- યોજનાનો લાભ પુત્રવધૂને આપી શકાશે પરંતુ કુટુંબ દીઠ ફક્ત બે વ્યકિતને મળવાપાત્ર છે. જે વિદ્યાર્થીએ ધો. 10 પછી પોલીટેકનિકમાં ત્રણ વર્ષનો ડિપ્લોમા કોર્ષ કરેલો હોય તે વિદ્યાર્થીઓને કોલેજમાં પ્રવેશ માટે ધો. 12 ની સમકક્ષ ગણવામાં આવશે.
- વિદ્યાર્થી વિદેશ ગમનના 6(છ) માસની અંદર પણ અરજી કરી શકશે.
- લાભાર્થીએ એક સદ્ધર જામીનદાર રજૂ કરવાના રહેશે.
- અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિના અરજદારોને અગ્રતા આપવામાં આવશે. વિદેશમાં અભ્યાસ પૂર્ણ થયા બાદ જો વિદ્યાર્થી વિદેશમાં સ્થાયી થાય તો નોકરીનું સ્થળ-રહેઠાણમાં ફેરફાર, સંપર્ક નંબર, ઈ-મેઈલ આઈ.ડી, ભારતમાં આવાગમનની જાણ "જ્યાં સુધી લોન ભરપાઈ ના થાય ત્યાં સુધી ફરજિયાત કરવાની રહેશે."

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

રૂ.15 લાખની લોન વાર્ષિક 4 ટકાના દરે આપવામાં આવે છે.

## અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા

- નિયત નમૂનાનું અરજી પત્રક
- અરજદારનો ફોટો

- જાતિનો દાખલો
- શાળા છોડયાનું પ્રમાણપત્ર
- રેશનકાર્ડની નકલ/આધાર કાર્ડ
- શૈક્ષણિક લાયકાત
- પ્રવેશ આપવા અંગેનું સંમતિ પત્રક (ઓફર લેટર)
- અરજદારનો પાસપોર્ટ
- અરજદારના વિઝા
- અભ્યાસ માટે થનારા ખર્ચનો અંદાજો
- લોન ભરપાઈ કરવા પાત્રતાનો દાખલો
- એક સદ્ધર જામીનદાર
- પરિશિષ્ટ-ડ મુજબ સોગંદનામું
- જાત-જામીનખત (પરિશિષ્ટ-ખ)

## યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

જિલ્લા કક્ષાએથી અરજી ભલામણ સહ ઇ-સમાજકલ્યાણ પોર્ટલ ઉપર મળ્યેથી નિયમોનુસાર નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ મંજૂર કરે છે.

## અરજીની પ્રક્રિયા

https//esamajkalyan.gujarat.gov.in/પર ઓનલાઈન અરજી કરી શકાય છે.

## અરજીની કચેરી

જિલ્લા નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

## યોજના અમલીકરણ કચેરીનું નામ તથા જિલ્લા અધિકારીનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

## રાજ્યકક્ષાએ લાગુ પડતા સંબંધિત ખાતાના વડાનો હોદ્દો, નામ અને વિભાગ

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

# અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ખાનગી શાળાઓમાં અભ્યાસ કરવા માટે આર્થિક સહાય

## ઉદ્દેશ

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ કે જેઓ દૂન સ્કૂલ-દહેરાદૂન, સોફીયા સ્કૂલ-આબુ, મેયો સ્કૂલ-અજમેર, સૈનિક શાળા બાલાચડી, મહિલા સૈનિક શાળા-ખેરવા (જિ. મહેસાણા) જેવી ખ્યાતનામ ખાનગી શાળાઓમાં અભ્યાસ માટે પ્રોત્સાહન આપવા આર્થિક સહાય ચૂકવવા માટેની આ યોજના છે.

## પાત્રતાના ધોરણો

- ધો-8 કે ધો-11માં અભ્યાસ કરતા અનુ. જાતિના વિદ્યાર્થીઓને રૂ. 50,000ની મર્યાદામા સહાય આપવામાં આવે છે. (બાલાચડી સ્કૂલ, જામનગર અને સૈનિક સ્કૂલ, ખેરવામાં ધો-6 માટે પણ સહાય મળવાપાત્ર છે.)
- આવક મર્યાદા રૂ. 6 લાખ

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ.

રૂ. 50,000 અથવા ખરેખર ખર્ચની રકમ એ બેમાંથી જે ઓછી હોય તેટલી રકમની સહાય આપવામાં આવશે.

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

જાતિનો દાખલો, આવકનો દાખલો, જરૂરી માર્કશીટ વગેરે

## યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારની હોદ્દો

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

## અરજી પત્રકનો નમૂનો

નિયત નમૂનો જિલ્લા નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી તથા નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીએથી મળી શકશે.

## અરજીની પ્રક્રિયા

ઓફલાઇન

## અરજીની કચેરી

જિલ્લા નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી તથા નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીએ

# ડૉ.આંબેડકર ચેર યોજના

### ઉદ્દેશ

યુનિવર્સિટીઓ દ્વારા વહીવટી માળખું ઊભું કરી વિવિધ સેન્ટરોમાં બૌદ્ધિક, શિક્ષણશાસ્ત્રીઓ વિધાર્થીઓને આર્થિક, રાજનીતિ, ધર્મ, તત્વજ્ઞાન, બંધારણીય અભ્યાસ, સામાજિક કાર્ય, માનવ અધિકાર, શિસ્ત વિષયો પર વિચારવિમર્શ કરી સંશોધન કરી સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધે તથા શૈક્ષણિક પ્રશ્નોના નિરાકરણ સાથે શૈક્ષણિક વિકાસ થાય તે ઉપરાંત ડૉ. બાબાસાહેબ આંબેડકરના કાર્યો અને ફિલોસોફીના રીસર્ચ અને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, લઘુમતિ, પછાત વર્ગો અને સમાજના અન્ય નબળા વર્ગોની આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક જીવનના પ્રશ્નો માટેનો પણ છે.

### પાત્રતાના ધોરણો

માન્ય પાંચ યુનિવર્સિટી

### યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

1. રિસર્ચ વર્ક (લોંગ/સોર્ટટમ)
2. વિધાર્થી દ્વારા સંશોધન/દેખરેખ

### રાજ્ય કક્ષાએ લાગુ પડતા સંબંધિત ખાતાનાં વડાનો હોદ્દો, નામ અને વિભાગ

નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ



**"મનુષ્ય જીવનનો પાયો જ્ઞાન છે. વિધાર્થીઓની બૌદ્ધિક ક્ષમતામાં વધારા માટે તેમજ તેમની સમજણ શક્તિના વિકાસ માટે પ્રયત્નો થવા જોઈએ."**

ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર

# ફ્રી શીપ કાર્ડ યોજના - કેન્દ્ર તથા રાજ્ય પુરસ્કૃત

## ઉદ્દેશ

સ્વનિર્ભર સંસ્થાઓમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓને પ્રવેશ વખતે શિક્ષણ ફી ભર્યા સિવાય સહેલાઈથી પ્રવેશ મેળવવા.

## પાત્રતાના ધોરણો

### કેન્દ્ર પુરસ્કૃત યોજના માટે

- સ્વનિર્ભર સંસ્થાઓમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થિનીઓને મળવાપાત્ર, આવક મર્યાદા રૂ. 2.50 લાખ.
- વિદ્યાર્થી ધોરણ 10 પછીના ઉચ્ચ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા હોવા જોઇએ.
- ભારત સરકારની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ કરાવવામાં આવેલી તમામ પાત્રતાઓ અનુસાર.

### રાજ્ય પુરસ્કૃત યોજના માટે

- સ્વનિર્ભર સંસ્થાઓમાં આભ્યાસ કરતી અનુસૂચિત જાતિની વિદ્યાર્થિનીઓને મળવાપાત્ર,
- આવક મર્યાદા નથી.
- વિદ્યાર્થિની ધોરણ 10 પછીના ઉચ્ચ અભ્યાસક્રમો અભ્યાસ કરતી હોવી જોઇએ ધરાવનારને લાભ મળવાપાત્ર થશે.
- 50% કે તેથી વધુ ઓવરઓલ પર્સન્ટાઈલ ભારત સરકારની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ કરાવવામાં આવેલી તમામ પાત્રતાઓ અનુસાર.

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ફી ભર્યા વિના જ સહેલાઈથી પ્રવેશ મળી રહે છે. (પછી જ્યારે શિષ્યવૃત્તિ વિદ્યાર્થીને મળે ત્યારે નિયમોનુસાર ભરવાપાત્ર ફી સંસ્થામાં ભરવાની હોય છે.)

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

જાતિનો દાખલો, આવકનો દાખલો, જરૂરી માર્કશીટ વિગેરે.

## યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી.

## અરજીની પ્રક્રિયા

ઓફલાઈન

# ભારત સરકારની પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ યોજના

## ઉદ્દેશ

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ શૈક્ષણિક ક્ષેત્રે થતા વિકાસની તકોથી વંચિત ન રહે તે માટે

## પાત્રતાના ધોરણો

- વિદ્યાર્થી અનુસૂચિત જાતિના હોવા જોઈએ.
- આવક મર્યાદા રૂ. 2.50 લાખ
- વિદ્યાર્થી ધોરણ 10 પછીના ઉચ્ચ અભ્યાસક્રમો અભ્યાસ કરતા હોવા જોઈએ
- ભારત સરકારની પોસ્ટમેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ કરાવવામાં આવેલી તમામ પાત્રતાઓ

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

| ગ્રૂપ | હોસ્ટેલર (વાર્ષિક) | ડેસ્કોલર (વાર્ષિક) |
|---|---|---|
| એ | રૂ.13,500 | રૂ.7,000 |
| બી | રૂ.9,500 | રૂ.6,500 |
| સી | રૂ.6,000 | રૂ.3,000 |
| ડી | રૂ.4,000 | રૂ.2,500 |

વિદ્યાર્થીને ઉક્ત વાર્ષિક એકેડેમિક એલાઉન્સ તથા માન્ય ટ્યૂશન ફી મળવાપાત્ર છે.

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

જાતિનો દાખલો, આવકનો દાખલો, જરૂરી માર્કશીટ વગેરે

## ઓનલાઈન અરજી માટે લિંક તથા વેબસાઈટની વિગત

https//www.digitalgujarat.gov.in પર ઓનલાઈન કરી શકાય છે.

## અરજી કઈ કચેરી ખાતે કરવાની રહેશે

જિલ્લા નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

# કોમર્શિયલ પાયલોટ લાયસન્સ/પાયલોટની તાલીમ માટે લોન

## ઉદ્દેશ

અનુસૂચિત જાતિના આર્થિક રીતે નબળા વિધાર્થીઓને કોમર્શિયલ પાયલોટ બનવા તાલીમ માટેની લોન આપવાની યોજના

## પાત્રતાના ધોરણો

1. વિધાર્થીએ ધોરણ-10/12 અથવા તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ.
2. આવી તાલીમ આપતી દેશ/પરદેશની સંસ્થાએ તાલીમાર્થીના પ્રવેશ માટે જે શરતો નકકી કરી હોય તે તથા આવી તાલીમ માટે જરૂરી તમામ પ્રમાણપત્રો જેવા કે મેડિકલ સર્ટિફિકેટ,ફીટનેશ સર્ટિફિકેટ મેળવેલ હોવા જોઇએ.
3. તાલીમાર્થી પરદેશની જે સંસ્થામાં તાલીમ મેળવે તે સંસ્થા તેમના દેશની સરકાર દ્વારા આવી તાલીમ આપવા માટે માન્ય થયેલી હોવી જોઈએ તથા આવી તાલીમ પછી મેળવવામાં આવતા કોમર્શિયલ પાયલટ લાયસન્સ, તે દેશમાં સ્વીકૃત થયેલા હોવા જોઈએ ત્યાર પછી ભારતમાં તે લાયસન્સ સ્વીકૃત કરાવવા માટે તાલીમાર્થીએ જરૂરી કાયદેસરની કાર્યવાહી એક વર્ષની અંદર પૂરી કરવાની રહેશે.
4. તાલીમાર્થીએ તેમની તાલીમ માટે થનાર ખર્ચના અંદાજો જે તે સંસ્થા પાસેથી મેળવી રજૂ કરવાના રહેશે.
5. વિદેશમાં તાલીમ પૂર્ણ થયા બાદ જો વિધાર્થી વિદેશમાં સ્થાયી થાય તો નોકરીનું સ્થળ, રહેઠાણમાં ફેરફાર, સંપર્ક નંબર, ઈ-મેઈલ આઈડી ભારતમાં આવાગમનની જાણ જયાં સુધી લોન ભરપાઈ ન થાય ત્યાં સુધી ફરજીયાત કરવાની રહેશે.

## યોજના અંતર્ગત મળતી સહાય /લાભ

અનુસૂચિત જાતિના વિધાર્થીઓને કોમર્શિયલ પાયલોટની તાલીમ માટે આર્થિક મદદ કરવા માટે રૂ. 25 લાખ લોન 4 ટકાના વ્યાજના દરે આપવામાં આવે છે.

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

1. નિયત નમૂનાનું અરજી પત્રક (ઓનલાઈન પ્રિન્ટ)
2. જાતિ અંગેનો દાખલો-શાળા છોડ્યાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ

3. શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ
4. તમામ શરતો માન્ય છે તે બાબતનો સ્વીકૃતિપત્ર (સ્ટેમ્પ પેપર ઉપર)
5. અરજદારનો ફોટો
6. રેશનકાર્ડ/આધારકાર્ડની પ્રમાણિત નકલ
7. વિદ્યાર્થીનું સોગંદનામું (અસલ)
8. વિદ્યાર્થીનું જાત જામીન (અસલમાં)
9. વિઝાની પ્રમાણિત નકલ
10. જ્યાં અભ્યાસ કરવાનો હોય તેની વિગત (ઓફર લેટર)
11. ફીટનેશ અંગેનું મેડિકલ સર્ટિફિકેટની પ્રમાણિત નકલ
12. એક જામીનદાર
13. લોન ભરપાઈ કરવા અંગે પાત્રતાનો દાખલો
14. તાલીમ આપતાર સંસ્થાનો મંજૂરી પત્ર
15. પ્રવેશ આપવા અંગેનુ સંમતિપત્ર
16. પાસપોર્ટની પ્રમાણિત નકલ

### યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

જિલ્લા કક્ષાએથી અરજી ભલામણ સહ ઈ-સમાજકલ્યાણ પોર્ટલ ઉપર મળ્યેથી નિયમોનુસાર નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ મંજૂર કરે છે

### ઓનલાઈન અરજી માટે લિંક તથા વેબસાઈટની વિગત

https//esamajkalyan.gujarat.gov.in પર ઓનલાઈન કરી શકાય છે.

### અરજી કઈ કચેરી ખાતે કરવાની રહેશે

જિલ્લા નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

### યોજના અમલીકરણ કચેરીનું નામ તથા જિલ્લા અધિકારીનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

# સુબેદાર રામજી સકપાલ અગ્નિવીર તાલીમ યોજના

## ઉદ્દેશ

અનુસૂચિત જાતિના યુવાનો રાષ્ટ્રની સુરક્ષામાં જોડાય અને તેમાં કારકિર્દી બનાવે તેવા ઉમદા હેતુથી આ યોજના અમલમાં મુકાઈ છે.

## આવક મર્યાદા

આવક મર્યાદા નથી.

## લાભાર્થીનો પ્રકાર

અનુસૂચિત જાતિના વ્યક્તિ

## પાત્રતાના ધોરણ

- તાલીમાર્થીઓની શૈક્ષણિક ન્યૂનતમ લાયકાત ધોરણ-10 માં ઓછામાં ઓછા 45%.
- શારીરિક ન્યૂનતમ લાયકાત નીચે મુજબ રહેશે.

ઉમર-17.5 વર્ષથી 21 વર્ષ, ઉંચાઈ-168 સે.મી.,વજન-50 કિ.ગ્રા., છાતી-77+5 સે.મી.

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

અનુસૂચિત જાતિના તાલીમાર્થીઓને 75 દિવસ માટે અગ્નિવીર બનવા માટે તાલીમ

પ્રત્યેક તાલીમાર્થી દીઠ મહિનાના રૂ.1000 લેખે કુલ રૂ.2500 ( 75 દિવસ માટે) સ્ટાઈપેન્ડ મળવાપાત્ર થશે.

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

ધોરણ-10ની માર્કશીટ, આધાર કાર્ડ, જાતિનો દાખલો

## અરજીની પ્રક્રિયા

રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટી, લવાડ, દહેગામ, જિ.ગાંધીનગર દ્વારા આપેલ જાહેરાત મુજબ

## મંજૂરીની પ્રક્રિયા

રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટી દ્વારા તાલીમાર્થીઓની મળેલ અરજીઓ પૈકી પ્રાથમિક તબક્કે શારીરિક કસોટી તથા લેખિત પરીક્ષા દ્વારા તાલીમાર્થીઓની પસંદગી.

## સંપર્ક અધિકારી/ અમલીકરણ કચેરી

આ યોજનાનું અમલીકરણ રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટી, લવાડ, દહેગામ, જિ.ગાંધીનગર મારફતે કરવામાં આવે છે.

## રાજ્ય કક્ષાએ લાગુ પડતા સંબંધિત ખાતાના વડાનો હોદ્દો, નામ અને વિભાગ

નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ



# શૈક્ષણિક
# નિવાસી સગવડો

# ડૉ. બાબાસાહેબ આંબેડકર સરકારી છાત્રાલય

## ઉદ્દેશ

ડૉ. બાબાસાહેબ આંબેડકર સરકારી છાત્રાલય અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને શહેરોમાં રહીને ભણવા તેમજ રહેવા-જમવા માટેની નિ:શુલ્ક સુવિધા પૂરી પાડે છે.

## પાત્રતાના ધોરણો

- ધોરણ 11-12 તથા તે પછીના કૉલેજ કક્ષાના અભ્યાસક્રમોમાં છેલ્લી વાર્ષિક પરીક્ષામાં 50 ટકા ગુણ મેળવેલા હોવા જોઈએ. જેમાં મેરિટના ધોરણે પ્રવેશ આપવામાં આવે છે.
- કુમાર માટે આવક મર્યાદા રૂ. 6 લાખ છે. કન્યાઓ માટે આવક મર્યાદા નથી.

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

વિદ્યાર્થીને પોતાના રૂમમાં અભ્યાસ તેમજ આરામ માટે પલંગ અને ઓઢવા-પાથરવાની પણ યોગ્ય સગવડ, પીવાનું શુદ્ધ પાણી અને નિયમિત પૌષ્ટિક આહારની સગવડો મળી રહે છે.

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

જાતિ અંગેનો દાખલો, શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ, આવકના દાખલાની પ્રમાણિત નકલ, આધારકાર્ડ.

## યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ/સમાજ કલ્યાણ અધિકારીશ્રી (હોસ્ટેલ)

## ઓનલાઈન અરજી માટે લિંક તથા વેબસાઈટની વિગત

https://esamajkalyan.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરી શકાય છે.

# અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો

### ઉદ્દેશ

અનુસૂચિત જાતિના લોકોનો સામાજિક, શૈક્ષણિક તથા આર્થિક રીતે વિકાસ થાય તે હેતુસર

### પાત્રતાના ધોરણો

- ધો. 5 થી 12માં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિના 60 ટકા વિદ્યાર્થીઓ, સામાજિક શૈક્ષણિક રીતે પછાતવર્ગના કે આર્થિક રીતે પછાત વર્ગના 30 ટકા વિદ્યાર્થીઓ, અનુસૂચિત જન જાતિના 10 ટકા વિદ્યાર્થીઓ.
- કુમારોના વાલી/પિતાની વાર્ષિક આવક ગ્રામ્ય અને શહેરી વિસ્તાર માટે રૂ 6 લાખ છે.
- કન્યાઓ માટે આવક મર્યાદા નથી.

### યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

આ છાત્રાલયોમાં અનુસૂચિત જાતિના છાત્રોને વિના મૂલ્યે રહેવા, જમવાની સુવિધા આપવામાં આવે છે.

### અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા

જાતિનો દાખલો, આવકનો દાખલો, આગલા ધોરણની માર્કશીટ, શાળા છોડયાનું પ્રમાણપત્ર, રેશનકાર્ડ, ફોટા, આધારકાર્ડ, શાળા/કોલેજનું બોનાફાઇડ સર્ટિફિકેટ

### યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

નાયબ નિયામકશ્રી અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત)

### અરજી કઈ કચેરી ખાતે કરવાની રહેશે

સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત સંબંધિત ગ્રા.ઈ.એ. છાત્રાલયમાં

### અરજીની પ્રક્રિયા

ઓફલાઈન

# અનુસૂચિત જાતિની ગ્રાન્ટ ઈન એઈડ આશ્રમશાળા

### ઉદ્દેશ

અનુસૂચિત જાતિના લોકોનો સામાજિક, શૈક્ષણિક તથા આર્થિક રીતે વિકાસ થાય તે હેતુસર સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી ગ્રાન્ટ ઇન એઇડના ધોરણે ધો. 1 થી 8 માં અભ્યાસ કરતા વિધાર્થીઓ માટે આશ્રમશાળાઓ કાર્યરત છે.

### પાત્રતાના ધોરણો

- ધો. 1 થી 8માં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિના 60 ટકા વિધાર્થીઓ, સામાજિક શૈક્ષણિક રીતે પછાતવર્ગના કે આર્થિક રીતે પછાત વર્ગના 30 ટકા વિધાર્થીઓ, અનુસૂચિત જન જાતિના 10 ટકા વિધાર્થીઓ.
- આશ્રમશાળાની માન્ય સંખ્યાની 20 ટકા સંખ્યા માત્ર કન્યાઓ માટે રાખવામાં આવે છે.

### યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

આશ્રમશાળાઓમાં વિધાર્થીઓને અભ્યાસ તેમજ નિ:શુલ્ક રહેવા જમવાની સહાય.

### અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

સરકાર દ્વારા નિયત થયા મુજબ

### યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારતો હોદ્દો

જિલ્લા નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

### અરજીની પ્રક્રિયા

ઓફલાઈન

### અરજીની કચેરી

સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત સંબંધિત આશ્રમશાળા ખાતે

# સમરસ છાત્રાલયો

## ઉદ્દેશ

- "એક છત હેઠળ તમામ જાતિના વિદ્યાર્થીઓ એક સાથે રહે" એ સમરસ છાત્રાલયોનો મુખ્ય ઉદ્દેશ છે.
- ગુજરાત રાજ્યના ઘણા શહેરોમાં વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે તેઓને ભણતર અર્થે જ્યારે પોતીકું ઘર છોડીને અન્ય શહેરમાં જવું પડે છે ત્યારે તેઓને રહેવાની અગવડ ન પડે તે હેતુસર શહેરોમાં સમરસ છાત્રાલયની સુવિધા આપવામાં આવે છે.
- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓ એક જ છત નીચે રહી અભ્યાસ કરે અને સામાજિક સમરસતા કેળવાય તેવા ઉમદા હેતુથી આ યોજના વર્ષ 2016-17 થી શરૂ કરવામાં આવી છે.
- રાજ્યના વિવિધ ગામડા તેમજ શહેરથી ધોરણ 12 પછી સ્નાતક અને અનુસ્નાતક કક્ષા તથા ઉચ્ચ કક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવીને અભ્યાસ તેમજ કારકિર્દી ઘડતર માટે શહેરમાં આવેલા વિદ્યાર્થી તેમજ વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરી શકે તે હેતુસર.

## પાત્રતાના ધોરણો

- ધોરણ ૧૨ પછીના સ્નાતક અને અનુસ્નાતક કક્ષા તથા ઉચ્ચ કક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવીને અભ્યાસ કરતા હોય તેઓને મેરિટના ધોરણે પ્રવેશ આપવામાં આવે છે.
- આવક મર્યાદા રૂ.6 લાખ છે, કન્યાઓ માટે આવક મર્યાદા નથી.

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

- સમરસ છાત્રાલયમાં વિદ્યાર્થીઓને તમામ પ્રકારની સુવિધા જેવી કે રહેવા, જમવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિ અને અન્ય પ્રવૃત્તિઓ વિનામૂલ્યે સારા વાતાવરણમાં અદ્યતન સુવિધાઓ સહિત ઉપલબ્ધ કરવામાં આવે છે.
- પીવાનું સ્વચ્છ પાણી, નાહવા માટે ગરમ પાણીની સુવિધા.
- વિદ્યાર્થીઓને વાંચન માટે લાયબ્રેરીની સુવિધા

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

- શૈક્ષણિક પુરાવાઓ
- જાતિનો દાખલો
- આવકનો દાખલો

## યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

સમાજ કલ્યાણ અધિકારી અને મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી સમરસ છાત્રાલય

## અરજીની કચેરી

સંબંધિત જિલ્લા સમરસ છાત્રાલય

## અરજીની પ્રક્રિયા

https://samras.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરી શકાય છે.

## યોજના અમલીકરણ કચેરીનું નામ તથા જિલ્લા અધિકારીનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામકશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ, વિકસતી જાતિ કલ્યાણ અને આદિજાતિ વિકાસ અધિકારી)

સમાજ કલ્યાણ અધિકારીશ્રી (સમરસ હોસ્ટેલ)

## રાજ્ય કક્ષાએ લાગુ પડતા સંબંધિત ખાતાનાં વડાનો હોદ્દો, નામ અને વિભાગ

ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ



## રાજ્યના સમરસ છાત્રાલયોની યાદી

| ક્રમ | સમરસ છાત્રાલયનું નામ | છાત્ર ક્ષમતા | સંબંધિત સમરસ છાત્રાલયોની મહેકમ કચેરી |
|---|---|---|---|
| 1 | સમરસ છાત્રાલય (કન્યા), અમદાવાદ | 1000 | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર |
| 2 | સમરસ છાત્રાલય (કુમાર), અમદાવાદ | 1000 | |
| 3 | સમરસ છાત્રાલય (કન્યા), આણંદ | 250 | |
| 4 | સમરસ છાત્રાલય (કુમાર), આણંદ | 250 | |
| 5 | સમરસ છાત્રાલય (કન્યા), ભૂજ | 250 | |
| 6 | સમરસ છાત્રાલય (કુમાર), ભૂજ | 250 | |
| 7 | સમરસ છાત્રાલય (કન્યા), વડોદરા | 1000 | કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગર |
| 8 | સમરસ છાત્રાલય (કુમાર), વડોદરા | 1000 | |
| 9 | સમરસ છાત્રાલય (કન્યા), સુરત | 1000 | |
| 10 | સમરસ છાત્રાલય (કુમાર), સુરત | 1000 | |
| 11 | સમરસ છાત્રાલય (કન્યા), હિંમતનગર | 250 | |
| 12 | સમરસ છાત્રાલય (કુમાર), હિંમતનગર | 250 | |
| 13 | સમરસ છાત્રાલય (કન્યા), મોડાસા | 250 | |
| 14 | સમરસ છાત્રાલય (કુમાર), મોડાસા | 250 | |
| 15 | સમરસ છાત્રાલય (કન્યા), ભાવનગર | 1000 | નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર |
| 16 | સમરસ છાત્રાલય (કુમાર), ભાવનગર | 1000 | |
| 17 | સમરસ છાત્રાલય (કન્યા), રાજકોટ | 1000 | |
| 18 | સમરસ છાત્રાલય (કુમાર), રાજકોટ | 1000 | |
| 19 | સમરસ છાત્રાલય (કન્યા), જામનગર | 500 | |
| 20 | સમરસ છાત્રાલય (કુમાર), જામનગર | 500 | |
| 21 | સમરસ છાત્રાલય (કન્યા), પાટણ | 250 | |
| 22 | સમરસ છાત્રાલય (કુમાર), પાટણ | 250 | |
| 23 | સમરસ છાત્રાલય (કુમાર), ગાંધીનગર | 500 | |

# અનુસૂચિત જાતિની આદર્શ નિવાસી શાળા

## ઉદ્દેશ

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓમાં શિક્ષણનો વ્યાપ વધારવો

## આવક મર્યાદા

કુમાર માટે આવક મર્યાદા રૂ.6 લાખ છે. જ્યારે કન્યા માટે આવક મર્યાદા નથી.

## પાત્રતાના ધોરણો

- આદર્શ નિવાસી શાળાઓમાં પ્રવેશ માટે ધોરણ-8માં ઓછામાં ઓછા 50 ટકા ગુણ હોવા જોઈએ. શાળાની સંખ્યાને ધ્યાનમાં લઈ છાત્રોને મેરિટ મુજબ પ્રવેશ.
- 50 ટકાના આ ધોરણમાં જરૂર જણાયે કન્યા છાત્રાઓ માટે 45 ટકા સુધી ગુણદોષના આધારે છૂટછાટ.
- અતિપછાત જાતિ માટે 15 ટકા બેઠકો અનામત રાખવામાં આવે છે.
- આવા છાત્રો પૈકી અતિ પછાત દિવ્યાંગ છાત્રો અથવા તો વિધવા-ત્યકતાના બાળકો જેવા કેસોમાં પણ 45 ટકા સુધી ગુણદોષના આધારે છૂટછાટ.
- ધોરણ-10, 11 તથા ધોરણ-12ના વર્ગોમાં નિવાસી શાળાના છાત્રોને પ્રવેશ આપ્યા બાદ જો ખાલી જગ્યાઓ રહેતી હોય અને ધોરણ-10, 11માં તથા ધોરણ-12માં બહારના છાત્રોને દાખલ કરવા હોય તો પણ ઉપર દર્શાવેલા ધારાધોરણો સમાનપણે અમલ કરવામાં આવશે.
- આ ફેરફાર માત્ર પ્રવેશ પદ્ધતિ પુરતો મર્યાદિત હોઈ મૂળ હુકમોની અન્ય જોગવાઈ યથાવત અમલમાં રહેશે.

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

ધો- 9 થી 12ના વિદ્યાર્થીઓને નિવાસી શાળામાં રહેવા જમવાની વ્યવસ્થા સાથે અભ્યાસની સુવિધા નિ:શૂલ્ક પુરી પાડવામાં આવે છે.

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

અનુસૂચિત જાતિનો દાખલો/ ગત વાર્ષિક પરીક્ષાની માર્કશીટ / કુટુંબની વાર્ષિક આવકનો દાખલો/ રહેઠાણનો પુરાવો/ વિધાર્થીનું આધારકાર્ડ

## યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ/આચાર્યશ્રી, આદર્શ નિવાસી શાળા

## અરજીની પ્રક્રિયા

https//esamajkalyan.gujarat.gov.in/

## યોજના અમલીકરણ થતી હોય તેને લાગુ પડતી જિલ્લા કચેરીનું નામ તથા જિલ્લા અધિકારીનો હોદ્દો

નાયબ નિયામકશ્રીની કચેરી, અનુસૂચિત જાતિકલ્યાણ

## રાજ્યકક્ષાએ લાગુ પડતા સંબંધિત ખાતાના વડાનો હોદ્દો, નામ અને વિભાગ

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ



# આવાસલક્ષી યોજનાઓ



# ડૉ. આંબેડકર આવાસ યોજના

## ઉદ્દેશ

આ યોજનાનો હેતુ અનુસૂચિત જાતિના નબળી આર્થિક સ્થિતિ ધરાવતા તથા ગરીબી રેખા હેઠળ જીવતા ઘરવિહોણા લોકોને આવાસો પૂરા પાડવાનો છે.

## પાત્રતાના ધોરણો

- પોતાનું ઘર બનાવવા માંગતા અનુસૂચિત જાતિના લાભાર્થી ઘરવિહોણા હોવા જોઈએ.
- લાભાર્થી પાસે પોતાની માલિકીનો પ્લોટ અથવા કાચું ગાર માટીનું મકાન હોય.
- અનુસૂચિત જાતિના લાભાર્થીમાં જે વ્યક્તિના નામે ભોંયતળીયે મકાન હોય તો તેના પ્રથમ માળે તેમના પુખ્ત વયના પુત્ર કે ભાઈને જમીન કે મકાન માલિકની સંમતિથી આ યોજનાનો લાભ મળી શકે છે.
- લાભાર્થી દ્વારા અથવા લાભાર્થીના અન્ય કુટુંબના સભ્યો દ્વારા રાજ્ય સરકારની અન્ય કોઈપણ આવાસ યોજના હેઠળ લાભ લીધેલો ન હોવો જોઈએ.
- ડૉ આંબેડકર આવાસ યોજના હેઠળ મળેલી સહાયથી મકાનનું સંપૂર્ણ બાંધકામ પૂર્ણ ન થાય તો બાકીની રકમ લાભાર્થીએ પોતે ઉમેરી મકાન બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે.
- હાલમાં મકાન બાંધકામની ટોચ મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં 7 લાખ અને શહેરી વિસ્તારમાં 10 લાખ છે.
- મકાન સહાય પ્રથમ હપ્તાની ચૂકવણી કર્યેથી બે વર્ષમાં મકાન બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે.
- આવક મર્યાદા રૂ.6 લાખ

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

મકાન બાંધવા માટે રૂ 1,70,000 ચાર હપ્તામાં ચૂકવવામાં આવે છે. રૂ.1,70,000 સહાય પૈકી

- પ્રથમ હપ્તો રૂ.30,000 (વહીવટી મંજૂરીની હુકમ સાથે)
- બીજા હપ્તો રૂ.80,000 (પ્લીન્થ લેવલ થયેથી)
- ત્રીજો હપ્તો રૂ. 50,000 (રૂફ કાસ્ટ લેવલ પૂર્ણ થયેથી)
- ચોથો હપ્તો રૂ. 10,000 (શૌચાલય સહિતનુ આવાસ પૂર્ણ થયેથી)

ઉપરાંત, જે લાભાર્થી દ્વારા સ્વચ્છ ભારત મિશન હેઠળ અગાઉ શૌચાલયનો લાભ લેવામાં આવેલ ન આવ્યો હોય, તેવા લાભાર્થીને શૌચાલય માટે સ્વચ્છ ભારત મિશન હેઠળ રકમ રૂ.12,000ની સહાય મળવાપાત્ર થશે.

લાભાર્થીને મનરેગા યોજના હેઠળ 90 દિવસની રોજગારી પેટે દૈનિક વેતનદર રકમ રૂ.288 મુજબ રકમ રૂ.25,920ની સહાય મળવાપાત્ર થશે હોય છે. (મનરેગા યોજના હેઠળ જોબકાર્ડ હોવું અનિવાર્ય)

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

- અરજદારનું આધાર કાર્ડ,
- અરજદારનું રેશનકાર્ડ,
- અરજદારની જાતિ/પેટા જાતિનો દાખલો, અરજદારના કુટુંબની કુલ વાર્ષિક આવકનો દાખલો, રહેઠાણના પુરાવારૂપે વીજળી બિલ/લાઈસન્સ/ભાડાકરાર/ચૂંટણી કાર્ડ/રેશનકાર્ડ પૈકી કોઇપણ એક રજૂ કરવાનું રહેશે.
- જમીન માલિકીનું લાગુ પડતું આધાર/દસ્તાવેજ/આકારણી પત્રક/હક પત્રક/સનદ પત્રક.
- બેંક પાસબુકની પ્રથમ પાનાની નકલ/રદ કરેલ ચેક રજૂ કરવાનો રહેશે.
- લાભાર્થી જો વિધવા મહિલા હોય તો પતિના મરણનો દાખલો પણ અરજીમાં રજૂ ઉમેરવાનો રહેશે.
- જમીનનું ક્ષેત્રફળ ધરાવતા નકશાની નકલ, ચૂંટણી ઓળખપત્ર, મકાન બાંધકામ રજા ચિઠ્ઠી તથા અગાઉ આ યોજનામાં લાભ લીધો નથી તેવું સોગંદનામું.

## અરજીની પ્રક્રિયા

https//esamajkalyan.gujarat.gov.in મારફત ઓનલાઈન અરજી થઈ શકશે.

## યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

- જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી
- જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) જિલ્લા પંચાયત

## અરજી કઈ કચેરી ખાતે કરવાની રહેશે

શહેરી વિસ્તાર માટે જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી, ગ્રામ્ય વિસ્તાર માટે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત), જિલ્લા પંચાયત

# સામાજિક ઉત્કર્ષની યોજનાઓ



# કુંવરબાઈનું મામેરું યોજના

## ઉદ્દેશ

અનુસૂચિત જાતિની કન્યાઓને તેમના લગ્ન પ્રસંગે આર્થિક મદદ કરવાનો

## પાત્રતાના ધોરણો

- યુવકની વય 21 તથા કન્યાની વય 18 વર્ષ હોવી આવશ્યક
- કુટુંબની કુલ બે કન્યા સુધી પુનઃલગ્નના કિસ્સામાં પણ આ યોજનામાં લાભ મળવાપાત્ર થશે.
- આવક મર્યાદા રૂ.6 લાખ

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

આ યોજનામાં અનુસૂચિત જાતિની એક કુટુંબની બે કન્યાઓ સુધી કન્યા દીઠ રૂ. 12,000 સહાય આપવામાં આવે છે. એક કુંટુબમાં બે દીકરીના લગ્ન સમયે લાભ આપવામાં આવે છે.

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

કન્યાનું આધાર કાર્ડ, કન્યાના પિતા/વાલીનું આવકનો દાખલો, લગ્ન નોંધણી પ્રમાણપત્ર, સક્ષમ અધિકારીશ્રી પાસેથી પ્રાપ્ત કન્યાની જાતિનો દાખલો, બેંક પાસબુકની પ્રથમ પાનાની નકલ / રદ કરેલ ચેક (કન્યાના નામ પાછળ પિતા/વાલીનું નામ હોય તે), સ્વ-ઘોષણા (સેલ્ફ ડિક્લેરેશન), રેશનકાર્ડ

## યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

શહેરી વિસ્તાર માટે નાયબ નિયામક, અનુ.જાતિ કલ્યાણની કચેરી અને ગ્રામ્ય વિસ્તાર માટે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત),જિલ્લા પંચાયત

## અરજીની પ્રક્રિયા

https//esamajkalyan.gujarat.gov.in પર અરજી કરી શકાશે.

# સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના

## ઉદ્દેશ

અનુસૂચિત જાતિના લોકો નબળી આર્થિક પરિસ્થિતિના કારણે કુટુંબના સભ્યનાં મૃત્યુના પ્રસંગે મૃતકના પાર્થિવદેહની અંત્યેષ્ટિ માટે / મરણોત્તર ક્રિયા માટે થનાર ખર્ચને પહોંચી વળવા માટે નાણાંકીય સહાય આપવામાં આવે છે.

## પાત્રતાના ધોરણો

અરજદાર અનુસૂચિત જાતિના હોવા જોઈએ, અવસાન પામેલી વ્યક્તિના મૃત્યુ અંગેનું "મરણનું પ્રમાણપત્ર" રજૂ કરવાનું રહેશે, કુટુંબના સભ્યના મૃત્યુના છ માસમાં અરજી કરવાની રહે છે, આવક મર્યાદા રૂ.6 લાખ

## યોજના અંતર્ગત મળતી સહાય / લાભ

કુટુંબના સભ્યના મરણ પ્રસંગે અંત્યેષ્ઠિ માટે રૂ. 5,000 નાણાકીય સહાય

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

આવક / જાતિનો દાખલા / બેંક પાસબુકની ઝેરોક્ષ /રહેઠાણનો પુરાવો/ આધારકાર્ડ/મરણ પ્રમાણપત્ર

## યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારો હોદ્દો

શહેરી વિસ્તાર માટે નાયબ નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ અને ગ્રામ્ય વિસ્તાર માટે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (જિલ્લા પંચાયત)

## અરજીની પ્રક્રિયા

https//esamajkayan ujarat.gov.in/પર ઓનલાઈન અરજી કરી શકાશે.

# "પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના" (PMAGY)

## ઉદ્દેશ

- જે ગામડાઓમાં 50% જેટલી અનુસૂચિત જાતિની વસ્તી હોય તેવા ગામડાઓ પસંદ કરી અનુસૂચિત જાતિના લોકોનો વિકાસ કરવાનો આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ છે.
- પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના હેઠળ ગામના લોકોને મૂળભૂત સેવાઓ પૂરી પાડી સમાજમાં પ્રવર્તતી અસમાનતાઓને ઘટાડવાનો પ્રયાસ છે.

## પાત્રતાના ધોરણો

જે ગામડાઓમાં 50% જેટલી અનુસૂચિત જાતિની વસ્તી હોય તેવા ગામડાઓ

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

ભારત સરકાર દ્વારા પસંદ પામેલા ગામોને કેંદ્ર સરકાર દ્વારા 21 લાખની રકમ ફાળવવામાં આવે છે. જે પૈકી રૂ.20 લાખની રકમ પસંદ થયેલા ગામોમાં ગેપ-ફિલીંગ હેઠળ હાથ ધરવાની પ્રવૃત્તિઓ માટે અને બાકીની 1 લાખની રકમ વહીવટી અને અન્ય ખર્ચ માટે ફાળવવામાં આવે છે. નિર્ધારિત ગુણાંક પ્રાપ્ત થયે તે ગામને આદર્શ ગ્રામ જાહેર કરવામાં આવે છે. ભારત સરકાર દ્વારા પસંદગી પામેલા ગામોને ગેપ-ફિલીંગ હેઠળ હાથ ધરવાની પ્રવૃત્તિઓ જેવી કે, પીવાનું પાણી અને સ્વચ્છતા, શિક્ષણ, આરોગ્ય અને પોષણ, સામાજિક સુરક્ષા, ગ્રામીણ રસ્તાઓ અને આવાસ, વીજળી અને સ્વચ્છ બળતણ, કૃષિ વ્યવહારો, નાણાકીય સમાવેશ, ડિજિટલાઈઝેશન, જીવનશૈલી અને કૌશલ્ય વિકાસ.

## યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ (જિલ્લા કક્ષાએ તેમજ ગ્રામ્ય કક્ષાએ કામોની મંજૂરી તથા દેખરેખ રાખવા માટે સમિતિઓની રચના કરાવામાં આવી છે.)

## રાજ્ય કક્ષાએ લાગુ પડતા સંબંધિત ખાતાના વડાનો હોદ્દો, નામ અને વિભાગ

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

# ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના - કેન્દ્ર તથા રાજ્ય પુરસ્કૃત

## ઉદ્દેશ

અનુસૂચિત જાતિના તથા અન્ય સમાજના લગ્નવાચ્છુ યુવક-યુવતીઓમાં સામાજિક સમરસતા વધારવાનો ઉમદા ઉદ્દેશ્ય - હિંદુ ધર્મની અનુસૂચિત જાતિની વ્યક્તિ અને હિંદુ ધર્મની અનુસૂચિત જાતિ સિવાયની અન્ય જાતિની વ્યક્તિઓ વચ્ચેના લગ્ન દ્વારા સામાજિક સમરસતા લાવવાના ભાગરૂપે ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના અમલમાં છે.

## પાત્રતાના ધોરણો

- આંતરજ્ઞાતિય લગ્ન કરનાર યુગલ પૈકી કોઈપણ એક અનુસૂચિત જાતિના હોવા જોઈએ.
- આંતરજ્ઞાતિય લગ્ન કરનાર યુગલ પૈકી કોઇ એક વ્યક્તિ ગુજરાતની મૂળ વતની હોવી જોઇએ
- આવા લગ્નનની નોંધણી કરાવવાની રહેશે અને લગ્ન કર્યા બાદ બે વર્ષની અંદર આ યોજના માટે સહાય મેળવવા અરજી કરવાની રહેશે.
- અનુસૂચિત જાતિ સિવાયની બીજી વ્યક્તિ પરપ્રાંતની હોય તો તેને જે તે પ્રાંત કે રાજ્યમાં અસ્પૃશ્ય ગણાતી નથી અને હિંદુ ધર્મ પાળે છે તે બાબતનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.
- વિધુર કે વિધવા કે જેને બાળકો ન હોય તેવા પુનઃ લગ્ન કરે તો આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર થશે.
- લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર મેળવતા સમય રજૂ કરવામાં આવતું લગ્ન વિજ્ઞપ્તિનું ફ્રોર્મ આપવાનું રહેશે.
- આવક મર્યાદા નથી.

## યોજના અંતર્ગત મળતી સહાય અને લાભ

આ યોજના હેઠળ અનુ.જાતિની વ્યક્તિ સાથે હિંદુ સવર્ણ વ્યક્તિ આંતરજ્ઞાતિય લગ્નથી જોડાય તો તેવા યુગલને કુલ મળીને રૂ. 2.50 લાખની સહાય મળવાપાત્ર રહેશે. જેમાં,

1. પતિ-પત્નીના સંયુક્ત નામે નાની બચતના પ્રમાણપત્ર ભેટ સ્વરૂપે રૂ. 1 લાખ
2. ઘરવપરાશના સાધનો ખરીદવા માટે રોકડ સહાય રૂ.1.50 લાખ

## યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

- અરજદારનું આધારકાર્ડ
- અરજદારની જાતિનું પ્રમાણપત્ર
- લગ્ન પ્રમાણપત્ર
- મરણનો દાખલો (લગ્ન સમયે અરજદાર વિધુર/વિધવા હોય તો)
- મરણનો દાખલો (લગ્ન સમયે યુવક/યુવતી વિધુર/વિધવા હોયતો)

## અરજીની પ્રક્રિયા

https//esamajkalyan.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરી શકાય છે.

## અરજીની કચેરી

જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી

## યોજના અમલીકરણ કચેરીનું નામ તથા જિલ્લા અધિકારીનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી

## યોજના અમલીકરણ થતી હોય તેને લાગુ પડતી તાલુકા કચેરીનું નામ તથા તાલુકા અધિકારીનો હોદ્દો

સમાજકલ્યાણ નિરીક્ષક, તાલુકા પંચાયત કચેરી

## રાજ્ય કક્ષાએ લાગુ પડતા સંબંધિત ખાતાના વડાનો હોદ્દો, નામ અને વિભાગ

નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

# માઈ રમાબાઈ આંબેડકર સાતફેરા સમૂહલગ્ન યોજના

## ઉદ્દેશ

અનુસૂચિત જાતિમાં લગ્ન પ્રસંગે થતાં ખોટા ખર્ચ અને રીતરિવાજો અટકાવવા માટે તેમજ સમૂહલગ્નને પ્રોત્સાહન આપવા

## પાત્રતાના ધોરણો

- આ યોજનાનો લાભ લેનાર યુગલ, લગ્ન માટેની નિયત વય ધરાવતા હોવા જોઈએ.
- ઓછામાં ઓછા 10 યુગલના સમૂહલગ્ન થવા જોઈએ.
- આવક મર્યાદા રૂ.6 લાખ

## યોજના અંતર્ગત મળતી સહાય લાભ

- આ યોજના હેઠળ ઓછામાં ઓછા 10 યુગલોના સમૂહલગ્નમાં યુગલદીઠ સમૂહલગ્ન વખતે જ રૂ.12,000 કન્યાના નામે આપવામાં આવે છે.
- સમુહ લગ્નનું આયોજન કરવા માટે આયોજક સંસ્થાને યુગલદીઠ રૂ. 3,000 લેખે પ્રોત્સાહક રકમ વધુમાં વધુ રૂ.75,000ની મર્યાદામાં મંજૂર કરવામાં આવે છે.

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

લગ્નની કંકોત્રી, સંસ્થાનું નોંધણી અંગેનું પ્રમાણપત્ર, જિલ્લા નાયબ નિયામક/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીને અગાઉથી લેખિત જાણ કરેલી હોય તે સંસ્થાનો પત્ર, બેન્ક પાસબુકની પ્રથમ પાનાની નકલ/રદ કરેલ ચેક

## ઓનલાઈન અરજી માટે લિંક તથા વેબસાઈટની વિગત

https://esamajkalyan.gujarat.gov.in પર ઓનલાઈન કરી શકાય છે.

## યોજના અમલી કરનાર કચેરીનુંનામ અને મંજૂર કરનારનો હોદ્દો

શહેરી વિસ્તાર માટે જિલ્લા નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી અને ગ્રામ્ય વિસ્તાર માટે સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) જિલ્લા પંચાયત

# ડૉ. બાબાસાહેબ આંબેડકર એવૉર્ડ

## ઉદ્દેશ

અનુસૂચિત જાતિના તથા પછાતવર્ગના લોકોમાં સામાજિક ન્યાય અને માનવ અધિકારો પ્રત્યે જાગૃત્તિ લાવવા તેઓને શૈક્ષણિક, આર્થિક અને સામાજિક ક્ષેત્રે અન્ય સમાજની હરોળમાં લાવવા બદલ યોગદાન આપનારને વ્યક્તિગત ધોરણે આ એવોર્ડ વર્ષ 1995થી આપવામાં આવે છે.

## પાત્રતાના ધોરણો

(1) આ એવોર્ડ વ્યક્તિગત ધોરણે આપવામાં આવે છે. (૨) આ એવોર્ડ મરણોત્તર એવોર્ડ તરીકે આપવામાં આવશે નહીં. (3) છેલ્લા 10 વર્ષમાં વ્યક્તિએ અનુસૂચિત જાતિ અને સમાજના નબળા વર્ગના લોકોના ઉત્કર્ષ માટે કરેલા યોગદાનને એવોર્ડ આપવા માટે ધ્યાનમાં લેવામાં આવશે. તેમ છતાં આવી વ્યક્તિએ અગાઉ અનુસૂચિત જાતિ સમેત સમાજના નબળા વર્ગના ઉત્કર્ષ માટે કોઈ મહત્ત્વનું/યાદગાર યોગદાન આપેવું હોય તો તે ધ્યાનમાં લેવામાં આવશે. (4) અનુસૂચિત જાતિની વ્યક્તિ જ અરજી કરવાને પાત્ર રહેશે.

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

રૂ. 2 લાખની રોકડ રકમ

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

(1)જાતિનું પ્રમાણપત્ર (જાતિના સંદર્ભ માટે પ્રમાણિત નકલ) (૨) જન્મનો દાખલો /શાળા છોડ્યાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ (3) એવૉર્ડ માટે ભલામણ કરેલ મહાનુભાવોની વિગત (ચાલુ વર્ષની જાહેરાતના સંદર્ભમાં) (4) અગાઉ કોઈ એવૉર્ડ મળેલો હોય તો તેની વિગત (વર્ષ સહિત વિગતો આપવી.) (5) એવોર્ડ માટે અરજી કરનારનો અધતન ફોટોગ્રાફ તથા મોબાઈલ નંબર (6) રહેઠાણનો પુરાવો (7) શૈક્ષણિક લાયકાત (8) સમાજ કલ્યાણના કયા ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન કરેલું છે. (આધાર સહિત) (9) બેંક પાસબુકની નકલ

## યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર

## અરજીની પ્રક્રિયા

ઓફલાઈન

## અરજી કઈ કચેરી ખાતે કરવાની રહેશે

જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી

# મહાત્મા ગાંધી એવૉર્ડ

## ઉદ્દેશ

પૂજ્ય મહાત્મા ગાંધીજીના આદર્શો અને મૂલ્યોને તથા ગાંધીવાદી વિચારસરણી દ્વારા અનુસૂચિત જાતિ વિકાસ માટે મહત્ત્વનું યોગદાન આપનાર અને અનુસૂચિત જાતિ માટે કામ કરતી મુંબઇ પબ્લિક ટ્રસ્ટ એક્ટ કે ગુજરાત સહકારી મંડળીઓના કાયદા હેઠળ નોંધાયેલા મંડળ, સંસ્થાને રાજ્ય સરકાર તરફથી મહાત્મા ગાંધી એવોર્ડ આપવામાં આવે છે.

## પાત્રતાના ધોરણો

(1) એવોર્ડ સંસ્થાને આપવામાં આવશે. (2) અનુ. જાતિની સંસ્થાઓ જ અરજી કરવાને પાત્ર રહેશે. (3) છેલ્લા દસ વર્ષમાં સંસ્થાએ અનુસૂચિત જાતિ તથા સમાજના નબળા વર્ગના લોકોના ઉત્કર્ષ માટે આપેલા યોગદાનને એવોર્ડ આપવા માટે ધ્યાનમાં લેવામાં આવશે તેમ છતાં અગાઉ આવી સંસ્થાએ અનુસૂચિત જાતિ સમેત સમાજના નબળા વર્ગના ઉત્કર્ષ માટે કોઈ મહત્ત્વનું યાદગાર યોગદાન આપેલું હોય તો તે ધ્યાનમાં લેવામાં આવશે.

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

રૂ.2 લાખની રોકડ રકમ

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

(1) સંસ્થાના નોંધણી પ્રમાણપત્રની નકલ (2) સંસ્થાના છેલ્લા બે વર્ષના ઓડીટ અહેવાલ (3) એવોર્ડ માટે ભલામણ કરેલ મહાનુભાવોની વિગત (ચાલુ વર્ષની જાહેરાતના સંદર્ભમાં) (4) અગાઉ કોઈ એવોર્ડ મળેલ હોય તો તેની વિગત (વર્ષ સહિત વિગતો આપવી.) (5) સંસ્થાના સંચાલક/વ્યવસ્થાપકના રહેઠાણનો પુરાવો (6) શૈક્ષણિક લાયકાત (7) સમાજ કલ્યાણના કયા ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન કરેલ છે. (આધાર સહિત) (8) બેંક પાસબુકની નકલ

## યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર

## અરજીની પ્રક્રિયા

ઓફલાઈન

## યોજના અમલીકરણ કચેરીનું નામ તથા જિલ્લા અધિકારીનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ કચેરી

# સંતશ્રી કબીર સાહિત્ય એવોર્ડ

## ઉદ્દેશ

અનુસૂચિત જાતિના તથા પછાતવર્ગના લોકોમાં શોષણ, દમન, પીડા, વિદ્રોહ સંઘર્ષ અને આકાંક્ષાઓને અભિવ્યક્ત કરી માનવીય ગરિમા સાથે તેમનામાં અધિકારો માટે જાગૃતિ લાવતા અને ખાસ કરીને વિભિન્ન વર્ગોમાં સામાજિક સમરસતા પ્રસ્થાપિત કરી અનુસૂચિત જાતિમાં અસ્મિતા પ્રગટ કરતાં સર્જનાત્મક સાહિત્ય ક્ષેત્રે મહત્ત્વના અને મૌલિક યોગદાન આપનારા અનુસૂચિત જાતિના સાહિત્યકારોને સંતશ્રી કબીર સાહિત્ય એવોર્ડ આપવામાં આવે છે. આ એવોર્ડ તા. 07/02/2001ના સરકારનાં ઠરાવથી વર્ષ 2001થી આપવામાં આવે છે. આ એવૉર્ડ 2001માં કવિ નરસિંહ મહેતા સાહિત્ય એવોર્ડ તરીકે આપવામાં આવતો હતો ત્યારબાદ તા. 03/02/2002ના સરકારના ઠરાવથી આ એવોર્ડનું "કવિ નરસિંહ મહેતા" નામના બદલે "સંતશ્રી કબીર સાડિત્ય એવૉર્ડ આપવાનું નક્કી કરવામાં આવ્યું.

## પાત્રતાના ધોરણો

(1) આ એવોર્ડ વ્યકિતગત ધોરણે આવવામાં આવે છે. (2) છેલ્લા 10 વર્ષમાં વ્યક્તિએ અનુસૂચિત જાતિ અને સમાજના નબળા વર્ગના લોકોના ઉત્કર્ષ માટે આપેલા યોગદાનને એવૉર્ડ આપવા માટે ધ્યાનમાં લેવામાં આવશે. તેમ છતાં આવી વ્યક્તિએ અગાઉ અનુ. જાતિ ઉપરાંત સમાજના નબળા વર્ગના ઉત્કર્ષ માટે કોઈ મહત્ત્વનું/યાદગાર યોગદાન કર્યુ હોય તો તે ધ્યાનમાં લેવામાં આવશે.

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

રૂ. 1 લાખની રોકડ રકમ

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

(1) જાતિનું પ્રમાણપત્ર (જાતિના સંદર્ભ માટે પ્રમાણિત નકલ) (ર) જન્મનો દાખલો/સ્કૂલ લીવીંગ પ્રમાણપત્ર પ્રમાણિત નકલ (3) એવોર્ડ માટે ભલામણ કરેલ મહાનુભાવોની વિગત (ચાલુ વર્ષની જાહેરાતના સંદર્ભમાં) (4) અગાઉ કોઈ એવોર્ડ મળ્યો હોય તો તેની વિગત (વર્ષ સહિત વિગતો આપવી.) (5) એવોર્ડ માટે અરજી કરનારનો અધતન ફોટોગ્રાફ તથા મોબાઈલ નંબર (6) રહેઠાણનો પુરાવો (7) શૈક્ષણિક લાયકાત (8) સમાજકલ્યાણના કયા ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન કર્યુ છે. આધાર સહિત વિગત (9) બેંક પાસબુકની નકલ (10) આધાર કાર્ડ

## યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર

## અરજીની પ્રક્રિયા

ઓફલાઈન

# સાવિત્રીબાઈ ફૂલે મહિલા કલા - સાહિત્ય એવૉર્ડ

## ઉદ્દેશ

અનુસૂચિત જાતિઓ સહિત સમગ્ર વર્ગોમાં માનવીય ગરિમા સાથે તેમનામાં અધિકારો માટે જાગૃતિ લાવતા અને ખાસ કરીને વિભિન્ન વર્ગોમાં સામાજિક સમરસતા પ્રસ્થાપિત કરી અનુસૂચિત જાતિની વ્યક્તિઓમાં અસ્મિતા પ્રગટ કરતા સર્જનાત્મક સાહિત્ય ક્ષેત્રે મહત્ત્વના અને મૌલિક યોગદાન આપનાર અનુસૂચિત જાતિની મહિલા લેખિકા તથા  હસ્તકલા કારીગર મહિલાઓને "સાવિત્રીબાઈ ફૂલે મહિલા કલા/સાહિત્ય એવોર્ડ આપવામાં આવશે.

## પાત્રતાના ધોરણો

(1) આ એવૉર્ડ વ્યક્તિગત ધોરણે આપવામાં આવે છે. (2) છેલ્લા પાંચ વર્ષમાં અનુ. જાતિની વ્યક્તિએ અનુસૂચિત જાતિના લોકોના ઉત્કર્ષ માટે સર્જનાત્મક સાહિત્ય ક્ષેત્રે જ્યારે હસ્તકલા કામગીરીમાં છેલ્લા પાંચ વર્ષનો હસ્તકલા ક્ષેત્રે અનુસૂચિત જાતિના લોકોના ઉત્કર્ષ માટે સર્જનાત્મક કમગીરી કરી હોય અને અનુ.જાતિના લોકોને હસ્તકલા કામગીરી ક્ષેત્રે આગળ લાવવા માટે અનુસૂચિત જાતિની મહિલાએ આપેલા યોગદાનને એવોર્ડ આપવા માટે ધ્યાનમાં લેવામાં આવશે.

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

રૂ. 1 લાખની રોકડ રકમ

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

(1) જાતિનું પ્રમાણપત્ર (જાતિના સંદર્ભ માટે પ્રમાણિત નકલ) (2) જન્મનો દાખલો/સ્કુલ લીવીંગ પ્રમાણપત્ર પ્રમાણિત નકલ (3) એવોર્ડ માટે ભલામણ કરેલા મહાનુભાવોની વિગત (ચાલુ વર્ષની જાહેરાતના સંદર્ભમાં) (4) અગાઉ કોઈ એવોર્ડ મેળવ્યો હોય તો તેની વિગત (વર્ષ સહિત વિગતો આપવી.) (5) એવોર્ડ માટે અરજી કરનારનો અધતન ફોટોગ્રાફ તથા મોબાઈલ નંબર (6) રહેઠાણનો પુરાવો (7) શૈક્ષણિક લાયકાત (8) સમાજકલ્યાણના કયા ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન કર્યું છે. આધાર સહિતની વિગત (9) બેંક પાસબુકની નકલ

## યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર

## અરજીની પ્રક્રિયા

ઓફલાઈન

# મહાત્મા ફૂલે શ્રેષ્ઠ પત્રકાર એવૉર્ડ

## ઉદ્દેશ

અનુસૂચિત જાતિઓ સહિત સમગ્ર વર્ગોમાં માનવીય ગરિમા સાથે તેમનામાં અધિકારો માટે જાગૃતિ લાવતા અને ખાસ કરીને વિભિન્ન વર્ગોમાં સામાજિક સમરસતા પ્રસ્થાપિત કરી અનુ.જાતિના વ્યક્તિઓમાં અસ્મિતા પ્રગટ કરતા તેમજ સમાજ ઉપર થતા અત્યાચારો, તેઓના પ્રશ્નો, સમસ્યાઓ વગેરે બાબતે દૈનિક, અઠવાડિક, પાક્ષિક કે માસિક સામાયિકોના માધ્યમ દ્વારા અનુ.જાતિના પ્રશ્નોના પ્રજા સમક્ષ રજૂ કરતા પત્રકારને "મહાત્મા ફૂલે શ્રેષ્ઠ પત્રકાર એવૉર્ડ" આપવામાં આવે છે.

## પાત્રતાના ધોરણો

1. આ એવોર્ડ વ્યક્તિગત ધોરણે આપવામાં આવે છે.
2. છેલ્લા પાંચ વર્ષમાં અનુસૂચિત જાતિના લોકોના ઉત્કર્ષ માટે સર્જનાત્મક પત્રકારત્વ બાબતે વિશિષ્ટ યોગદાનને એવોર્ડ આપવા માટે ધ્યાને લેવામાં આવે છે.

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

રૂ. 50 હજારની રોકડ રકમ

## અરજી સમયે રજૂ કરવાના થતા પુરવા

(1) જાતિનું પ્રમાણપત્ર (જાતિના સંદર્ભ માટે પ્રમાણિત નકલ) (૨) જન્મનો દાખલો/સ્કૂલ લીવીંગ પ્રમાણપત્ર પ્રમાણિત નકલ (3) એવોર્ડ માટે ભલામણ કરેલ મહાનુભાવોની વિગત (ચાલુ વર્ષની જાહેરાતના સંદર્ભમાં) (4) અગાઉ કોઇ એવૉર્ડ મળેલ હોય તો તેની વિગત (વર્ષ સહિત વિગતો આપવી.) (5) એવોર્ડ માટે અરજી કરનારનો અધતન ફોટોગ્રાફ તથા મોબાઈલ નંબર (6) રહેઠાણનો પુરાવો (7) શૈક્ષણિક લાયકાત (8) સમાજ કલ્યાણના કયા ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન કરેલ છે. (આધાર સહિત) (9) બેંક પાસબુકની નકલ

## યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજુર કરનારની હોદ્દો

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર

## અરજીની પ્રકિયા

ઓફલાઈન

# દાસી જીવણ શ્રેષ્ઠ સાહિત્ય કૃતિ એવૉર્ડ

## ઉદ્દેશ

અનુસૂચિત જાતિઓ સહિત સમગ્ર વર્ગોમાં માનવીય ગરિમા સાથે તેમનામાં અધિકારો માટે જાગૃતિ લાવતા અને ખાસ કરીને વિભિન્ન વર્ગોમાં સામાજિક સમરસતા પ્રસ્થાપિત કરી અસ્મિતા પ્રગટ કરતા સર્જનાત્મક સાહિત્ય ક્ષેત્રે મહત્વના અને મૌલિક યોગદાન આપનાર અનુસૂચિત જાતિના સાહિત્યકારોની શ્રેષ્ઠ કૃતિ માટે દાસી જીવણ શ્રેષ્ઠ સાહિત્યકૃતિ એવૉર્ડ આપવામાં આવે છે.

## યોજનાનો લાભ લેવા માટે લાભાર્થીની પાત્રતા

1. આ એવોર્ડ વ્યક્તિગત ધોરણે આપવામાં આવે છે.
2. છેલ્લા પાંચ વર્ષમાં વ્યક્તિની અનુસૂચિત જાતિના લોકોના ઉત્કર્ષ માટે સર્જનાત્મક સાહિત્ય કૃતિ એવોર્ડ આપવા માટે ધ્યાનમાં લેવામાં આવશે.

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

રૂ. 50 હજારની રોકડ રકમ

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

(1) જાતિનું પ્રમાણપત્ર (જાતિના સંદર્ભ માટે પ્રમાણિત નકલ) (ર) જન્મનો દાખલો /સ્કૂલ લીવીંગ પ્રમાણપત્ર પ્રમાણિત નકલ (3) એવૉર્ડ માટે ભલામણ કરેલ મહાનુભાવોની વિગત (ચાલુવર્ષની જાહેરાતના સંદર્ભમાં) (4) અગાઉ કોઇ એવૉર્ડ મેળવ્યો હોય તો તેની વિગત (વર્ષ સહિત વિગતો આપવી) (5) એવોર્ડ માટે અરજી કરનારનો અધતન ફોટોગ્રાફ તથા મોબાઈલ નંબર (6) રહેઠાણનો પુરાવો (7) શૈક્ષણિક લાયકાત (8) સમાજકલ્યાણના કયા ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન કરેલું છે. તેની આધાર સહિત વિગતો (9) બેંક પાસબુકની નકલ

## યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર

## અરજી કરવાની રીત

ઓફલાઈન

# સામાજિક સમરસતા શિબિર અને સેમિનાર યોજવા માટેની યોજના

## ઉદ્દેશ

સામાજિક સમરસતા શિબિર/સેમિનાર- અનુસૂચિત જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ), અધિનિયમ-1989 તથા નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ 1955ની જાણકારી વધુમાં વધુ લોકો સુધી પહોંચે તથા તેની અમલીકરણની કામગીરી અસરકારક રીતે થઇ શકે તેમજ અનુસૂચિત જાતિના લોકો માટે રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓની જાણકારી મળે, તેમની રૂઢિગત માન્યતાઓમાં સુધારો થાય અને સાથો-સાથ લોકોમાં શિક્ષણનો વ્યાપ વધે તે આશયથી સામાજિક સમરસતા શિબિરો યોજવામાં આવે છે.

## શરતો

સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.23/02/2024ના ઠરાવ મુજબ

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

- તાલુકા કક્ષાની સામાજિક સમરસતા શિબિરના આયોજન માટે રૂ.10,000
- જિલ્લાકક્ષાના સામાજિક સમરસતા સેમિનારના આયોજન માટે રૂ.40,000
- રાજ્ય કક્ષાના સામાજિક સમરસતા સેમિનારના આયોજન માટે રૂ.1,00,000

## સામાજિક સમરસતા શિબિર/સેમિનારના આયોજનની પ્રક્રિયા

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી દ્વારા દરેક જિલ્લાના નાયબ નિયામકઓને ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. ત્યારબાદ સંબંધિત જિલ્લાના નાયબ નિયામક દ્વારા શિબિર/સેમિનારનું આયોજન કરવામાં આવે છે.



**“એક ન્યાયી સમાજ એટલે એવો સમાજ જ્યાં વિશ્વાસની ચઢતીની ભાવના સાથે તિરસ્કારની ભાવના ઉતરતી બને અને અંતે એક કરુણામય સમાજનું નિર્માણ થાય”**

ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર

# જાગરૂકતા કેન્દ્રો શરૂ કરવા માટેની યોજના

## ઉદ્દેશો

અનુસૂચિત જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-1989 તથા નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ-1955ના અસરકારક અમલ માટે અનુસૂચિત જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-1989ની કલમ-23ની પેટા કલમ (1) હેઠળ મળેલ સત્તાની રૂએ ઘડવામાં આવેલા અનુસૂચિત જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ) નિયમો-1995ના નિયમ-3(8) અને 3(9) અન્વયે આ કાયદાનો અસરકારક અમલ થાય તથા અનુસૂચિત જાતિના નાગરિકોમાં આ કાયદાઓની વિસ્તૃત સમજ પહોંચે તે હેતુથી સરકાર દ્વારા આ યોજના અમલમાં મૂકવામાં આવી છે.

## નિયમો અને શરતો

(1) પ્રસ્તુત જાગરૂકતા કેન્દ્રો માન્ય બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત શરૂ કરવાના રહેશે. (3) જે સંસ્થાને જાગરૂકતા કેન્દ્ર શરૂ કરવાની મંજૂરી આપવામાં આવે તે સંસ્થાએ તાત્કાલિક 'જાગરૂકતા કેન્દ્રો' શરૂ કરવાના રહેશે. અને તેની જાણ સત્વરે સંબંધિત જિલ્લાના નાયબ નિયામક (અ.જા.ક.)ની કચેરીને અને નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરને કરવાની રહેશે. (3) આ જાગરૂકતા કેન્દ્રોમાં અનુસૂચિત જાતિના નાગરિકોને નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ-1955 અને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ (અત્યાચાર નિવારણ) અધિનિયમ - 1989ની જોગવાઈ વિષે સમજૂતી આપવાની રહેશે તેમજ અનુસૂચિત જાતિના વ્યક્તિઓ અને વિશેષ કરીને મહિલાઓને સરકારનાં અન્ય કાયદાઓ હેઠળ મળતા લાભ, હક્કો અને અધિકારો માટે જાગૃત કરવાના રહેશે. (4) આ જાગરૂકતા કેન્દ્ર અત્યાચારનો ભોગ બનેલા અનુસૂચિત જાતિના ઈસમોની મુલાકાતો લઈ, ફરિયાદી સાક્ષીઓને નાગરિક સંરક્ષણ અધિનિયમ-1955 અને અનુસૂચિત જાતિ અને જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-1989ની જોગવાઈથી માહિતગાર કરવાના રહેશે. તેમજ સંબંધિત ખાતા /કચેરીઓ તરફથી મળતા લાભો મેળવવામાં મદદરૂપ થવા અને ફરીયાદી તથા સાક્ષીઓને જરૂર જણાયે સંબંધિત પોલીસ સ્ટેશનમાં લઈ જવા અને યોગ્ય રજૂઆત કરાવવા અને નામદાર કોર્ટોમાં કેસની દરેક મુદત વખતે અચૂક હાજર રહેવા અને યોગ્ય રજૂઆત કરવા તથા નામદાર કૉર્ટમાં કેસના ટ્રાયલ વખતે ફરિયાદી અને સાક્ષીઓ ફરી ના જાય તે સંદર્ભે કામગીરી કરવાની રહેશે. (5) વર્ષ દરમિયાન જાગરૂકતા કેન્દ્ર દ્વારા અનુસૂચિત જાતિ ઉપર થયેલા અત્યાચારના બનાવોમાં ભોગ બનેલા ઇસમોની મદદ માટે કેટલા બનાવોમાં પ્રત્યેક બનાવ મૂજબ શું કામગીરી કરી ? શું

મદદ કરી? સરકારી સહાય સિવાય અન્ય કોઈ ઈસમો કે સંસ્થાઓ તરફથી આર્થિક કે અન્ય કોઈ મદદ મેળવવામાં શું ભૂમિકા અદા કરી ? અનુસૂચિત જાતિના ઈસમોના કયા કયા ગામના કયા કયા પ્રશ્નો બાબતે અનુસૂચિત જાતિના ઇસમોની તરફેણમાં ઉકેલ લાવવા શું કામગીરી કરી? અને શું પરિણામ મળ્યું ? અને આ તમામ કામગીરી અંગે સંસ્થાએ કેટલી રકમનો ખર્ચ કર્યો ? વગેરે તમામ બાબતોને આવરી લઈ દર ત્રિમાસિક તેમજ વાર્ષિક અહેવાલ તૈયાર કરી સંબંધિત જિલ્લાના નાયબ નિયામક (અ.જા.ક.) મારફતે નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરને 3 નકલોમાં રજૂ કરવાનો રહેશે. (6) આ જાગરૂકતા કેન્દ્રમાં અનુસૂચિત જાતિઓ ઉપરના અત્યાચારો અને બનાવો બાબતે ચર્ચા વિચારણા કરી, ઉકેલ અને ઉપાયો સૂચવવાના રહેશે. (7) જે સંસ્થાને જાગરૂકતા કેન્દ્રની મંજૂરી આપવામાં આવે તે સંસ્થાને વધુમાં વધુ રૂ. 15,000 (અંકે રૂપિયા પંદર હજાર પૂરા) સુધીનું અનુદાન આપવામાં આવશે. (8) આ જાગરૂકતા કેન્દ્રમાં વર્ષ દરમ્યાન થયેલ કામગીરી અને ખર્ચની વિગતો સહિતનો વખતો વખતનો અહેવાલ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણને સત્વરે મોકલી આપવાનો રહેશે. (9) આ જાગરૂકતા કેન્દ્રો માટે ફાળવેલી રકમ રૂ. 15,000 કરતા ઓછો ખર્ચ થશે તો તે રકમ તાત્કાલિક સરકારમાં ચલણથી જમા કરાવવાની રહેશે તથા જે હેતુ માટે આ રકમ મંજૂર કરવામાં આવી છે. તે હેતુ માટે જ તેનો ખર્ચ કરવાનો રહેશે.

## અરજી કરવાની પ્રક્રિયા

દૈનિક વર્તમાનપત્રમાં નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી દ્વારા જાહેરાત આપ્યા બાદ જાગરૂકતા કેન્દ્ર શરૂ કરવા ઇચ્છતી સંસ્થાઓએ રાજ્યના જે તે જિલ્લામાં સંબંધિત જિલ્લા નાયબ નિયામકની કચેરીનો સંપર્ક કરી નિયત નમૂનામાં અરજી કરવાની રહે છે.

## પસંદગીની પ્રક્રિયા

નાયબ નિયામક દ્વારા મળેલ તમામ અરજીઓ ભલામણ સહ તકેદારી અધિકારી નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરને મોકલી આપવામાં આવે છે જે અન્વયે નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી સરકારનાં પરામર્શમાં રહી જાગરૂકતા કેન્દ્ર શરૂ કરવા પાત્રતા ધરાવતી સંસ્થાઓની પસંદગી કરવામાં આવે છે.

## જાગરૂકતા કેન્દ્ર શરૂ કરવા મળતી સહાય

રૂ. 15 હજાર

# આર્થિક ઉત્કર્ષની યોજનાઓ

# દુકાન સહાય યોજના માટે નાણાકીય સહાય યોજના

## ઉદ્દેશ

અનુસૂચિત જાતિના લોકોને શહેરી વિસ્તારમાં વ્યવસાયનું સ્થળ/દુકાન ખરીદવા માટે સહાય.

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

વધુમાં વધુ રૂ. 10 લાખની બેંકેબલ લોન જેમાં રૂ. 15,000 સબસિડી તેમજ લાભાર્થીને મળવાપાત્ર લોનના 4 ટકા સુધીનું વ્યાજ લાભાર્થીએ પોતે ભોગવવાનું તેમજ 4 ટકા ઉપરનું જે બેંકેબલ વ્યાજ ચૂકવવાનું થાય તે ત્રણ વર્ષ માટે સરકાર ચૂકવશે.

## અરજી સમયે રજૂ કરવાના શતાં પુરાવા

અરજદારના આધારકાર્ડની નકલ, રહેઠાણના પુરાવાની નકલ (વીજળી બિલ / લાઈસન્સ / ભાડાકરાર / ચૂંટણીકાર્ડ / રેશનકાર્ડ), સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવેલ અરજદારની જાતિ/પેટાજાતિનો દાખલો, જાતિનું પ્રમાણપત્ર/શાળા છોડયાનું પ્રમાણપત્ર, બેંક પાસબુકની પ્રથમ પાનાની નકલ/રદ કરેલ રોક (અરજદારના નામનું), કરાર અથવા બાનાખતની નકલ, બાંહેધરી પત્રક (નોટરાઈઝડ સોગંદનામું)

## યોજના અમલી કરનાર કોરીનું નામ અને મંજૂર કરનારનો હોદ્દો

જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

## અરજીની પ્રક્રિયા

https//esamajkalyan.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરી શકાય છે.

## યોજના અમલીકરણ કચેરીનું નામ તથા જિલ્લા અધિકારીનો હોદ્દો

1. જિલ્લા નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી
2. સમાજ કલ્યાણ નિરીક્ષક, તાલુકા પંચાયત કચેરી
3. તાલુકા કક્ષાએ અમલીકરણ થતીએ તે તાલુકા કચેરીનું નામ તથા અધિકારીનો હોદ્દો

## રાજ્ય કક્ષાએ લાગુ પડતા સંબંધિત ખાતાનાં વડાનો હોદ્દો, નામ અને વિભાગ

નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

# આરોગ્યલક્ષી યોજનાઓ



# કુમાર રાજરત્ન આંબેડકર તબીબી સહાય

## ઉદ્દેશ

અસાધ્ય અને ગંભીર રોગો જેવા કે ટી.બી, કેન્સર, એઇડ્સ અને રક્તપિત્તથી પીડાતા અનુસૂચિત જાતિના દર્દીઓને આર્થિક રીતે મદદરૂપ થવા સહાય

## પાત્રતાના ધોરણો

- ટી.બી, કેન્સર, રક્તપિત્ત, ગંભીર પ્રસૂતિના કેસોમાં, પાંડુરોગ, HIV એઇડ્સ જેવા રોગોના દર્દી માટે સહાય.
- આવક મર્યાદા રૂ.6 લાખ

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

1. સ્ત્રીઓને થતાં પાંડુરોગ માટે રૂ. 150 કેસ દીઠ
2. પ્રસુતિના ગંભીર રોગના કેસમાં રૂ. 500 કેસ દીઠ
3. ટી. બી. કેસમાં રૂ. 500 માસિક (દર્દ મટે નહીં ત્યાં સુધી)
4. કેન્સર કેસમાં રૂ. 1000 માસિક (દર્દ મટે નહીં ત્યાં સુધી)
5. રકતપિત્ત માટે રૂ. 800 માસિક (દર્દ મટે નહીં ત્યાં સુધી)
6. એચ. આઈ. વી. માટે રૂ. 500 માસિક (દર્દ મટે નહીં ત્યાં સુધી)

## અરજી પત્રકનો નમૂનો

સંબંધિત પી. એચ. સી. તથા સી. એચ. સી. માંથી

## યોજના અમલી કરનાર કચેરીનું નામ અને મંજૂર કરનારની હોદ્દો

આરોગ્ય વિભાગ દ્વારા અમલીકરણ કરવામાં આવે છે

## અરજીની પ્રક્રિયા

ઓફલાઈન

## અરજીની કચેરી ખાતે

આ યોજનાનુ આરોગ્ય વિભાગ દ્વારા અમલીકરણ કરવામાં આવે છે

# ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર



# ધોરણ-10 અને ધોરણ-12ના સફાઈ કામદારના બાળકોને ઇનામ અને પ્રશસ્તિ પત્રથી પ્રોત્સાહિત કરવાની યોજના

## ઉદ્દેશ

સફાઇ કામદાર કે તેમના આશ્રિત બાળકોના શૈક્ષણિક વિકાસને પ્રોત્સાહન આપવાના હેતુથી ધોરણ-10 અને ધોરણ-12 સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની બોર્ડની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા (અરજી કરનાર તમામ બાળકો પૈકી) સમગ્ર રાજ્યમાં 1 થી 3 ક્રમ મેળવતા બાળકોને પ્રોત્સાહન રૂપે રોકડ રકમ અને પ્રશસ્તિપત્ર આપવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે.

## પાત્રતાના ધોરણો

સફાઇ કામદાર કે તેમના આશ્રિત હોવા જોઇએ.

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

સફાઇ કામદારના આશ્રિત બાળકોનો શૈક્ષણિક વિકાસને પ્રોત્સાહન આપવાના હેતુથી ધોરણ-10 અને ધોરણ-12 સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની બોર્ડની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા બાળકો પૈકી સમગ્ર રાજ્યમાં 1 થી 3 ક્રમ મેળવતા બાળકોને પ્રોત્સાહન રૂપે પ્રશસ્તિપત્ર અને નીચે મુજબની રોકડ ઇનામની રકમ આપવામાં આવે છે.

| વિગત | ધોરણ-10 | ધોરણ-12 (સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહ) |
|---|---|---|
| પ્રથમ ક્રમ | 41000 | 31000 |
| બીજો ક્રમ | 21000 | 21000 |
| ત્રીજો ક્રમ | 11000 | 11000 |

## અરજીની પ્રક્રિયા

અરજદાર દ્વારા www. https://esamajkalyan.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કર્યેથી ચકાસણી કર્યા બાદ પાત્રતા ધરાવતી અરજીઓ મંજૂર કરી નિયમોનુસારની રકમ અને પ્રશસ્તિપત્ર આપવામાં આવે છે.

## સંપર્ક અધિકારી/અમલીકરણ કચેરી

મેનેજીંગ ડિરેક્ટર, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

સફાઇ કામદાર અને તેમના આશ્રિત હોવા અંગેનો દાખલો, રેશનકાર્ડ, માર્કશીટ, બેંક પાસબુકની નકલ, પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ વગેરે.

# સીધા ધિરાણ યોજના

## ઉદ્દેશ

ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમનો ઉદ્દેશ રાજ્યમાં વસેલા સફાઈ કામદારો અને તેમના આશ્રિતોને તેમના પરંપરાગત અસ્વચ્છ વ્યવસાયમાંથી મુક્તિ અપાવી તેઓ અને તેમના આશ્રિતો ગૌરવપૂર્ણ જીવન જીવી શકે તે માટે જરૂરી લોન-ધિરાણ/સહાય પૂરી પાડી તેમનું પુનઃસ્થાપન કરવાનો છે.

## પાત્રતાના ધોરણો

સફાઈ કામદાર/આશ્રિત હોવા જોઇએ

સફાઇ કામદારની ઉંમર 18 થી 50 વર્ષની હોવી જોઇએ

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

રાષ્ટ્રીય સફાઈ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ (NSKFDC), નવી દિલ્હી અને રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમને આપવામાં આવતી લોનમાં નિગમ દ્વારા લાભાર્થી ફાળા પેટેની માર્જીન મનીની રકમ ઉમેરીને જુદા-જુદા ધંધા/વ્યવસાય જેવાં કે, વિવિધ પ્રકારના વાહનો, મંડપ ડેકોરેશન, કોમ્પ્યુટર, ઝેરોક્ષ, ઇલેક્ટ્રીકની દુકાન, ડેરી યુનિટ, મિઠાઇની દુકાન, અનાજ ઘંટી, દરજી કામની દુકાન વગેરે ધંધા રોજગાર માટે સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુનઃ સ્થાપન માટે વ્યકિતગત રૂા. 1 લાખથી રૂ. 15 લાખ સુધીનું ધિરાણ નીચે જણાવેલી પેટા યોજનાઓ હેઠળ આપવામાં આવે છે.

| યોજનાનું નામ | ધિરાણની રકમ | વ્યાજનો દર | લોનની પરત ચૂકવણીનો સમયગાળો | સબસિડીની રકમ |
|---|---|---|---|---|
| મહિલા સમૃદ્ધિ યોજના | 1,00,000 | 4 % | 3 વર્ષ | 30,000 |
| માઇક્રો ક્રેડિટ ફાઇનાન્સ યોજના | 1,00,000 | 5 % | 3 વર્ષ | 30,000 |
| મહિલા અધિકારીતા યોજના | 2,00,000 | 5 % | 5 વર્ષ | 40,000 |
| વ્યક્તિગત લોન યોજના | 2,00,000 થી 15,00,000 | 6 % | 5 વર્ષ | 40,000 થી 75,000 |

## અરજીની પ્રક્રિયા

અરજદાર દ્વારા www. https://esamajkalyan.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કર્યેથી ચકાસણી કર્યા બાદ પાત્રતા ધરાવતી અરજીઓ રાજ્યકક્ષાની લાભાર્થી પસંદગી સમિતિમાં મંજૂર થયેથી નિયમોનુસાર લોન મળવાપાત્ર થશે.

## સંપર્ક અધિકારી/અમલીકરણ કચેરી

સબંધિત જિલ્લાના નાયબ નિયામક (અ.જા.ક.) અને જિલ્લા મેનેજર, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ

મેનેજીંગ ડિરેક્ટર, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

સફાઈ કામદાર અને તેમના આશ્રિત હોવા અંગેનો દાખલો, રેશનકાર્ડ, આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, રહેઠાણના પુરાવા, બેંક પાસબુકની નકલ, પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ વગેરે.

# છૂટક ગટર સફાઈનું કામ કરતાં રોજમદાર સફાઈ કામદારોને ડિઝલ મશીન તેમજ સલામતીના સાધનો પૂરા પાડવાની યોજના

## ઉદ્દેશ

રાજ્યની મહાનગરપાલિકા/નગરપાલિકા/ગ્રામ પંચાયતોમાં છૂટક સફાઈનું કામ કરતા રોજમદારોને ગટર સફાઇની કામગીરી કરવા માટે ડિઝલ મશીન, લોડીંગ સાઇકલ, પાઈપ તેમજ સલામતીના સાધનોની ખરીદી માટે રૂા. 50,000 સુધીની સહાય આપવા અંગેની યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાના લાભ સફાઈ કામદાર અને તેમના આશ્રિતોને મળવાપાત્ર રહેશે.

## પાત્રતાના ધોરણો

સફાઈ કામદાર/આશ્રિત હોવા જોઇએ.

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

રાજ્યની મહાનગરપાલિકા/નગરપાલિકા/ગ્રામ પંચાયતોમાં છૂટક સફાઈનું કામ કરતા રોજમદારોને ગટર સફાઇની કામગીરી કરવા માટે ડિઝલ મણીન, લોડીંગ સાઇકલ, પાઈપ તેમજ સલામતીના સાધનોની ખરીદી માટે રૂ. 50,000 સુધીની સહાય આપવામાં આવે છે.

## અરજીની પ્રક્રિયા

અરજદાર દ્વારા www. https://gskvnonline.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કર્યેથી ચકાસણી કર્યા બાદ પાત્રતા ધરાવતી અરજીઓ મંજૂર કરી નિયમોનુસાર સહાય મળવાપાત્ર થશે.

## સંપર્ક અધિકારી/અમલીકરણ કચેરી

સબંધિત જિલ્લાના નાયબ નિયામક (અ.જા.ક.) અને જિલ્લા મેનેજર, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ

મેનેજીંગ ડિરેકટર, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

સફાઈ કામદાર અને તેમના આશ્રિત હોવા અંગેનો દાખલો, રેશનકાર્ડ, આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, રહેઠાણના પુરાવા, બેંક પાસબુકની નકલ, પાસપોર્ટ સાઇઝ ફોટોગ્રાફ વગેરે.

# ડૉ. આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજના

## ઉદ્દેશ

રાજ્ય સરકાર દ્વારા રાજ્યના સફાઈ કામદારો અને તેમના આશ્રિતોને રહેણાંકના પાકા આવાસો સમયબધ્ધ કાર્યક્રમ રૂપે પૂરા પાડવા ડૉ. આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાના લાભ સફાઇ કામદાર અને તેમના આશ્રિતોને મળવાપાત્ર રહેશે.

## પાત્રતાના ધોરણો

સફાઈ કામદાર/આશ્રિત હોવા જોઈએ.

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

રાજ્ય સરકારની આ યોજના હેઠળ સફાઈ કામદાર અને તેમના આશ્રીતોને રહેણાંકના પાકાં આવાસો બનાવવા માટે વ્યકિતગત રૂ. 1,70,000ની સહાય ચાર હપ્તામાં ચૂકવવામાં આવે છે અને કાયમી સફાઈ કામદાર હોય તો તેમને સહાય ઉપરાંત શહેરી વિસ્તારમાં રૂ. 60,000 તથા ગ્રામ્ય વિસ્તારમાં રૂ. 30,000ની બિનવ્યાજકીય લોન આપવામાં આવે છે. આ બિન વ્યાજકીય લોનની વસુલાત મહાનગરપાલિકા/નગરપાલિકાએ સંબંધિત કર્મચારીના પગારમાંથી દર માસે રૂ.500ના એક એવા 120 હપ્તામાં પરત ચૂકવણીરૂપે કરવાની થાય છે. આ યોજનાની મકાનની ટોચની કિંમત શહેરી વિસ્તાર માટે રૂ. 11.70 લાખ અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. 9 લાખની નિયત કરવામાં આવી છે.

## અરજીની પ્રક્રિયા

અરજદાર દ્વારા www. https://esamajkalyan.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કર્યેથી ચકાસણી કર્યા બાદ પાત્રતા ધરાવતી અરજીઓ મંજૂર કરી નિયમોનુસાર સહાય મળવાપાત્ર થશે.

## સંપર્ક અધિકારી/ અમલીકરણ કચેરી

નાયબ નિયામક (અ.જા.ક.) અને જિલ્લા મેનેજર, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

સફાઈ કામદાર અને તેમના આશ્રિત હોવા અંગેનો દાખલો, રેશનકાર્ડ, આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, રહેઠાણના પુરાવા, બેંક પાસબુકની નકલ, પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ, આકારણી પત્રક બાંધકામ રજાચિઠ્ઠી, ચતુર્થ દિશાનો નકશો વગેરે.

# જૂથ જનતા અકસ્માત વીમા કવચ યોજના

## ઉદ્દેશ

જૂથ જનતા અકસ્માત વીમા કવચ યોજના હેઠળ સફાઈ કામદારનું ફરજ દરમિયાન આકસ્મિક મૃત્યુ થાય તે પ્રસંગે મૃતકના વારસદારોને રૂ. 4 લાખ સુધીનું વીમા કવચ ચૂકવવામાં આવે છે.

## પાત્રતાના ધોરણો

1. મૃતક સફાઇ કામદાર હોવા જોઇએ.
2. સફાઈ કામદારનું ફરજ દરમિયાન આકસ્મિક મૃત્યુ થયેલું હોવું જોઈએ.

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

સફાઈ કામદારનું ફરજ દરમિયાન આકસ્મિક મૃત્યુ થાય તે પ્રસંગે મૃતકના વારસદારોને રૂ. 4 લાખ સુધીનું વીમા કવચ ચૂકવવામાં આવે છે.

## અરજીની પ્રક્રિયા

મૃતકના વારસદાર દ્વારા જરૂરી સાધનિક કાગળો રજૂ કર્યેથી ચકાસણી કર્યા બાદ નિયમોનુસાર સહાય ચૂકવવામાં આવે છે.

## સંપર્ક અધિકારી/અમલીકરણ કચેરી

નાયબ નિયામક (અ.જા.ક.) અને જિલ્લા મેનેજર, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

મરણનું પ્રમાણપત્ર, ઇન્કવેસ્ટ પંચનામું, FIR, મૃત્યુનું આખરી કારણ દર્શાવતો પોસ્ટમોર્ટમ રીપોર્ટ, મૃતકનું આધારકાર્ડ, વારસદારનું આધારકાર્ડ, બેંક પાસબુકની નકલ વગેરે

# ગટર ગૂંગળામણને કારણે મૃત્યુ પામેલા સફાઇ કામદારના આશ્રિત બાળકોને શિષ્યવૃત્તિ આપવાની યોજના

## ઉદ્દેશ

રાજ્યમાં ગટર ગૂંગળામણને કારણે મૃત્યુ પામેલા સફાઇ કામદારના આશ્રિત બાળકોને અન્ય શિષ્યવૃતિ ઉપરાંત માસિક રૂ. 3,000 લેખે શિષ્યવૃત્તિ આપવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે.

## પાત્રતાના ધોરણો


ગટર સફાઇની કામગીરી દરમિયાન ઝેરી ગેસ ગળતર થવાથી ગૂંગળામણથી મૃત્યુ પામેલા સફાઇ કામદારના તમામ આશ્રિત બાળકોને મળવાપાત્ર થશે.

સફાઇ કામદારના મૃત્યુ પછીના મહિનાથી ધોરણ-1 થી સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા તમામ બાળકોને મળવાપાત્ર રહેશે.

## સંપર્ક અધિકારી/ અમલીકરણ કચેરી

નાયબ નિયામક (અ.જા.ક.) અને જિલ્લા મેનેજર, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ

# ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ



# રાજ્ય સરકાર સહાયિત સીધા ધિરાણની યોજના

## ઉદ્દેશ

અનુસૂચિત જાતિના લોકોનો આર્થિક વિકાસ થાય અને તેઓ નાના ધંધા/રોજગાર શરૂ કરી પગભર થઈ સમાજમાં માનભર્યું જીવન જીવતા થાય તે હેતુ માટે આર્થિક રીતે મદદરૂપ થવા લોન

## આવક મર્યાદા

કુટુંબની વાર્ષિક આવક રૂ.6 લાખથી ઓછી

## લાભાર્થીનો પ્રકાર

અનુસૂચિત જાતિના વ્યક્તિ

## પાત્રતાના ધોરણો

અ. અરજદાર મૂળ ગુજરાતના વતની અને અનુસૂચિત જાતિના બેરોજગાર હોવા જોઈએ.

બ. અરજદારની વય જાહેરાતની તારીખે 18 થી 50ની વચ્ચે હોવી જરૂરી.

ક. અરજદાર કે અરજદારના કુટુંબમાંથી કોઈપણ સભ્યએ અગાઉ નિગમ કે કોઈપણ સરકારી અથવા અર્ધ સરકારી કચેરી કે બેંક પાસેથી વાહન ખરીદવા કે અન્ય ધંધા માટે લોન લીધેલી હોવી જોઈએ નહિ

ડ. અરજદાર કે અરજદારના કુટુંબમાંથી કોઈપણ સભ્ય સરકારી કે અર્ધસરકારી નોકરીમાં ફરજ બજાવતા હોવા જોઈએ નહિ.

ઇ. વાહનની યોજનામાં સંબંધિત વાહન ચલાવવાનું પાકુ લાયસન્સ

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

| યોજનાનું નામ | ધિરાણની મહત્તમ મર્યાદા | વ્યાજનો દર |
|---|---|---|
| સ્વરોજગારલક્ષી યોજના | રૂ. 2 લાખ | મહિલા 1 ટકા • પુરુષ 2 ટકા |
| વાહનની યોજના | રૂ. 10 લાખ | 3 ટકા વ્યાજ |
| પ્રોજેક્ટની યોજના | રૂ. 15 લાખ | 4 ટકા વ્યાજ |

## અરજીની પ્રક્રિયા

https://sje.gujarat.gov.in/gscdc પર ઓનલાઈન અરજી કરી શકાય છે.

## મંજૂરીની પ્રક્રિયા

જાહેરાત અન્વયે મળેલી અરજીઓમાંથી કોમ્પ્યુટરાઈઝડ ડ્રો વડે પસંદગી

## સંપર્ક અધિકારી/અમલીકરણ કચેરી

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગરની વડી કચેરી તેમજ જિલ્લા મેનેજર, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનની 18 જિલ્લા કચેરીઓ.

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

આધાર કાર્ડ, રેશનકાર્ડ, ઉંમરનો આધાર, આવક પ્રમાણપત્ર, જાતિનો દાખલો

## વિગતો

યોજના મંજૂર થયેથી નિગમ દ્વારા વર્તમાનપત્રમાં જાહેરાત આપવામાં આવે ત્યારે નિગમની વેબસાઇટ પર ઓનલાઈન અરજી કરવાની રહે છે.



# એન. એસ. એફ. ડી. સી. નવી દિલ્હી સહાયિત સીધા ધિરાણની યોજના

## ઉદ્દેશ

અનુસૂચિત જાતિના લોકોનો આર્થિક વિકાસ થાય અને તેઓ નાના ધંધા/રોજગાર શરૂ કરી પગભર થઈ સમાજમાં માનભર્યું જીવન જીવતા થાય તે હેતુ માટે આર્થિક રીતે મદદરૂપ થવા લોન

## આવક મર્યાદા

કુટુંબની વાર્ષિક આવક રૂ.3 લાખથી ઓછી.

## લાભાર્થીનો પ્રકાર

અનુસૂચિત જાતિના વ્યક્તિ

## પાત્રતાના ધોરણ

અ. અરજદાર મૂળ ગુજરાતના વતની અને અનુસૂચિત જાતિના બેરોજગાર હોવા જોઇએ.

બ. અરજદારની વય જાહેરાતની તારીખે 21 થી 50ની વચ્ચે હોવી જરૂરી.

ક. અરજદાર કે અરજદારના કુટુંબમાંથી કોઈપણ સભ્યએ અગાઉ નિગમ કે કોઈપણ સરકારી અથવા અર્ધ સરકારી કચેરી કે બેંક પાસેથી વાહન ખરીદવા કે અન્ય ધંધા માટે લોન લીધેલી હોવી જોઇએ નહિ.

ડ. અરજદાર કે અરજદારના કુટુંબમાંથી કોઈપણ સભ્ય સરકારી કે અર્ધસરકારી નોકરીમાં ફરજ બજાવતા હોવા જોઇએ નહિ.

ઈ. વાહનની યોજનામાં સંબંધિત વાહન ચલાવવાનું પાકું લાયસન્સ

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

એન.એસ.એફ.ડી.સી. નવી દિલ્હી દ્વારા મંજૂર થતી જુદી-જુદી લોન યોજનાઓના વખતોવખત નક્કી થતા વ્યાજ દર મુજબ લોન મળવાપાત્ર થાય છે.

## અરજીની પ્રક્રિયા

https://sje.gujarat.gov.in/gscdc પર ઓનલાઈન અરજી કરી શકાય છે.

## મંજૂરીની પ્રક્રિયા

જાહેરાત અન્વયે મળેલ અરજીઓમાંથી કોમ્પ્યુટરાઈઝડ ડ્રો વડે પસંદગી

## સંપર્ક અધિકારી/ અમલીકરણ કચેરી

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગરની વડી કચેરી તેમજ જિલ્લા મેનેજર, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનની 18 જિલ્લા કચેરીઓ

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

આધાર કાર્ડ, રેશનકાર્ડ, ઉંમરનો આધાર, આવાક પ્રમાણપત્ર, જાતિનો દાખલો

## વિગતો

યોજના મંજુર થયેથી નિગમ દ્વારા વર્તમાનપત્રમાં જાહેરાત આપવામાં આવે ત્યારે નિગમની વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની રહે છે.

# ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ



# પેસેન્જર વાહન/માલ વાહક વાહન (થ્રી વ્હીલર) ધિરાણ

### ઉદ્દેશ

અંત્યોદય જ્ઞાતિનાં બેરોજગાર વ્યક્તિઓ માટે પરિવહન ક્ષેત્રે ધિરાણ પૂરું પાડી સ્વરોજગારી ઊભી કરવી

### આવક મર્યાદા

કુટુંબની વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય અને શહેરી વિસ્તારો માટે રૂા. 3 લાખ કરતાં ઓછી હોવી જોઇએ

### યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

- અરજી કરતી વખતે તે સમયની રિક્ષાની કિંમતને ધ્યાને લઇ નિયમોનુસાર ધિરાણ મંજૂર કરવામાં આવે છે.
- રૂ.2,50,000 સુધીની લોન વાર્ષિક 4 ટકા વ્યાજના દરે આપવાની જોગવાઈ

### પાત્રતાના ધોરણો

- અરજદાર મૂળ ગુજરાતના વતની અને અનુસૂચિત જાતિ પૈકી અંત્યોદય જાતિના બેરોજગાર હોવા જોઈએ.
- અરજદારની વય જાહેરાતની તારીખે ઉંમર 18 થી 50 વર્ષની વચ્ચે હોવી જરૂરી
- અરજદાર કે અરજદારના કુટુંબમાંથી કોઈપણ સભ્યએ અગાઉ નિગમ કે કોઈપણ સરકારી અથવા અર્ધ સરકારી કચેરી કે બેંક પાસેથી વાહન ખરીદવા કે અન્ય ધંધા માટે લોન લીધેલ હોવી જોઇએ નહિં.
- અરજદાર કે અરજદારના કુટુંબમાંથી કોઈપણ સભ્ય સરકારી કે અર્ધસરકારી નોકરીમાં ફરજ બજાવતા હોવા જોઈએ નહિ.
- અરજી કરનાર જાહેરાતની તારીખે જે તે વાહન ચલાવવાનું માન્ય લાયસન્સ ધારણ કરતા હોવા જોઈએ.

## અરજીની પ્રક્રિયા

https://daadconline.gujarat.gov.in પર ઓનલાઈન કરી શકાય છે.

નિગમ દ્વારા વર્તમાનપત્રોમાં જાહેરાત દ્વારા ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. નક્કી થયેલ સમયમર્યાદામાં આવેલ અરજીઓની રાજ્ય કક્ષાની પસંદગી સમિતિ દ્વારા કોમ્પ્યુટરાઈઝ ડ્રો દ્વારા લાભાર્થીની પસંદગી કરવામાં આવે છે. પસંદ થયેલ લાભાર્થીઓને નિગમ દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી પત્ર આપવામાં આવે છે. ત્યારબાદ લાભાર્થી દ્વારા રજૂ કરેલ લોન એગ્રીમેન્ટની ચકાસણી બાદ પાત્રતા ધરાવતા લાભાર્થીને ધિરાણની રકમ સીધી તેના બેન્ક ખાતામાં જમા આપવામાં આવે છે.

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

આધાર કાર્ડ, રાશન કાર્ડ, આવકનો દાખલો, જાતિનો દાખલો, પાસબુકની નકલ, ઉંમરનો પુરાવો (શાળા છોડયાનું પ્રમાણપત્ર/જન્મ પ્રમાણપત્ર/મેડિકલ સર્ટિફિકેટ), ડ્રાઈવિંગ લાયસન્સ અને એબસ્ટ્રેક્ટ ઑફ લાયસન્સ

## સંપર્ક અધિકારી/ અમલીકરણ કચેરી

મેનેજિંગ ડિરેક્ટર, ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા), ગાંધીનગર

# પશુપાલનની યોજના

## ઉદ્દેશ

અંત્યોદય જ્ઞાતિના બેરોજગાર વ્યક્તિઓ માટે દુધાળા પશુઓ ખરીદવા માટે ધિરાણ પૂરું પાડી સ્વરોજગારી ઊભી કરવી

## આવક મર્યાદા

કુટુંબની વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય અને શહેરી વિસ્તારો માટે રૂ. 3 લાખ કરતાં ઓછી હોવી જોઇએ

## પાત્રતાના ધોરણો

- અરજદાર મૂળ ગુજરાતના વતની અને અનુસૂચિત જાતિ પૈકી અંત્યોદય જાતિના બેરોજગાર હોવા જોઇએ.
- અરજદારની વય જાહેરાતની તારીખે 18 વર્ષ થી ઓછા અને 50 વર્ષથી વધુ ન હોવી જોઇએ.
- અરજદાર કે અરજદારના કુટુંબમાંથી કોઇપણ સભ્યએ અગાઉ નિગમ કે કોઇપણ સરકારી અથવા અર્ધ સરકારી કચેરી કે બેંક પાસેથી વાહન ખરીદવા કે અન્ય ધંધા માટે લોન લીધેલી હોવી જોઇએ નહિ.
- અરજદાર કે અરજદારના કુટુંબમાંથી કોઇપણ સભ્ય સરકારી કે અર્ધસરકારી નોકરીમાં ફરજ બજાવતા હોવા જોઇએ નહિ.

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

રૂ. 1,00,000 સુધીની લોન વાર્ષિક 4 ટકા વ્યાજના દરે આપવાની જોગવાઇ

## અરજીની પ્રક્રિયા

https://daadconline.gujarat.gov.in પર ઓનલાઇન કરી શકાય છે.

નિગમ દ્વારા વર્તમાનપત્રોમાં જાહેરાત દ્વારા ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. નક્કી થયેલ સમયમર્યાદામાં આવેલ અરજીઓની રાજ્ય કક્ષાની પસંદગી સમિતિ દ્વારા કોમ્પ્યુટરાઇઝ

ડ્રો દ્વારા લાભાર્થીની પસંદગી કરવામાં આવે છે. પસંદ થયેલ લાભાર્થીઓને નિગમ દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ લાભાર્થી દ્વારા રજૂ કરેલી લોન એગ્રિમેન્ટની ચકાસણી બાદ પાત્રતા ધરાવતા લાભાર્થીને ધિરાણની રકમ સીધા તેના બેન્ક ખાતામાં જમા આપવામાં આવે છે.

## સંપર્ક અધિકારી/અમલીકરણ કચેરી

મેનેજિંગ ડિરેક્ટર, ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા), ગાંધીનગર

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

આધાર કાર્ડ, રાશન કાર્ડ, આવકનો દાખલો, જાતિનો દાખલો, પાસબુકની નકલ, ઉંમરનો પુરાવો (શાળા છોડયાનું પ્રમાણપત્ર/ જન્મ પ્રમાણપત્ર/ મેડિકલ સર્ટિફિકેટ)

## વિગતો

આ યોજનામાં એક જામીનદાર લેવામાં આવે છે.



# નાના ધંધા વ્યવસાય લોન સહાય

## ઉદ્દેશ

અંત્યોદય જ્ઞાતિનાં બેરોજગાર વ્યક્તિઓ માટે નાના ઉદ્યોગ/ધંધાની જરૂરિયાતો પૂરી કરવા અને સ્વરોજગારી ઊભી કરવા માટે આર્થિક સહાય

## આવક મર્યાદા

કુટુંબની વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય અને શહેરી વિસ્તારો માટે રૂા. 3 લાખ કરતાં ઓછી હોવી જોઇએ.

## પાત્રતાના ધોરણો

- અરજદાર મૂળ ગુજરાતના વતની અને અનુસૂચિત જાતિ પૈકી અંત્યોદય જાતિના બેરોજગાર હોવા જોઈએ.
- અરજદારની વય જાહેરાતની તારીખે વર્ષ 18 થી 50ની વચ્ચે હોવી જરૂરી
- અરજદાર કે અરજદારના કુટુંબમાંથી કોઈપણ સભ્યએ અગાઉ નિગમ કે કોઈપણ સરકારી અથવા અર્ધસરકારી કચેરી કે બેંક પાસેથી વાહન ખરીદવા કે અન્ય ધંધા માટે લોન લીધેલી હોવી જોઇએ નહિ.
- અરજદાર કે અરજદારના કુટુંબમાંથી કોઈપણ સભ્ય સરકારી કે અર્ધસરકારી નોકરીમાં ફરજ બજાવતા હોવા જોઇએ નહિ.

## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

રૂા. 1,25,000 સુધીની લોન વાર્ષિક 4 ટકા વ્યાજના દરે આપવાની જોગવાઈ

## અરજીની પ્રક્રિયા

https://daadconline.gujarat.gov.in પર ઓનલાઈન કરી શકાય છે.

નિગમ દ્વારા વર્તમાનપત્રોમાં જાહેરાત દ્વારા ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. નક્કી થયેલ સમયમર્યાદામાં આવેલ અરજીઓની રાજ્યકક્ષાની પસંદગી સમિતિ દ્વારા કોમ્પ્યુટરાઈઝ ડ્રો દ્વારા લાભાર્થીની પસંદગી કરવામાં આવે છે. પસંદ થયેલા લાભાર્થીઓને નિગમ દ્વારા સૈધ્ધાંતિક

મંજૂરી પત્ર આપવામાં આવે છે, ત્યારબાદ લાભાર્થી દ્વારા રજૂ કરેલ લોન એગ્રીમેન્ટની ચકાસણી બાદ પાત્રતા ધરાવતા લાભાર્થીની ધિરાણની રકમ સીધા તેમના બેન્ક ખાતામાં જમા આપવામાં આવે છે.

## સંપર્ક અધિકારી/ અમલીકરણ કચેરી

મેનેજિંગ ડિરેક્ટર, ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા), ગાંધીનગર

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

આધાર કાર્ડ, રાશન કાર્ડ, આવકનો દાખલો, જાતિનો દાખલો, પાસબુકની નકલ, ઉંમરનો પુરાવો (શાળા છોડયાનું પ્રમાણપત્ર/જન્મ પ્રમાણપત્ર/મેડિકલ સર્ટિફિકેટ)

## વિગતો

આ યોજનામાં બે જામીનદાર લેવામાં આવે છે.

# પેસેન્જર વાહન અથવા માલવાહક વાહન (ફોર વ્હીલર) યોજના

### ઉદ્દેશ

અંત્યોદય જ્ઞાતિનાં બેરોજગાર વ્યક્તિઓ માટે પરિવહન ક્ષેત્રે ધિરાણ પૂરું પાડી સ્વરોજગારી ઊભી કરવા

### આવક મર્યાદા

કુટુંબની વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય અને શહેરી વિસ્તારો માટે રૂ. 3 લાખ કરતાં ઓછી હોવી જોઇએ.

### પાત્રતાના ધોરણો

- અરજદાર મૂળ ગુજરાતનો વતના અને અનુસૂચિત જાતિ પૈકી અંત્યોદય જાતિના બેરોજગાર હોવા જોઇએ.
- અરજદારની વય જાહેરાતની તારીખે 18 થી 50 વર્ષની વચ્ચે હોવી જરૂરી
- અરજદાર કે અરજદારના કુટુંબમાંથી કોઈપણ સભ્યએ અગાઉ નિગમ કે કોઈપણ સરકારી અથવા અર્ધસરકારી કચેરી કે બેંક પાસેથી વાહન ખરીદવા કે અન્ય ધંધા માટે લોન લીધેલી હોવી જોઇએ નહિ.
- અરજદાર કે અરજદારના કુટુંબમાંથી કોઈપણ સભ્ય સરકારી કે અર્ધસરકારી નોકરીમાં ફરજ બજાવતા હોવા જોઇએ નહિ.

### યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

મહત્તમ રૂ.7,50,000 સુધીની લોન વાર્ષિક 4 ટકા વ્યાજના દર આપવાની જોગવાઈ

### અરજીની પ્રક્રિયા

https://daadconline.gujarat.gov.in પર ઓનલાઈન કરી શકાય છે.

નિગમ દ્વારા વર્તમાનપત્રોમાં જાહેરાત દ્વારા ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. નક્કી થયેલ સમયમર્યાદામાં આવેલ અરજીઓની રાજ્ય કક્ષાની પસંદગી સમિતિ દ્વારા કોમ્પ્યુટરાઈઝ

ડ્રો દ્વારા લાભાર્થીની પસંદગી કરવામાં આવે છે. પસંદ થયેલ લાભાર્થીઓને નિગમ દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી પત્ર આપવામાં આવે છે. ત્યારબાદ લાભાર્થી દ્વારા રજૂ કરેલ લોન એગ્રીમેન્ટની ચકાસણી બાદ પાત્રતા ધરાવતા લાભાર્થીના ધિરાણની રકમ સીધા તેના બેન્ક ખાતામાં જમા આપવામાં આવે છે.

## સંપર્ક અધિકારી/ અમલીકરણ કચેરી

મેનેજિંગ ડિરેક્ટર, ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા), ગાંધીનગર

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

આધાર કાર્ડ, રાશન કાર્ડ, આવકનો દાખલો, જાતિનો દાખલો, પાસબુકની નકલ, ઉંમરનો પુરાવો (શાળા છોડયાનું પ્રમાણપત્ર / જન્મ પ્રમાણપત્ર / મેડિકલ સર્ટિફિકેટ), ડ્રાઈવિંગ લાયસન્સ અને એબસ્ટ્રેક્ટ ઓફ લાયસન્સ, જે વાહન ખરીદવા માંગતા હોય તો વાહનનું કોટેશન



# નિગમો હસ્તકની વ્યાજ સબસિડી યોજના

ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ

ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ



# વાહન, સ્વરોજગારી યોજના તથા ભારત અથવા વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે બેંક મારફતે લીધેલી લોન પર 6% વ્યાજ સબસિડી આપવાની યોજના

## ઉદ્દેશ

અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત જાતિ/ સફાઈ કામદાર લોકોનો શૈક્ષણિક અને આર્થિક વિકાસ થાય અને તેઓ નાના ધંધા/રોજગાર શરૂ કરી પગભર થઈ સમાજમાં માનભર્યું જીવન જીવતા થાય તે હેતુ માટે આર્થિક રીતે મદદરૂપ થવા વ્યાજ સબસિડી આપવાની યોજના

## આવક મર્યાદા

કુંટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂ.10 લાખ છે. જ્યારે અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત જાતિના / સફાઈ કામદાર માટે આવક મર્યાદા નથી.



## લાભાર્થીનો પ્રકાર

ગુજરાત રાજ્યના વતની હોય તેવા અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત જાતિ/ સફાઇ કામદાર વ્યક્તિ હોવા જોઇએ.

## પાત્રતાના ધોરણ

ભારતમાં અથવા વિદેશમાં ઉચ્ચ અભ્યાસના હેતુ માટે બેંક મારફતે લીધેલી લોન પર રૂ. 25 લાખ સુધીની મર્યાદામાં મહત્તમ વાર્ષિક રૂ.1.50 લાખ સુધીની વ્યાજ સહાય ત્રણ વર્ષ માટે મળવાપાત્ર થશે. વિધાર્થીએ ધોરણ 12માં 50% કે તેથી વધુ ગુણ મેળવેલા હોવા જોઇએ.

સ્વરોજગાર માટે બેંકમાંથી લીધેલી લોન પર રૂ.10 લાખ સુધીની મર્યાદામાં પુરૂષ લાભાર્થીને 6% લેખે મહત્તમ વાર્ષિક રૂ. 0.60 લાખ તેમજ મહિલા લાભાર્થીને 7% લેખે મહત્તમ વાર્ષિક રૂ.0.70 લાખની વ્યાજ સહાય ત્રણ વર્ષ માટે મળવાપાત્ર થશે.

પરિવહન અર્થે ધંધા રોજગાર માટે ખરીદ કરેલ વાહન માટે રૂ. 5 લાખથી રૂ. 20 લાખની મર્યાદામાં લીધેલ લોન પર લાભાર્થીને મહત્તમ વાર્ષિક રૂ. 1.20 લાખની વ્યાજ સહાય ત્રણ વર્ષ માટે મળવાપાત્ર થશે. સ્વરોજગાર-પરિવહન માટે લાભાર્થીની ઉમર 21 થી 50 વર્ષ સુધીની હોવી જોઇએ.



## યોજના અંતર્ગત મળતી સહાય/લાભ

| વ્યાજ સબસિડી માટે યોજનાનું નામ | વ્યાજ સબસિડી દર | એક લાભાર્થીને મહત્તમ વાર્ષિક સહાય (૩ વર્ષ માટે) |
|---|---|---|
| ભારત તથા વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે બેંકમાંથી લીધેલી લોન પર | 6% | 1.50 લાખ |
| સ્વરોજગાર માટે બેંકમાંથી લીધેલી લોન પર | પુરુષ 6%<br>મહિલા 7% | પુરુષ 60 હજાર<br>મહિલા 70 હજાર |
| પરિવહન માટે બેંકમાંથી લીધેલી લોન પર | 6% | 1.20 લાખ |



## અરજીની પ્રક્રિયા

નિગમો દ્વારા વર્તમાનપત્રમાં જાહેરાત આપવામાં આવે ત્યારે નિગમની વેબસાઇટ પર ઓનલાઇન/ઓફલાઇન અરજી કરવાની રહે છે.

## મંજૂરીની પ્રક્રિયા

જાહેરાત અન્વયે મળેલ પાત્રતા ધરાવતી અરજીઓમાંથી કોમ્પ્યુટરાઇઝડ ડ્રો કરી પસંદગી

## સંપર્ક અધિકારી/ અમલીકરણ કચેરી

ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર / ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ/ આંબેડકર અંત્યોદય વિકાસ નિગમની વડી કચેરી તેમજ જિલ્લા કચેરીઓ.

## અરજી સમયે રજૂ કરવાના થતાં પુરાવા

આધાર કાર્ડ, રેશનકાર્ડ, ઉંમરનો આધાર, આવક પ્રમાણપત્ર, જાતિનો દાખલો, વગેરે



# સાફલ્યગાથા...





# કાન્તાબહેન-જીતુભાઈ સરકારની યોજનાઓનો સહારો લઈને કહી રહ્યા છે 'સ્માઈલ પ્લીઝ'...!!!

બોટાદ ખાતે સફાઈકર્મી તરીકે ફરજ બજાવતા કાન્તાબહેનના જીવનમાં સરકારની રાષ્ટ્રીય સફાઈ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હી દ્વારા ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમને આપવામાં આવતી લોન પ્રગતિનો પંથ પુરવાર થઈ. કાન્તાબહેનના પતિ જીતુભાઈ ડાભી વર્ષોથી પોતાનો વીડિયો શૂટિંગનો વ્યવસાય કરી રહ્યા હતા. બદલાતા સમયની સાથે ટેક્નોલોજી અને લોકોની રૂચિમાં પરિવર્તન આવે તે સ્વાભાવિક છે. ટેક્નોલોજી અપડેટ થતાં



જીતુભાઈને પણ નવા આધુનિક કેમેરા ખરીદવાની જરૂર પડી જેથી તેઓ પણ આ સ્પર્ધાત્મક યુગમાં પોતાના પરિવારનું ગુજરાન યોગ્ય રીતે ચલાવી શકે. પરંતુ આટલા મોંઘા ડિજિટલ કેમેરા તો કઈ રીતે ખરીદી શકાય ? આટલું બધુ મૂડી રોકાણ એકસાથે કઈ રીતે થઈ શકે? તેવા પ્રશ્નો જીતુભાઈ અને તેમના પત્ની કાન્તાબહેનને સતત પરેશાન કરતા હતા.





આ તબક્કે તેમના જીવનના સારથી બની સરકારની રાષ્ટ્રીય સફાઈ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હી દ્વારા ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમને આપવામાં આવતી લોન... જીતુભાઈને બે કેમેરા અને લેન્સની ખરીદી પર રૂ. 10 લાખની લોન મળી છે. જેના થકી તેમના વ્યવસાયને નવું જોમ મળ્યું છે.

જીતુભાઈ પોતનો અનુભવ વર્ણવતા જણાવે છે કે, "મારી પાસે વીડિયો શૂટિંગ માટે જુના કેમેરા હતા. પરંતુ સમાજ કલ્યાણ અનુસુચિત જાતિ નિગમ, સફાઈ કામદારમાંથી જે સહાય મળી તેના દ્વારા મેં નવા કેમેરા વસાવ્યા અને જેના થકી મને સારૂ એવું વેતન મળી રહે છે. અત્યારના યુગ પ્રમાણે સતત અપડેટ થતું રહેવું ખૂબ જરૂરી છે. તેથી મારી પાસે રહેલા જૂના કેમેરાના કામથી પુરતો સંતોષ મળતો ન હતો. પરંતુ સમાજ કલ્યાણ અનુસૂચિત જાતિ નિગમ દ્વારા મને મળેલી સહાયથી હવે મેં આધુનિક કેમેરા ખરીધા છે. જેથી હવે મને લગ્નના ઓર્ડર, અન્ય ફોટોશુટમાં તેમજ સ્ટુડિયોમાં મને સારૂં કામ મળી રહે છે. આ આવકમાંથી હું હપ્તો ભરી શકું છું અને પૂરતી કમાણી પણ થઈ રહે છે. આથી હું વિભાગ અને ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કરું છું."

# કુટુંબનો જુવાનજોધ દીકરો અચાનક મૃત્યુ પામતા સરકારની યોજના બની ટેકો

તાપી જિલ્લાના છેવાડાના નિઝર તાલુકામાં રહેતા અનુસૂચિત જાતિના આહિરે પરિવારને આફતના ટાણે સરકારની કલ્યાણકારી યોજના સહાયરૂપ બની. પ્રધાનમંત્રી જીવન જ્યોત વિમા યોજનામાં આહિરે પરિવારને રૂ. 2 લાખની વિમાની રકમ મળતા ગરીબ પરિવારને સમયસર આર્થિક મદદ મળી રહી હતી.

આહિરે પરિવારના મોભી ઉત્તમભાઇ ખૂબ જ સામાન્ય પરિવારના છે. તેઓને જાણકારી મળી હતી કે પ્રધાનમંત્રી જીવન જ્યોત વિમા યોજનામાં ખૂબ જ ઓછું પ્રિમિયમ ભરવાથી સુરક્ષા કવચ પ્રાપ્ત થાય છે. આવી કલ્યાણકારી યોજનાનો લાભ હીતકર નીવડી શકે છે. તેમના દિકરા સ્વ. બલીરામભાઇ આહિરે વર્ષ 2022થી આ યોજનામાં જોડાયા હતા. તેઓનું અચાનક 30 એપ્રિલ-





24ના રોજ મૃત્યુ થતા કુટુંબીજનો ઉપર જાણે આભ તૂટી પડ્યું હતું. પરિવારે જુવાનજોધ દિકરો ગુમાવ્યો ત્યારે એવા સંજોગોમાં ખરેખર કુટુંબીજનોની હાલત કફોડી થઈ.

ઉત્તમભાઈ આહિરેને પ્રધાનમંત્રી જીવન જ્યોત વિમા યોજનાનો લાભ વિશે જણાવ્યું હતું કે સરકારની આ યોજના ખૂબ ઉપયોગી છે. દરેક વ્યક્તિએ આ યોજનાનો લાભ લેવો જ જોઈએ. વર્ષમાં એકવાર માત્ર રૂ.4.36 જેટલું નજીવું પ્રિમિયમ ભરવાનું હોય છે. બસ આટલા જ રૂપિયામાં વારસદાર/પરિવારજનોને રૂ. બે લાખ ચૂકવવામાં આવે છે. આખા વરસમાં આટલા રૂપિયા ભરવા તે બહુ મોટી વાત નથી. દરેક વ્યક્તિને પરવડે તેટલી રકમમાં આ વીમા યોજનાનો લાભ ખરા સમયે આપ્યો એ બદલ સરકારનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. સાથે સાથે વહીવટી તંત્રના અધિકારીઓ તેમજ બેંક ઓફિસરોનો પણ આભાર વ્યક્ત કરીએ છીએ. તેઓએ ખૂબ જ સહાનુભૂતિપૂર્વક ખૂબ જ ટૂંકા સમયગાળામાં અમને યોજનાનો લાભ આપ્યો છે.

તાપી જિલ્લાના મહત્ત્વાકાંક્ષી નિઝર તાલુકાના સુરત ડિસ્ટ્રીક્ટ કો. ઓપ. બેંકના 116માં સ્થાપના દિવસ નિમિત્તે યોજાયેલા સમારોહમાં પ્રધાન મંત્રી જીવન જ્યોતિ વીમા યોજના અંતર્ગત લાભાર્થીને બે લાખ રૂપિયાનો ચેક મૃતક બલિરામ ઉત્તમભાઈ આહિરેના પરિવારને ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ યોજનાનો લાભ 18 થી 50 વર્ષની વય સુધીના વ્યક્તિઓ લઈ શકે છે. જેમાં વિમાધારકના કોઈપણ કારણસર થયેલા મૃત્યુ સામે તેઓના વારસદાર/પરિવારજનોને રૂ. 2 લાખની સહાય મળે છે. આ યોજના દર વર્ષે રીન્યુ કરાવી શકાય છે.

# ઘરનું ઘર મળ્યું એટલે સમાજમાં અમારો માન મોભો પણ વધ્યો – ભાનુબહેન પારઘી

પોતાનું ઘરનું ઘર નહીં હોવાની પીડા આર્થિક રીતે નબળા અને ઘર વિહોણા લોકોથી વધારે કોણ જાણી શકે! છેવાડાના માનવીના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ ગુજરાત સરકાર આર્થિક રીતે પછાત અને સમાજના નબળા વર્ગના લોકો વિકાસની મુખ્યધારામાં સામેલ થાય તે માટે સતત પ્રયત્નશીલ છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અનુસૂચિત જાતિના વર્ગોને અનેક યોજનાઓનો લાભ મળતા લાભાર્થીઓનું જીવન ધોરણ ગુણવત્તાયુક્ત બની રહ્યું છે. આવી જ એક યોજના એટલે ડૉ. આંબેડકર આવાસ યોજના..

જામનગર શહેરમાં જૂના નાગના ગેઈટ પાસે રહેતા શ્રી ભાનુબહેન હરીશભાઈ પારઘી જણાવે છે કે, 'હું અને મારા પતિ હરીશભાઈ છૂટક મજૂરી કરીને ઘરના બે છેડા ભેગા કરીએ છીએ. આ ઘરમાં આવ્યા પહેલા અમારો પરિવાર મારા સસરાના એક રૂમના મકાનમાં રહેતો હતો જેમાં અમને અનેક હાડમારીનો સામનો કરવો પડતો. જોકે જામનગરના જૂના નાગના ગેઈટ પાસે અમારી માલિકીનો એક ખુલ્લો પ્લોટ હતો જેના પર અમારે પોતાનું મકાન બનાવવું હતું પરંતુ અમારી આર્થિક સ્થિતિ સારી નહોતી કે અમે પોતાનું મકાન બનાવી શકીએ. એવામાં અમને જામનગરની નાયબ નિયામક અનુસૂચિતા જાતિ કલ્યાણ કચેરી દ્વારા ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ સહાય મળતી હોવા અંગે જાણ થઈ. અમે જ્યારે આ કચેરીનો સંપર્ક કર્યો ત્યારે અમને આ યોજના હેઠળ મળતા લાભો વિશે જાણકારી આપવામાં આવી. જેના આધારે અમે ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ પર સહાય મેળવવા ઓનલાઈન અરજી કરી. આ અરજી મંજૂર થતા મકાનના બાંધકામ માટે રૂ.1,20,000ની સહાય સીધી અમારા બેંકમાં જમા થઈ. આ સહાયથી અમે પાક્કુ મકાન અને શૌચાલય બનાવ્યું. જ્યારે અમે અમારા નવા મકાનમાં રહેવા ગયા ત્યારે સમાજમાં પણ અમારું માન અને મોભો વધ્યો. અગાઉ મકાન વગર શિયાળો, ઉનાળો અને ચોમાસામાં જે તકલીફોનો સામનો કરવો પડતો હતો તે તકલીફો હવે કાયમ માટે દૂર થઈ ગઈ. જેથી હું અને મારો પરિવાર સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા જામનગર અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરીએ છીએ.'

જે વ્યક્તિઓ પાસે ખુલ્લો પ્લોટ હોય, કાચુ મકાન કે જે રહેઠાણ માટે યોગ્ય ન હોય તેવા જરૂરિયાતમંદોને ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ સહાય મળે છે. જેમાં નિયમાનુસાર મકાન બાંધવા ઈચ્છતા હોય તેઓને રૂ.1,20,000ની સહાય ત્રણ હપ્તામાં ચૂકવવામાં આવે છે. તે પૈકી

પ્રથમ હપ્તો રૂ.40,000 (વહીવટી મંજૂરીના હુકમ સાથે), બીજો હપ્તો રૂ.60,000 (લીન્ટલ લેવલે પહોંચ્યા બાદ) અને ત્રીજો હપ્તો રૂ.20,000 (શૌચાલય સહિતનું બાંધકામ પૂર્ણ થતા) આપવામાં આવે છે. ડૉ. આંબેડકર આવાસ યોજનાએ નબળી આર્થિક સ્થિતિ ધરાવતા અને ગરીબી રેખા નીચે જીવતા અનુસૂચિત જાતિના અનેક લોકોના ઘરના ઘરનું સ્વપ્ન પૂર્ણ કર્યું છે.



# મારો અભ્યાસ પૂર્ણ થયો છતાં લોનના હપ્તાની ચિંતા નથી – રીયાબહેન પરમાર



મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર વિદ્યાર્થી ઉત્કર્ષલક્ષી અનેક યોજનાઓ દ્વારા વિદ્યાર્થીઓના સપનાઓને ટેકો આપી રહી છે. ગુજરાતના છેવાડાના ગામના કોઇ ગરીબ ઘરના દિકરા-દીકરી પણ વિદેશમાં ઉચ્ચ અભ્યાસનું સ્વપ્ન જોઇ શકે અને તેને સાકાર પણ કરી શકે તેવી રાજ્ય સરકારની નીતિ છે. આ યોજનાનો લાભ મેળવી રાજકોટના રીયાબહેન પરમારે યુ. કે. થી ઉચ્ચ શિક્ષણ હાંસલ કર્યું છે.

વિદેશ ઉચ્ચ અભ્યાસ લોન યોજનાને રાજકોટમાં રહેતા લાભાર્થી દીકરીના પિતા અરવિંદભાઇ પરમાર આવકારે છે. અરવિંદભાઇએ કહ્યું હતું કે, વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવ્યા બાદ રાષ્ટ્રના નિર્માણમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. મારી પુત્રી રીયાને રાજકોટથી બેચલર ઓફ ફિઝિયોથેરાપી કર્યા બાદ ઉચ્ચ શિક્ષણ માટે વિદેશ જવાની ઇચ્છા હતી. એક પિતા તરીકે મારે તેનું સ્વપ્ન પૂર્ણ કરવું હતું. અમે જીવનભરની મૂડી એકત્ર કરી અને અન્ય જગ્યાએથી પણ લોનની વ્યવસ્થા કરતા હતા ત્યારે  અખબારમાં રાજ્ય સરકારની ઉચ્ચ અભ્યાસ લોનની જાહેરાત અમારા ધ્યાને આવી.

અમે ઇ-સમાજ કલ્યાણ પોર્ટલ પરથી ઓનલાઇન અરજી કરી હતી. નજીવા વ્યાજદરે રૂ.15 લાખની લોન મંજૂર થતા અમને માનસિક અને આર્થિક રાહત થઇ હતી. આ પ્રકારની યોજનાથી વિધાર્થીઓનું સ્વપ્ન તો પૂર્ણ થઇ શકે જ છે સાથે સાથે વાલીઓને પણ આર્થિક ટેકો મળી રહે છે.

બ્લાન્ટન સીટી ઇંગ્લેન્ડ યુનિવર્સિટીથી તાજેતરમાં માસ્ટર ઓફ એડવાન્સ ફિઝિયોથેરાપીની ડિગ્રી મેળવનારા રીયાબહેન કહે છે કે, રાજ્ય સરકારની યોજનાકીય સહાયથી હું સો ટકા અભ્યાસમાં ફોકસ કરી શકી. જો આ લોન ન મળી હોત તો અભ્યાસની સાથે સાથે મારે પાર્ટ ટાઇમ જોબ કરવી પડી હોત અને હું અભ્યાસમાં 100% ધ્યાન આપી ન શકી હોત. મેં રાજકોટમાં બેચલર પછી ત્રણ વર્ષ પીડીયાટ્રીક ફિઝિયોથેરાપીસ્ટ તરીકે સેવા આપી પરંતુ આ સમય દરમિયાન મને અંદરથી હજી કંઇક ખૂટે છે તેવું અનુભવાતું. મારે વધુ અભ્યાસ મેળવી બાળકોની સારવાર માટે કટિબદ્ધ થવું છે. મારા આ ધ્યેયને પૂર્ણ કરવા સુધીની સફરમાં મને પેરેન્ટ્સની સાથે સાથે રાજ્ય સરકારનો પણ પૂરતો સહયોગ મળ્યો. હું જોબ શોધી રહી છું છતાં મને લોનના હપ્તાની કોઇ ચિંતા નથી કારણકે, વિધાર્થીઓને અભ્યાસ પૂર્ણ થયા બાદ સેટલ થવા માટે સરકાર છ માસની સમય મર્યાદા આપે છે.

સરકારની આ યોજનાનો મોટો લાભ એ જ છે કે, વિધાર્થીઓને આર્થિક રીતે ભારણ રહેતું નથી. શરૂઆતનો તબક્કો સંઘર્ષનો હોય. વિધાર્થી પોતાનું ઘર, દેશ છોડીને અન્ય દેશમાં ભણવા અને જોબ માટે સેટલ થાય તેમાં સમય લાગતો હોય છે. વ્યાજદર વાર્ષિક 4 ટકા અને અભ્યાસ પૂર્ણ કર્યાના છ માસ બાદ લોનના હપ્તા શરૂ થતા હોવાથી વિધાર્થીને સેટલ થવા પૂરતો સમય મળી રહે છે.

# વિસરાતી 700 વર્ષ જૂની ટાંગલિયા વણાટની વિરાસતનો સેવક ડાંગસીયા પરિવાર





ટાંગલિયા કળાથી આર્થિક રીતે પગભર થયેલા સુરેન્દ્રનગરનાં લીલાબહેન રાઠોડ કહે છે કે, "એક સમય હતો, જયારે આપણી ટાંગલિયા કળા લુપ્ત થવાના આરે હતી. પરંતુ સરકારની મદદથી આ કળાને નવજીવન મળ્યું છે. આધુનિક ટેકનોલોજીથી બનેલા કાપડ આવી જતા પરંપરાગત ટાંગલિયા કળાની માંગ ધીમે-ધીમે સાવ ઘટી ગઈ હતી. જેના પરિણામે અમે ધંધા-રોજગાર વિનાના બેકાર થઈ ગયા હતા. દુઃખનાં આ કપરા સમયમાં કેન્દ્ર અને રાજ્ય સરકારનાં દીર્ઘદ્રષ્ટિભર્યા આયોજનનાં પરિણામે આજે મૃતઃપાય ટાંગલિયા કળા જીવંત બની છે.

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાનાં દેદાદરા ગામનાં વતની લીલાબહેન રાઠોડ અને તેમનો પરિવાર ટાંગલિયા વણાટના ડ્રેસ, સાડી, દુપટ્ટા, કુર્તા, બેડશીટ બનાવી લુપ્ત થતી આ ટાંગલિયા કળાનો વારસો સાચવી રહ્યા છે. ગામની કળાપ્રેમી બહેનોને સાથે જોડીને લીલાબહેને 'શ્રદ્ધા મહિલા મંડળ' નામે સખી મંડળની રચના કરી છે. આ મંડળમાં લીલાબહેન પ્રમુખ તરીકેની ભૂમિકા ભજવે છે. મંડળ સાથે જોડાયેલી તમામ બહેનો આજે સ્વની સાથે અન્યને પણ જોડી આ કળાને જીવંત રાખવાનાં અવિરત પ્રયાસો કરી રહી છે. લીલાબહેન વડોદરા, સુરત, અમદાવાદ, બેંગ્લોર, હૈદરાબાદ, દિલ્હી જેવા મોટા શહેરોમાં યોજાતા હસ્તકળા મેળાઓમાં ભાગ લઈ પોતાના ઉત્પાદનોને આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતી અપાવી ચુક્યા છે. રાજ્યની આંગળીના વેઢે ગણી શકાય તેવી હાથવણાટ કળાઓમાં સુરેન્દ્રનગરની ટાંગલિયા કળા આગવું સ્થાન ધરાવે છે.

લીલાબહેન જણાવે છે કે, કળાને વધુ સારી રીતે નીખારી શકાય તે માટે સમયાંતરે સરકાર તરફથી તાલીમનું આયોજન કરવામાં આવે છે. આ ઉપરાંત પહેલા વેચાણ ક્યાં કરવું તે જ મોટો પ્રશ્ન હતો. પરંતુ હવે સરકાર દ્વારા યોજાતા પ્રદર્શન સહ વેચાણ મેળાઓમાં ભાગ લેવાની તકો સાથે વેચાણનું સરસ પ્લેટફોર્મ મળી રહે છે. લીલાબહેન વાર્ષિક રૂ.15 થી 18 લાખનું વેચાણ કરી સખી મંડળના તમામ બહેનોને આત્મનિર્ભરતા તરફ લઈ ગયા છે.

# દીકરી પ્રિયંકા રાઠોડને કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ મળી રૂ. 12 હજારની સહાય

નરસિંહ મહેતાની પુત્રી કુંવરબાઈના વિવાહ સમયે તેમનુ મામેરું કરવા માટે ખુદ ભગવાન શ્રીકૃષ્ણ શેઠ સગાળશા બનીને આવ્યા હતા એ લોક કથા જાણીતી છે, ત્યારે ગરીબ મા-બાપની દીકરીઓને 'કુંવરબાઈનું મામેરું સહાય યોજના' હેઠળ રાજ્ય સરકાર જરૂરિયાતમંદ પરીવારોને મદદરૂપ થઈ સાચા અર્થમાં સામાજિક ફરજ અદા કરે છે. લાભાર્થી પરિવારોમાં દિકરીઓના લગ્ન થાય ત્યારે રાજ્ય સરકાર કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ રૂ. 12 હજારની આર્થિક સહાય કરીને પરિવારની પડખે ઊભી રહે છે. કુંવરબાઈનું મામેરું યોજના ગરીબ પરિવારો માટે આશીર્વાદ સમાન છે. આ યોજના માત્ર નાણાકીય સહાય પૂરી પાડવા ઉપરાંત સમાજમાં દીકરીઓની પ્રતિષ્ઠા વધારવાનો ઉમદા પ્રયત્ન છે.

અનુસૂચિત જાતિની દીકરી પ્રિયંકા કિશોરભાઈ જાદવ સુરત શહેરના અડાજણ-પાલ વિસ્તારમમાં રહે છે. પ્રિયંકાબહેનને રાજ્ય સરકારની કુંવરબાઈનું મામેરું યોજના અંતર્ગત વ્યક્તિગત રૂ.12,000ની સહાય મળવાથી તેમના પરિવારને આર્થિક ટેકો મળી રહ્યો છે. જીવનમાં આવેલા પરિવર્તન વિશે જણાવતા પ્રિયંકાબહેન છે કે, તા.11/07/2024ના રોજ મારા લગ્ન થયા હતા. મને કુંવરબાઇનું મામેરું યોજના વિષે જાણકારી હતી જેથી ફોર્મ ભરી અરજી કરી હતી. નિયત સમયમાં અરજી મંજૂર થઈ અને રાજ્ય સરકારે રૂ.10 હજાર સીધા બેંક ખાતામાં જમા કરાવ્યા. મને આ આર્થિક મદદ ખૂબ ઉપયોગી નીવડી છે. મારા જેવી હજારો દીકરીઓના શિક્ષણ, પ્રગતિ અને લગ્ન માટે રાજ્ય સરકાર કુંવરબાઈનું મામેરું જેવી ઉમદા યોજનાઓ વડે પ્રગતિની તક આપી પ્રોત્સાહન આપે છે.

આ યોજના હેઠળ 1995માં રૂ.5,000ની સહાય ચૂકવવામાં આવતી હતી, જેની રકમ 2012માં વધારી રૂ.10,000 કરવામાં આવી અને રાજ્યની અનુસૂચિત જાતિની દીકરીઓના ભવિષ્યને ધ્યાનમાં રાખીને 2021માં રકમ વધારી 12 હજાર કરવામાં આવી છે.



# નાયબ નિયામક (અનુસૂચિત જાતિ કલ્યાણ) અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીઓ (પંચાયત)ની કચેરીઓની યાદી

### અમદાવાદ

નાયબ નિયામક,
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
અપના બજાર, એ- 10મો માળ, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ
ફોન : 079-25501123

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી,
સમાજ કલ્યાણ શાખા, જિલ્લા પંચાયત કચેરી, ચોથો માળ, અમદાવાદ.
ફોન : 079-25506520

### ગાંધીનગર

નાયબ નિયામક,
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
સહયોગ સંકુલ પહેલો માળ,
ગાંધીનગર
ફોન: 079 - 232 59061

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી,
સમાજ કલ્યાણ શાખા,
જિલ્લા પંચાયત કચેરી,
ગાંધીનગર
ફોન : 079- 232 56959

### જામનગર

નાયબ નિયામક,
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
જિલ્લા સેવા સદન, વિક્ટોરિયા પુલ પાસે,
જામનગર
ફોન : 0288 - 2570017

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી,
સમાજ કલ્યાણ શાખા,
જિલ્લા પંચાયત કચેરી, જામનગર
ફોન : 0288-2550221

### જૂનાગઢ

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
બહુમાળી મકાન, બ્લોક -1/3 જો માળ,
જૂનાગઢ

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી,
સમાજ કલ્યાણ શાખા,
જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી મકાન,
બ્લોક-1, ત્રીજો માળ, જુનાગઢ
ફોન : 0285-2620675

### ભૂજ - કચ્છ

નાયબ નિયામક,
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
બહુમાળી મકાન, બ્લોક 104/405, ભૂજ
ફોન : 2832-220621

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી,
સમાજ કલ્યાણ શાખા,
જિલ્લા પંચાયત કચેરી, જિલ્લા પંચાયત
કચેરી, કચ્છ-ભૂજ
ફોન : 02832-22065

## પોરબંદર

નાયબ નિયામક,
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
જિલ્લા સેવા સદન-2, બ્લોક નં. 12,
પહેલો માળ, સાંદિપનિ આશ્રમ રોડ,
પોરબંદર

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી,
સમાજ કલ્યાણ શાખા,
જિલ્લા પંચાયત કચેરી, પોરબંદર
ફોન : 0286-2245897

## સાબરકાંઠા

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
બહુમાળી મકાન, ત્રીજો માળ,
એ-બ્લોક, હાજીપુરા, હિંમતનગર

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી,
સમાજ કલ્યાણ શાખા,
જિલ્લા પંચાયત કચેરી,
હિંમતનગર, જિ.સાબરકાંઠા
ફોન : 02772-249545

## આણંદ

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
જિલ્લા સેવા સદન, બોરસદ ચોકડી,
આણંદ 388001

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી,
સમાજ કલ્યાણ શાખા, જિલ્લા પંચાયત
કચેરી, આણંદ
ફોન : 02992-266262

## બનાસકાંઠા

નાયબ નિયામક,
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
જોરાવર પેલેસ, પાલનપુર, જિ. બનાસકાંઠા
ફોન : 02742 - 254319

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
સમાજ કલ્યાણ શાખા,
જિલ્લા પંચાયત કચેરી, પાલનપુર
જિ.બનાસકાંઠા.
ફોન : 02742-252631

## દાહોદ

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
જિલ્લા સેવા સદન, બ્લોક નં 238,
ઝલોદ રોડ, દાહોદ
ફોન: 02673-239248

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
સમાજ કલ્યાણ શાખા,
જિલ્લા પંચાયત કચેરી, દાહોદ
ફોન : 02673-239221

## ખેડા

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
બહુમાળી મકાન, બ્લોક સી 205,
બીજો માળ, સરદાર પટેલ ભવન, નડિયાદ
ફોન : 0268 - 2550616

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
સમાજ કલ્યાણ શાખા,
જિલ્લા પંચાયત કચેરી, નડિયાદ
જિ.ખેડા
ફોન : 0268-2557446

### મહેસાણા

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
બહુમાળી મકાન, બ્લોક 4-બીજો માળ,
જિલ્લા સંકુલ, મહેસાણા.

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
સમાજ કલ્યાણ શાખા,
જિલ્લા પંચાયત કચેરી, મહેસાણા
ફોન: 02762-222336

### પંચમહાલ

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
કલેકટર કચેરી કમ્પાઉન્ડ,
પહેલોમાળ, બ્લોક નં- 19 થી 21, ગોધરા,
જિ.પંચમહાલ
ફોન : 02672 - 241497

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
સમાજ કલ્યાણ શાખા,
જિલ્લા પંચાયત કચેરી, ગોધરા,
જિ. પંચમહાલ
ફોન : 02672-253379

### પાટણ

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
જિલ્લા સેવા સદન ચોથા માળે,
રાજમહેલ રોડ, પાટણ,
જિ.પાટણ
ફોન : 02766-226782

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
સમાજ કલ્યાણ શાખા,
જિલ્લા પંચાયત કચેરી,
પાટણ
ફોન : 02766-223368

### અમરેલી

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
બહુમાળી મકાન, બ્લોક 303-બી, 3 માળ,
અમરેલી.
ફોન : 02792-223446

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
સમાજ કલ્યાણ શાખા, જિલ્લા પંચાયત
કચેરી, અમરેલી
ફોન : 02792-223217

### ભરૂચ

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
ગાયત્રી નગર સામે, ત્રીજો માળ,
બહુમાળી મકાન, ભરૂચ
ફોન: 02642-244941

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
સમાજ કલ્યાણ શાખા, જિલ્લા પંચાયત
કચેરી, ભરૂચ.
ફોન : 02642-252471/78

## ભાવનગર

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
બહુમાળી મકાન, જી-5 એનેક્સી બિલ્ડિંગ,
ભાવનગર
ફોન : 0278 - 2515729

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
સમાજ કલ્યાણ શાખા,
જિલ્લા પંચાયત કચેરી, ભાવનગર
ફોન : 0278-2439951

## રાજકોટ

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
બ્લોક 6-1, બહુમાળી મકાન, રેસકોર્સ રોડ,
રાજકોટ. જિ. રાજકોટ
ફોન : 0281-2444902

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
સમાજ કલ્યાણ શાખા, જિલ્લા પંચાયત
કચેરી, જિ.રાજકોટ
ફોન : 0281-2443851

## સુરત

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
બ્લોક-સી, બહુમાળી મકાન, 6ઠ્ઠો માળ,
નાનપુરા, સુરત.
ફોન : 0261-2494430

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
સમાજ કલ્યાણ શાખા,
જિલ્લા પંચાયત કચેરી, સુરત
ફોન : 0261-2425751 - 55

## સુરેન્દ્રનગર

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
બહુમાળી મકાન, બ્લોક-એ, બીજો માળ,
રૂમ નં.205, જિ. સુરેન્દ્રનગર
ફોન : 02752 - 283589

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
સમાજ કલ્યાણ શાખા,
જિલ્લા પંચાયત કચેરી, જિ. સુરેન્દ્રનગર
ફોન : 02752 - 283702

## વડોદરા

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
બ્લોક-સી, નર્મદા ભુવન, જેલરોડ,
જિ. વડોદરા
ફોન : 0265 - 2435621

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી,
સમાજ કલ્યાણ શાખા, જિલ્લા પંચાયત
કચેરી, વડોદરા

ફોન : 0265-2431595

## વલસાડ

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી
(વલસાડ અને ડાંગ), નવી બહુમાળી
મકાન, ચોથો માળ, કલેકટર ઓફીસ,
વલસાડ
ફોન : 0262-242916

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી,
સમાજ કલ્યાણ શાખા, જિલ્લા પંચાયત
કચેરી, વલસાડ
ફોન : 0262-241490

## ડાંગ (આહવા)

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
સમાજ કલ્યાણ શાખા,
જિલ્લા પંચાયત કચેરી, ડાંગ
ફોન : 02631-220349

## નર્મદા (રાજપીપળા)

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
જિલ્લા સેવા સદન, 219, બીજોમાળ,
રાજપીપળા, જિ.નર્મદા
ફોન : 02640 - 224436
જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી,
સમાજ કલ્યાણ શાખા,
જિલ્લા પંચાયત કચેરી,
રાજપીપળા, જિ. નર્મદા.
ફોન : 02640-224417

## નવસારી

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
સી-બ્લોક -ત્રીજો માળ, જૂના થાણા,
નવસારી
ફોન : 02637-256424

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
સમાજ કલ્યાણ શાખા, જિલ્લા પંચાયતની
કચેરી, નવસારી
ફોન : 02637-233995

## તાપી

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
જિલ્લા સેવા સદન
બ્લોક નં. 6/1 પાનવાડી વ્યારા, જિ. તાપી.
ફોન : 02626-220869

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી,
જિલ્લા પંચાયત, તાપી, જિ. તાપી.

## બોટાદ

નાયબ નિયામક
અ.જા.ક.ની કચેરી, જિલ્લા સેવા સદન
એ/એસ. 23, ખસ રોડ, તા. જિ.બોટાદ.
ફોન નં. 02849- 271477

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
જિલ્લા પંચાયત, તાલુકા સેવા સદન ત્રીજો માળ, પાળીયાદ રોડ, બોટાદ.

## અરવલ્લી (મોડાસા)

નાયબ નિયામક
અ.જા.ક.ની કચેરી, જિલ્લા સેવા સદન
એ/એસ-9, મોડાસા, જિ. અરવલ્લી

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, જિલ્લા પંચાયત, મોડાસા, જિ. અરવલ્લી.

## મહીસાગર

નાયબ નિયામક
અ.જા.ક.ની કચેરી, ગ્રાઉન્ડ ફ્લોર,
ટપાલ શાખા સામે, નવી કલેક્ટર કચેરી
લુણાવાડા, જિ. મહીસાગર

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી,
જિલ્લા પંચાયત, જિ.મહીસાગર.

## મોરબી

જિલ્લા નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
જિલ્લા સેવા સદન બ્લોક 47/48,
જિ.મોરબી
ફોન નં.02822-242224

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
જિલ્લા પંચાયત, જિ.મોરબી.

## ગીર સોમનાથ

નાયબ નિયામક
અ.જા.ક.ની કચેરી, જિલ્લા સેવા સદન
બ્લોક નં. 363-364, ઈણાજ તાલાલા
હાઇવે, જિ. ગીર સોમનાથ.

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
જિલ્લા પંચાયત, જિ.ગીર સોમનાથ.

## છોટા ઉદેપુર

જિલ્લા નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
જિલ્લા સેવા સદન રજો માળ રૂમ નં. 6,
જિ. છોટાઉદેપુર
ફોન નં.02669-233220

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
જિલ્લા પંચાયત, મુ. છોટા ઉદેપુર

## દેવભૂમિ દ્વારકા

નાયબ નિયામક
અ.જા.ક.ની કચેરી, સીજી - 11/12,
જિલ્લા સેવા સદન, મુ.જામખંભાળિયા,
જિ. દેવભૂમિ-દ્વારકા
ફોન નં. 02833-234902

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી,
જિલ્લા પંચાયત, જિ.દેવભૂમિ દ્વારકા.

# આદર્શ નિવાસી શાળાઓની યાદી આદર્શ નિવાસી શાળાઓ (કુમાર/કન્યા)નાં નામ-સરનામા, ફોન નં. ની વિગત

1. આચાર્ય, આદર્શ નિવાસી શાળા,
   (કુમાર)
   સેકટર-8, રંગમંચની સામે, ગાંધીનગર
   ફોન નં. 079-23220166
2. આચાર્ય, આદર્શ નિવાસી શાળા,
   (કુમાર)
   ઠે.સરથાણ ઋષિકેશ એપાર્ટમેન્ટ સામે ભગવાન નગર રો હાઉસ સામે, મુ. સરથાણ પો. વાલકગામ જકાતનાકા પાસે, જિ. સુરત
3. આચાર્ય, આદર્શ નિવાસી શાળા,
   (કુમાર) મુ. પો. ખમીસાણા,
   તા.વઢવાણ, જિસુરેન્દ્રનગર
4. આચાર્ય, આદર્શ નિવાસી શાળા
   (કુમાર) ડોકા મરડી, કેવેન્દ્રા ફાટક પાસે માંગરોળ રોડ, કેશોદ, જિ. જૂનાગઢ
5. આચાર્ય, આદર્શ નિવાસી શાળા
   (કન્યા) આંબેડકર ભવનની બાજુમાં, ધરાનગરની સામે, બિલખા રોડ,
   જૂનાગઢ ફોન નં. 0285 - 2634984
6. આચાર્ય, આદર્શ નિવાસી શાળા,
   (કુમાર)
   કણકોટ રોડ, નારાયણ રેસિડન્સીની પાસે, કાલાવાડ રોડ, રાજકોટ
7. આચાર્ય, આદર્શ નિવાસી શાળા,
   (કન્યા)
   કોસ્મોપેક્ષ ટોકીઝ સામે, કાલાવાડ રોડ, રાજકોટ.
   ફોન (0281) 2591019
8. આચાર્ય, આદર્શ નિવાસી શાળા,
   (કુમાર) સિદસર વાળુકડ રોડ,
   ભાવનગર
9. આચાર્ય, આદર્શ નિવાસી શાળા,
   (કન્યા) સાંદિપની આશ્રમની બાજુમાં,
   એરપોર્ટ રોડ, પોરબંદર
10. આચાર્ય, આદર્શ નિવાસી શાળા,
    (કુમાર) અંબાજી હાઈવે, ઈન્ડેન ગેસ ગોડાઉન પાસે, પાલનપુર,
    જિ. બનાસકાંઠા
    ફોન નં. 02742 - 247483
11. આચાર્ય, આદર્શ નિવાસી શાળા,
    (કન્યા-5) સર્મપણ, જી.એસ.ટી. ક્રોસિંગ પાસે, રાણીપ,
    જિ. અમદાવાદ - 380060
    ફોન નં. 079- 27590408
12. આચાર્ય, આદર્શ નિવાસી શાળા
    (કન્યા) સહયોગ, મંગળ સોસાયટી,
    બટ્ટાર વાડી, અમરેલી.

13. આચાર્ય, આદર્શ નિવાસી શાળા, (કન્યા) સેક્ટર-8, ઈન્કવાયરી ઓફિસ સામે, ગાંધીનગર.

14. આચાર્ય, આદર્શ નિવાસી શાળા, (કુમાર) સાધના કોલોની સામે, રણજીતસાગર રોડ જામનગર-361005

15. આચાર્ય, આદર્શ નિવાસી શાળા, (કન્યા) દરજીપુરા, આરટીઓ પાછળ, હરણી રોડ, તા. જિ. વડોદરા

16. આચાર્ય, આદર્શ નિવાસી શાળા, (કુમાર) ઇડરીયો શિલાઉધાનની બાજુમાં, વલાસણા રોડ, મુ. પો. ઈડર, જિ. સાબરકાંઠા.

17. આચાર્ય, આદર્શ નિવાસી શાળા, (કન્યા) અંબાજી હાઈવે, ઈંડેન્ડગેસ ગોડાઉન પાસે, પાલનપુર, જિ. બનાસકાંઠા
ફોન નં.02742 - 247483

18. આચાર્ય, આદર્શ નિવાસી શાળા, (કુમાર) મહેસાણા-ઊંઝા હાઈવે, ફતેપુરા પાટિયાની સામે, મહેસાણા

19. આચાર્ય, આદર્શ નિવાસી શાળા
(કન્યા)
મુ. બાકરોલ, સંજીવની સ્કૂલ સામે, વલ્લભવિધાનગર, જિ. આણંદ

20. આચાર્ય, આદર્શ નિવાસી શાળા,
(કુમાર)
શ્રી પોરબંદર તાલુકા વણકર જ્ઞાતિ સમાજના મકાનમાં, રામ પેટ્રોલ પંપ પાસે, એરોડ્રામ રોડ, પોરબંદર

21. આચાર્ય, આદર્શ નિવાસી શાળા,
(કન્યા)
ઠે.અરવલ્લી પાટીદાર સંઘના મકાનમાં, કર્ણાવતી કોમ્પલેક્ષ, શામળાજી બાયપાસ રોડ, મુ. મોડાસા, જિ. અરવલ્લી

22. આદર્શ નિવાસી શાળા, (કન્યા)
ઠે.સરથાણ ઋષિકેશ એપાર્ટમેન્ટ સામે ભગવાન નગર રો હાઉસ સામે, મુ. સરથાણ પો. વાલકગામ જકાતનાકા પાસે, સુરત, જિ. સુરત.

23. આચાર્ય, આદર્શ નિવાસી શાળા,
(કુમાર)
શ્રી સરદાર પટેલ કેળવણી ઉત્તેજક મંડળ, જૈન દેરાસર સામે, જૂના કાળકા રોડ, પાટણ

24. આચાર્ય, આદર્શ નિવાસી શાળા,
(કુમાર)
ઠે. ડિસન્ટ પબ્લિક સ્કૂલ કેમ્પસ, કોઠાસણ ચોકી, મુ.તા. સતલાસણા, જિ. મહેસાણા

25. આચાર્ય, આદર્શ નિવાસી શાળા,
(કુમાર)
9 સહયોગ, મોહન નગર સોસાયટી, એસ.ટી. ડિવિઝન સામે, વૃંદાવન-2, લાઠીરોડ, અમરેલી.

# સરકારી કુમાર / કન્યા છાત્રાલયની યાદી

### અમદાવાદ

નરસિંહ ભગત છાત્રાલય પાલડી
અમદાવાદ સરકારી કુમાર છાત્રાલય,
અમદાવાદ સરકારી છાત્રાલય (પી.જી.),
અમદાવાદ
ગ્રામ્ય બસ સ્ટેશન પાછળ, CNG પંપ સામે
પાલડી, અમદાવાદ-7.
ફોન નં. 079 - 26589231

સરકારી કન્યા છાત્રાલય
ગાયત્રી રાઈસ પાસે, ભગલપુર રોડ, ધોળકા,
જિ.અમદાવાદ
ફોન નં. 079 - 25501123

સરકારી કુમાર છાત્રાલય
સરસપુર સેવા ટ્રસ્ટના મકાનમાં, પાણીની
ટાંકી સામે પટેલ મિલ પાસે, રખિયાલ,
અમદાવાદ ફોન નં. 079-26589231

સરકારી કન્યા છાત્રાલય
સંન્યાસ આશ્રમ, એલીસબ્રીજ, અમદાવાદ
ફોન નં. 079 - 26582077

સરકારી કુમાર છાત્રાલય
શ્રી શિવજીનગર કાછિયા પટેલ પંચની
વાડી, ગધેમાળ, ધોળકા, અમદાવાદ
સરકારી કન્યા છાત્રાલય, વિરમગામ
1, ગુરૂકૃપા સોસાયટી, બેચરાજીરોડ,
વિરમગામ, અમદાવાદ
ફોન નં. 079 - 25501123

### ગાંધીનગર

સરકારી કન્યા છાત્રાલય
આ. નિ. શા. (સેક્ટર-8ના મકાનમાં),
સેક્ટર-8, ગાંધીનગર

ડૉ.બાબા સાહેબ આંબેડકર છાત્રાલય
સેક્ટર-15, ગાંધીનગર

### ખેડા

સરકારી કુમાર છાત્રાલય
33, હીરપાર્ક સોસાયટી, કિશન સમોસાના
ખાંચામાં, નડીયાદ, જિ. ખેડા
ફોન નં. 0268 - 2550616

સરકારી કન્યા છાત્રાલય
ગુજરાત જનકલ્યાણ સેવા સમાજના
મકાનમાં, પીજ રોડ, નડિયાદ, જિ.ખેડા.
ફોન નં. 0268 - 2550619

### આણંદ

સરકારી કન્યા છાત્રાલય,
સંકુલ -1 વલ્લભ વિદ્યાનગર
બાકરોલ, સંજીવની સ્કૂલની સામે,
વલ્લભ વિદ્યાનગર, , જિ.આણંદ

સરકારી કુમાર છાત્રાલય,
વલ્લભ વિદ્યાનગર, સંકુલ-1
બાકરોલ, સંજીવની સ્કૂલની સામે,
જિ. આણંદ

સરકારી કુમાર છાત્રાલય
વલ્લભ વિદ્યાનગર, સંકુલ-2
બાકરોલ, સંજીવની સ્કૂલની સામે,
જિ. આણંદ.

સરકારી કુમાર છાત્રાલય (પી.જી.),
વલ્લભ વિદ્યાનગર બાકરોલ,
સંજીવની સ્કૂલની સામે, જિ. આણંદ.

સરકારી કુમાર છાત્રાલય,
ખંભાત જલારામ સોસાયટી,
આંબાખાંડ રોડ, ખંભાત

સરકારી કન્યા છાત્રાલય સંકુલ-2,
વલ્લભ વિદ્યાનગર
બાકરોલ, સંજીવની સ્કૂલની સામે
જિ. આણંદ

## વડોદરા

સરકારી કુમાર છાત્રાલય, અકોટા
અકોટા પોલીસ લાઇન સામે, વડોદરા
ફોન નં. 0265 - 2435621

સરકારી કન્યા છાત્રાલય
કારેલીબાગ, પાણીની ટાંકી પાછળ, વડોદરા
ફોન નં. 0265 - 2435621

## મહેસાણા

સરકારી કુમાર છાત્રાલય
આર. ટી. ઓ. કચેરી પાછળ, પાલાવાસણા
ચોકડી, અમદાવાદ હાઇવે, મહેસાણા.

સરકારી કન્યા છાત્રાલય
આર. ટી. ઓ. કચેરી પાછળ, પાલાવાસણા
ચોકડી, અમદાવાદ હાઇવે, મહેસાણા.

સરકારી કુમાર છાત્રાલય
તાલુકા પંચાયત સામે, દેત્રોજ રોડ,
મુ. તા. કડી જિ.મહેસાણા

સરકારી કન્યા છાત્રાલય
પ્રકાશ બાલમંદિરના બીજા માળ, કમાણા
ચોકડી, વિસનગર, જિ.મહેસાણા

## પાટણ

સરકારી કુમાર છાત્રાલય
ઉંઝા ત્રણ રસ્તા હાંસાપુર, પાટણ
ફોન નં. 02766 - 226782

સરકારી કન્યા છાત્રાલય
જળચોક, લીમડો મઢ, આંબેડકર ભવન
સામે, પાટણ, જિ. પાટણ
ફોન નં. 02766 - 226782

## બનાસકાંઠા

સરકારી કુમાર છાત્રાલય
આરટીઓ ઓફિસ પાસે, અંબાજી-દાંતા
હાઈવેરોડ, ગેસ ગોડાઉન પાસે,
પાલનપુર ફોન નં. 02742 - 254319

સરકારી કુમાર છાત્રાલય,
યુનીટ-2, આરટીઓ ઓફિસ પાસે,
અંબાજી-દાંતા હાઈવે રોડ, ગેસ ગોડાઉન
પાસે, પાલનપુર

ફોન નં. 02742 - 254319
સરકારી કન્યા છાત્રાલય, પાલનપુર
ગઠામણ ગેટ, પાલનપુર
ફોન નં. 02742 - 254319

સરકારી કન્યા છાત્રાલય
આ.નિશા (વિકસતી જાતિ)ના મકાન
બાજુમાં, કોલેજ રોડ, તા. થરાદ,
જિ.બનાસકાંઠા
ફોન નં. 02742-254319

### સાબરકાંઠા

સરકારી કુમાર છાત્રાલય
બાયપાસ રોડ, સર્કિટ હાઉસની પાછળ,
નવી જિલ્લા પંચાયત કચેરીની સામે, ,
હિંમતનગર, જિ.સાબરકાંઠા

સરકારી કુમાર છાત્રાલય
રામ ટેકરી, વિજયનગર સોસાયટી, ઈડર,
જિ.સાબરકાંઠા

### સુરેન્દ્રનગર

સરકારી કુમાર છાત્રાલય
ખમીસણા-વઢવાણ કલ્પના નિવાસ,
જૂના નારી કેન્દ્ર પાસે, અલ્કાપુરી ચોક,
સુરેન્દ્રનગર, જિ.સુરેન્દ્રનગર
ફોન નં. 02752 - 283589

સરકારી કન્યા છાત્રાલય
માનવ મંદિર રોડ, મુ. વઢવાણ,
જિ.સુરેન્દ્રનગર
ફોન નં. 02752 - 283589

સરકારી કુમાર છાત્રાલય
સદગુરૂકૃપા, શીવ આશિષ સોસાયટી,
બસ સ્ટેન્ડ પાછળ, લીંબડી, જિ.સુરેન્દ્રનગર
ફોન નં. 02752 - 283589

### રાજકોટ

મહાત્મા ગાંધી કુમાર છાત્રાલય
ન્યારી ફિલ્ટર પ્લાન્ટ પાસે, કાલાવાડ રોડ,
રાજકોટ

સરકારી કુમાર છાત્રાલય
ન્યારી ફિલ્ટર પ્લાન્ટ પાસે, કાલાવાડ રોડ,
રાજકોટ

સરકારી કુમાર છાત્રાલય (પી.જી.)
મ.ગાં.છા.ના મકાનમાં કાલાવડ રોડ,
રાજકોટ

ડૉ. બી. આર. આંબેડકર કન્યા છાત્રાલય
યુનિટ- 1 , કાલાવડ રોડ, કોસ્મો પ્લેક્સ
સિનેમા સામે, જિ. રાજકોટ

સરકારી કન્યા છાત્રાલય, રાજકોટ યુનિટ-
1, જિ.રાજકોટ (જિલ્લા કક્ષાનું) વિનોદ,
કરણપરા-2 બસ સ્ટેન્ડ પાછળ, રાજકોટ.
ફોન નં. 0281 - 2444902

સરકારી કન્યા છાત્રાલય, રાજકોટ યુનિટ-
3, આ. નિ. શાળાના મકાનમાં કાલાવડ રોડ,
જિ.રાજકોટ

સરકારી કુમાર છાત્રાલય
પોલીસ સ્ટેશન પાછળ, મુ. તા. ગોંડલ,
જિ.રાજકોટ.
ફોન નં. 0281 - 2444902

## જામનગર

સરકારી કુમાર છાત્રાલય
સાધના કોલોની સામે, રણજીત સાગર રોડ,
જામનગર
ફોન નં. 0288 - 2570017

સરકારી કન્યા છાત્રાલય
સાધના કોલોની, રણજીત સાગર રોડ,
જામનગર
ફોન નં. 0288 - 2570017

## ભાવનગર

સરકારી કુમાર છાત્રાલય
વિક્ટોરિયા પાર્ક, હિમાલય મોલ તથા
ઈસ્કોન પેટ્રોલ પંપ, ભાવનગર
ફોન નં. 0278 - 2512237

સરકારી છાત્રાલય (પી.જી.)
સરદાર પટેલ સોસાયટી, જવેલર્સ સર્કલ
પાસે, પ્લોટ નં.2, ભાવનગર.
ફોન નં. 0278-2512237

સરકારી કન્યા છાત્રાલય
સ્વ. ડી.આર. મકવાણા સ્મૃતિ ટ્રસ્ટનું મકાન,
મેઘાણી સર્કલ પાસે, રબ્બર ફેકટરી પાછળ,
ભાવનગર, જિ.ભાવનગર

સરકારી કુમાર છાત્રાલય
ગારિયાધાર કોલેજ પાસે, ગારિયાધાર,
ભાવનગર
ફોન નં. 0278 - 2515729

સરકારી કન્યા છાત્રાલય
વડલી, મહુવા, જિ. ભાવનગર
ફોન નં. 0278 - 2515729

## જૂનાગઢ

ડૉ. આંબેડકર કુમાર છાત્રાલય - યુનિટ-1,
જૂનાગઢ
કેવડાવાડી રેલ્વે સ્ટેશન પાસે, જિ. જૂનાગઢ

સરકારી કન્યા છાત્રાલય, જૂનાગઢ
શશીકુંજ રોડ, કર્મયોગ એપાર્ટમેન્ટ સામે,
સરદાર બાગ પાછળ, જૂનાગઢ

સરકારી કુમાર છાત્રાલય કેશોદ
અક્ષયગઢ રોડ, એન.પી. કૉલેજ, કેશોદ

સરકારી કુમાર છાત્રાલય
જોષીપુરા - યુનિટ-2, જિ. જૂનાગઢ

અજમેરી પાર્ક, સરદાર બાગ પાછળ,
શેરી નં.8, જૂનાગઢ.

સરકારી કન્યા છાત્રાલય, યુનિટ-2,
જૂનાગઢ

વિષ્ણુલક્ષ્મી એપાર્ટમેન્ટ, બિલ્ડિંગ નં.2,
નવા નાગરવાડા, તાલુકા શાળા પાછળ,
જૂનાગઢ

## અમરેલી

સરકારી કુમાર છાત્રાલય
સાવરકુંડલા રોડ, રેલ્વે ક્રોસિંગ પાસે,
અમરેલી
ફોન નં. 02792 - 223449

સરકારી કન્યા છાત્રાલય
ટેકનિકલ શિક્ષણ કેમ્પસ, લાઠીરોડ,
અમરેલી
ફોન નં. 02792 - 223449

સરકારી કન્યા છાત્રાલય
કમલમ, આડી શેરી ચોક, સાવરકુંડલા,
જિ.અમરેલી
ફોન નં. 02792 - 223449

સરકારી કન્યા છાત્રાલય
મેઘાણીનગર, મારૂતિનગર પાસે, બગસરા,
જિ. અમરેલી
ફોન નં. 02792 - 223449

સરકારી કન્યા છાત્રાલય
ઘનશ્યામ નગર ઘાસવડી પાસે, ભૂજ.
ફોન નં. 02832 - 220921

સરકારી કુમાર છાત્રાલય, આદીપુર,
જિ.કચ્છ (ગાંધીધામ) શિનોઈ, તા.
ગાંધીધામ. ફોન નં. 02832 - 220621

સરકારી કુમાર છાત્રાલય
ગણેશનગર કોમર્સ કોલેજ પાછળ,
હીલ ગાર્ડન પાસે, ભૂજ
ફોન નં. 02832 - 220921

સરકારી છાત્રાલય
તા. પં. કચેરી સામે, સ્ટેશન રોડ, નલીયા,
તા. અબડાસા, જિ.કચ્છ
ફોન નં. 02832 - 220621

સરકારી કુમાર છાત્રાલય
જૂના બંદર રોડ, તા.મુન્દ્રા, જિ.કચ્છ
ફોન નં. 02832 - 220921

સરકારી કુમાર છાત્રાલય
શેઠ કે.વી. હાઈસ્કૂલ સામે, માતાના મઢ રોડ
હાઈવે, નખત્રાણા, જિ.કચ્છ
ફોન નં. 02832 - 220621

સરકારી કુમાર છાત્રાલય
મામલતદાર કચેરી સામે, માંડવી, જિ.કચ્છ
ફોન નં. 02832 - 220621

## પોરબંદર

સરકારી કન્યા છાત્રાલય
સાંદિપની આશ્રમની બાજુમાં, એરપોર્ટ રોડ,
જિ.પોરબંદર

સરકારી કુમાર છાત્રાલય
શ્રીરામ પેટ્રોલ પંપ સામે, નેશનલ હાઈવે,
પોરબંદર-છાયા, પોરબંદર

## મહીસાગર

સરકારી કન્યા છાત્રાલય
સુંદર હોલ, લાયબ્રેરી સામે, લુણાવાડા,
જિ.મહીસાગર

સરકારી કુમાર છાત્રાલય,
મોટા સોનાલા, લુણાવાડા, જિ. મહિસાગર.

## મોરબી

સરકારી કુમાર છાત્રાલય
શોભેશ્વર રોડ, માળીયા નેશનલ હાઈવે,
વિકાસ વિધાલયની બાજુમાં,
મોરબી, જિ.મોરબી
ફોન નં. 02822 -242224

## અરવલ્લી

સરકારી કુમાર છાત્રાલય
માલપુર રોડ, સાઇલા બ્લોક ફેકટરી પાસે,
મોડાસા, જિ.અરવલ્લી

સરકારી કુમાર છાત્રાલય,
આઈ.ટી.આઈ. પાસે, ગોબર રોડ, બાયડ
જિ.અરવલ્લી.

સરકારી કન્યા છાત્રાલય
રિધ્ધિ સિધ્ધિ કોમ્પ્લેક્ષ, ગણપત રોડ, ડીપ
વિસ્તાર, મોડાસા

સરકારી કન્યા છાત્રાલય, ગોધરા,
જિ.પંચમહાલ

આશિષનગર સોસાયટી
ગોધરા સરકારી કન્યા છાત્રાલય,
સરકારી આઈ.ટી.આઈ. નજીક,
જાફરાબાદ, ગોધરા-પંચમહાલ
ફોન નં. 02672 - 241497

## દાહોદ

સરકારી કન્યા છાત્રાલય,
રાઘવ હોસ્ટેલ, ગોદી રોડ, દાહોદ.
ફોન નં. 02673 - 239248

## બોટાદ

સરકારી કન્યા છાત્રાલય
જી. આઈ. ડી. સી., ત્રિકોણી ખોડીયાર સામે.
પાળિયાદ રોડ, બોટાદ
ફોન નં. 02849 - 271390

સરકારી કન્યા છાત્રાલય
જી. આઈ. ડી. સી., ત્રિકોણી ખોડીયાર સામે.
પાળિયાદ રોડ, બોટાદ
ફોન નં. 02849 - 271390

## વેરાવળ

સરકારી કુમાર છાત્રાલય
હરસિધ્ધ સોસાયટી ફાટક પાસે, વેરાવળ

સરકારી કન્યા છાત્રાલય,વેરાવળ
આસ્થાધામ હુડકો સોસાયટી, વેરાવળ

# નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી હસ્તકની ઓનલાઈન યોજનાઓની યાદી

ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ પર:
https://esamajkalyan.gujarat.gov.in

1. કુંવરબાઈનું મામેરૂ યોજના
2. માઈ રમાબાઈ સાત ફેરા સમૂહલગ્ન યોજના
3. ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના
4. ડૉ.આંબેડકર આવાસ યોજના
5. સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના
6. વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટેની લોન
7. કોમર્શિયલ પાયલોટ તાલીમ લાયસન્સ માટે લોન યોજના
8. ડૉ. પી. જી. સોલંકી અનુસૂચિત જાતિના કાયદા સ્નાતકોને નાણાંકીય સહાય યોજના (સ્ટાઇપેન્ડ)
9. ડૉ. પી. જી. સોલંકી અનુસૂચિત જાતિના કાયદા સ્નાતકોને નાણાંકિય લોન/ સહાય યોજના
10. ડૉ. પી. જી. સોલંકી અનુસૂચિત જાતિના તબીબી સ્નાતક કક્ષાના ડૉક્ટરોને લોન/સહાય યોજના
11. ડૉ. પી.જી.સોલંકી અનુસૂચિત જાતિના તબીબી અનુસ્નાતક કક્ષાના ડૉક્ટરોને લોન/સહાય યોજના
12. વ્યવસાયનું સ્થળ / દુકાન ખરીદવા માટેની લોન (દુકાન સહાય યોજના)
13. ખેતીની જમીન ખરીદવા માટે નાણાંકીય સહાય મેળવવાની યોજના
14. નિયામક અનુસૂચિત જાતિ આશ્રમશાળા સંચાલન (MIS)
15. નિયામક અનુસૂચિત જાતિ છાત્રાલય સંચાલન (MIS)
16. સરકારી છાત્રાલય ઓનલાઇન પ્રવેશ
17. આદર્શ નિવાસી શાળા ઓનલાઇન પ્રવેશ
18. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને NEET, JEE, GUJCET પરીક્ષાની પૂર્વ તૈયારી માટે કોંચિંગ સહાય યોજના
19. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને IIM, NIFT & CEPT પરીક્ષાની પૂર્વ તૈયારી માટે કોંચિંગ સહાય યોજના
20. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ભરતી પરીક્ષાઓની પૂર્વ તૈયારી માટે કોચિંગ આપવા માટેની યોજના
21. ધોરણ 11 અને 12 સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતા અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને ખાનગી ટ્યુશન સહાય (BCK-7)

## ડિજિટલ ગુજરાત પોર્ટલ પર:
https://www.digitalgujarat.gov.in

1. પરિક્ષિતલાલ મજમુદાર પ્રિ-SSC શિષ્યવૃત્તિ (BCK-2/71)
2. ધોરણ 1 થી 8 માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિના વિદ્યાર્થીઓને ખાસ શિષ્યવૃત્તિ (BCK-17)
3. ધોરણ 9-10માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિના વિદ્યાર્થીઓને ખાસ શિષ્યવૃત્તિ (BCK-17A)
4. બાલવાટિકા તેમજ ધોરણ 1 થી 8માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગણવેશ સહાય (BCK-16/16-A)
5. ભારત સરકારની મુનિ મેતરાજ સ્વચ્છતાના વ્યવસાયમાં રોકાયેલા વાલીઓના બાળકોને પ્રિ-SSC શિષ્યવૃત્તિ (BCK-4)
6. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ભારત સરકારની પ્રિ-SSC શિષ્યવૃત્તિ ( ધોરણ 9 અને 10) (BCK-35 (239))
7. અનુસૂચિત જાતિની ધોરણ 9માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને મફત સાયકલ ભેટ (BCK-6)
8. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ભારત સરકારની પોસ્ટ-SSC શિષ્યવૃત્તિ (BCK-6.1)
9. કોલેજ સંલગ્ન છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ફુડબિલ સહાય (BCK-10)
10. મહારાજા સયાજીરાવ ગાયકવાડ M. Phil & Ph.D. ના વિદ્યાર્થીઓને મહાનિબંધ માટે સહાય (BCK-11)
11. મેડિકલ, એન્જીનીયરીંગ અને ડિપ્લોમામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સાધન ખરીદવા સહાય (BCK-12)
12. યાંત્રિક અને ITI માં વ્યવસાયિક અભ્યાસ માટે સ્ટાઇપેન્ડ (BCK-13)
13. રૂ. 2.50 લાખથી વધુ આવક ધરાવતા કુટુંબની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીનીઓને રાજ્ય સરકારની પોસ્ટ-SSC શિષ્યવૃત્તિ (BCK-5)
14. ધોરણ 11 અને 12 વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને ખાનગી ટ્યુશન સહાય (BCK-7)
15. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ટેબ્લેટ (BCK-353)

# અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સમુદાયના વ્યક્તિઓની વિરુદ્ધ અત્યાચાર નિવારણ માટે હેલ્પલાઈન

**14566**

**કોલ ટોલ ફ્રી**

**1800 202 1989**

## અત્યાચાર વિરુદ્ધ રાષ્ટ્રીય હેલ્પલાઈન

અનુ.જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારા નિયમો-2016ના એનેક્ષર-1 નિયમોના નિયમ-12 (4) મુજબ અનુસૂચિત જાતિઓ પર થતા અત્યાચારના બનાવોમાં ગુનાના પ્રકાર અને કલમો મુજબ આર્થિક સહાય આપવામાં આવે છે

| વિગત | સહાય | |
|---|---|---|
| ખૂન/મૃત્યુ | કમાઉ/ બિન કમાઉ | રૂ.8.25 લાખ |
| કાયમી અશક્તતા | 100 ટકા અશક્તતા | રૂ.8.25 લાખ |
| | 51-99 ટકા સુધીની અશક્તતા | રૂ.4.50 લાખ |
| | 50 ટકાથી ઓછી અશક્તતા | રૂ.2.50 લાખ |
| ગેંગરેપ | રૂ.8.25 લાખ | |
| બળાત્કાર | રૂ.5.00 લાખ | |
| ઈજા | રૂ.1.00 લાખ | |

અમે આપની સેવામાં

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર**







https://gujaratinformation.gujarat.gov.in/Publication/25
પ્રકાશક : માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
પ્રોસેસિંગ અને મુદ્રણ: સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ.